सत्यमेव जयते
GOVERNMENT OF GUJARAT

NAYARA ENERGY

GCERT

# 5th District Level Educational Innovation Festival 2019-20

: પ્રેરણા :

સી. ટી. ટુંડિયા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર.

ડૉ. ટી. એસ. જોષી
નિયામક
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
ગાંધીનગર

NAVTAR
CENTRE FOR
INNOVATIONS IN EDUCATION
A GCERT INITIATIVE

: લેખન અને સંપાદન :

ડૉ. પંકજ આઇ. પરમાર
સિનિયર લેક્ચરર અને ડિસ્ટ્રીક્ટ ઇનોવેશન સેલ કો. ઓ.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.

# અભિનવ

## શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ

**જિલ્લા કક્ષાનો પાંચમો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ**
**તારીખ ૩–૪ જાન્યુઆરી, ૨૦૨૦**

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**સુરેન્દ્રનગર**



ItoWE
Development Foundation

Scanned with OKEN Scanner

सत्यमेव जयते
GOVERNMENT OF GUJARAT

NAYARA
ENERGY

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ – ગાંધીનગર અને
નયારા એનર્જી લિ. પ્રેરિત
શ્રી ઝવેરચંદ મેઘાણી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન– સુરેન્દ્રનગર
આયોજિત

# 5th District Level Educational Innovation Festival 2019-20

# અભિનવ

## શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ

જિલ્લા કક્ષાનો પાંચમો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ
તારીખ ૩-૪ જાન્યુઆરી, ૨૦૨૦

**: પ્રેરણા :**

**સી. ટી. ટુંડિયા**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર.

**ડૉ. ટી. એસ. જોષી**
નિયામક
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
ગાંધીનગર

**: લેખન અને સંપાદન :**

**ડૉ. પંકજ આઇ. પરમાર**
સિનિયર લેક્ચરર અને ડિસ્ટ્રીક્ટ ઇનોવેશન સેલ કો. ઓ.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.

ToWE
Development Foundation



Scanned with OKEN Scanner

# નવાચારનું પંચામૃત



આદરણીય સારસ્વત ભાઈઓ-બહેનો, સૌને સહૃદય વંદન...

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) સુરેન્દ્રનગર દ્વારા આયોજિત જિલ્લાનો આ પાંચમો નવાચાર મેળો (Innovation Fair) યોજી રહ્યા છીએ. પાંચમાં નવાચારમાં આપ સૌને પંચામૃતનું આચમન કરાવીએ છીએ.

નવાચારને ઘણીવાર સમસ્યાઓના સારા ઉકેલના ઉપકરણ તરીકે જોવામાં આવે છે. જે નવી જરૂરિયાતો, અનાધિકૃત જરૂરિયાતો અને બજારની નવી જરૂરિયાતોને પૂર્ણ કરે છે. વિચાર કે શોધની પ્રક્રિયા જે વસ્તુ કે સેવામાં રૂપાંતર થઈને મૂલ્ય સર્જે છે, જેના માટે ગ્રાહકે કિંમત ચૂકવવી પડે છે.

વ્યવસાયમાં નવાચાર ઘણીવાર સારા પરિણામો લાવે છે, જ્યારે કંપની દ્વારા ગ્રાહકની અપેક્ષાઓ અને જરૂરિયાતો સંતોષવા નવા વિચાર અમલમાં મૂકવામાં આવે છે. નવાચાર તેના આધુનિક અર્થમાં ''નવો વિચાર, સર્જનાત્મક વિચારો, સાધન અથવા પદ્ધતિના સ્વરૂપમાં નવી કલ્પનાઓ'' છે. (Innovation is a "New Idea, Creative thoughts, New imaginations in foem of device or method.")

વર્ગખંડના શિક્ષણકાર્યમાં આપણે ઉપરોક્ત બાબતોને જો સામેલ કરીએ, ઉપયોગ કરીએ તો શિક્ષણમાં અને ગુણવત્તા સુધારણા કાર્યમાં બેખૂબ પરિણામો પ્રાપ્ત કરી શકીએ છીએ. તમે ઇચ્છિત પરિણામ પ્રાપ્ત કરવા માટે નવીન અભિગમ ક્યારેક અપનાવશો તો તમારા અભિગમનું વર્ણન કે અભિગમ અસરકારક બની રહે છે.

આ નવાચારનું પ્રત્યાયન આપ સૌના વર્ગખંડમાં ખૂબ જ ઉપયોગી બની રહેશે તેની શ્રદ્ધા વ્યક્ત કરું છું. આપણાં જ જિલ્લાના શિક્ષકો કે જે વર્ગખંડમાં નવાચારને સામેલ કરી શિક્ષણકાર્ય કરાવે છે તેના શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત થયાં છે. આપ સૌ પણ અહીં જે કાંઇ નિહાળ્યું છે તે આપના વર્ગખંડના અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયા ક્રિયાન્વિત થશે તેવી અખુટ શ્રદ્ધા સાથે આપ સૌને શુભેચ્છાઓ પાઠવું છું.

નવાચારનું પાંચમું પ્રદર્શન ડૉ. પંકજભાઇ પરમારના માર્ગદર્શક નીચે યોજાઇ રહ્યું છે ત્યારે તેમને પણ શુભેચ્છાઓ પાઠવું છું.

આપનો વિશ્વાસુ

**- સી. ટી. ટૂંડિયા**

પ્રાચાર્ય

જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સુરેન્દ્રનગર.



Scanned with OKEN Scanner



# શિક્ષણમાં અભિનવ....

શિક્ષણ વિભાગ - ગુજરાત રાજ્ય, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) - ગાંધીનગર, નયારા એનર્જી અને આઇ.ટુ.વી.ડેવલોપમેન્ટ ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) - સુરેન્દ્રનગરમાં ઇનોવેશન સેલ કાર્યરત છે.

આ સેલ અંતર્ગત જીલ્લાની સરકારી શાળાઓમાં શિક્ષકો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જે કંઇ નવતર પ્રયોગો કરતાં રહેલા છે અને ગુણવત્તા સુધારણા માટેનો તેમનો નિષ્ઠાપૂર્વકનો સાત્વિક પ્રયાસ છે તે શિક્ષકોના શિક્ષકત્વને વંદન કરવા - બિરદાવવા માટે અને આ અભિનવ પ્રયોગના પ્રચાર - પ્રસારની કામગીરી કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૫-૧૬ માં જીલ્લા કક્ષાના પ્રથમ ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ શિક્ષકો, વર્ષ ૨૦૧૬-૧૭ માં ૬૯ શિક્ષકો, વર્ષ ૨૦૧૭-૧૮ માં ૫૯ શિક્ષકો, વર્ષ ૨૦૧૮-૧૯ માં ૪૪ શિક્ષકોએ ભાગ લીધો હતો. આ વર્ષે પ્રાથમિક વિભાગમાંથી ૫૨ અને માધ્યમિક - ઉચ્ચ માધ્યમિક વિભાગોમાંથી ૫ શિક્ષકો એમ કુલ મળીને ૫૭ શિક્ષકો પોતાની શાળામાં બાળકોના સર્વાંગી વિકાસ માટે કરેલ અભિનવ પ્રયોગો રજુ કરશે અને તેમને પ્રોત્સાહિત કરવામાં આવશે.

શાળાના વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને શીખવા - શીખવવા માટેની સરળ રીત, નવીન પદ્ધતિ - પ્રયુક્તિ, સહાયક સામગ્રીનું નિર્માણ, વિવિધ વિષયોની શૈક્ષણિક ઉપલબ્ધિ સંદર્ભેની પ્રવૃત્તિ, પ્રજ્ઞા પ્રોજેક્ટ, કન્યા કેળવણી, બાળકોના નામાંકન સ્થાયીકરણ માટેના પ્રયાસ, બાળકના વિકાસમાં ગ્રામજનોની સહભાગીદારીતા તેમજ આર.ટી.આઇ. એક્ટના હેતુઓ સંદર્ભે કામગીરી કરેલ હોય એટલે કે અધ્યાપન પ્રક્રિયા માટે જરૂરી સામગ્રી કે વાતાવરણનું નિર્માણ કે જે જૂની પદ્ધતિ - પ્રયુક્તિથી અલગ છે અને તે બાળકોના અભ્યાસને પ્રભાવિત કરે છે, આ પ્રકારના અભિનવ પ્રયોગોનો પ્રસ્તુત 'અભિનવ' દસ્તાવેજમાં સમાવેશ કરેલ છે. સમાવિષ્ટ તમામ ગુરુજનોને ખુબ ખુબ અભિનંદન.

આપનો અભિનવ પ્રયોગ સમગ્ર શિક્ષણ સમાજ માટે દિશાસૂચક બની રહે તેવી શુભેચ્છા...

આપનું ઇનોવેશન www.gcertnavtar.in પર અને બુકના પાછળના પૃષ્ઠ પર આપેલ **QR Code** સ્કેન કરીને પણ ઓનલાઇન ભરી શકાશે.

**- ડૉ. પંકજ આઇ. પરમાર**
સિનિયર લેક્ચરર અને ડીસ્ટ્રીક્ટ ઇનોવેશન સેલ કો. ઓ.
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સુરેન્દ્રનગર.
મોબાઇલ નંબર : ૯૮૭૯૮ ૯૪૦૧૮



Scanned with OKEN Scanner

# અનુક્રમણિકા


| ક્રમ | શિક્ષકનું નામ | ઈનોવેશનનું શિર્ષક | પેજ નં. |
|---|---|---|---|
| ૧ | ડૉ. દિપકકુમાર રતિલાલ મહેતા | ગણિત - વિજ્ઞાન પર્યાવરણ સભા | ૧ |
| ૨ | સુરેશભાઇ બાબુભાઇ ધોરિયા | પ્રોજેક્ટ વર્ક | ૨ |
| ૩ | વિરેન્દ્રસિંહ વિક્રમસિંહ રાણા | બચત બેંક થકી પ્રવાસ | ૩ |
| ૪ | હેતલબેન નરેન્દ્રભાઇ પટેલ | પપેટ શૉ દ્વારા વૃક્ષોનું મહત્ત્વ | ૪ |
| ૫ | ધ્વનિબેન એ. મેંઢા | Digital Mirror | ૫ |
| ૬ | જે. વી. પારજિયા | શાળાની સ્વયં બેંક | ૬ |
| ૭ | રિતેશભાઇ કિરીટભાઇ વાઘેલા | રામાનુજ ગણિત મંડળ | ૭ |
| ૮ | મહાવીરભાઇ અદેસંગભાઇ જાદવ | સોશિયલ સાયન્સની માસ્ટર ટ્રીક | ૮ |
| ૯ | મીરાબેન આર. ગોસ્વામી | ગમ્મત સાથે ગુજરાતી | ૯ |
| ૧૦ | પુનમબેન બી. રાવલ | 3D Teaching of English | ૧૦ |
| ૧૧ | હેતલબેન જયંતિભાઇ પરમાર | વિજ્ઞાન વિષયક પ્રવૃત્તિ દ્વારા અધ્યયન | ૧૧ |
| ૧૨ | નિલેશકુમાર હરિલાલ કાવર | સુત્રોની સાથે સાથે | ૧૨ |
| ૧૩ | મુકેશભાઇ પી. જાદવ | એકમ પૂરો કરી ઇનામ જીતો | ૧૩ |
| ૧૪ | અતુલકુમાર વાલજીભાઇ ડામોર | જીવનમાં રમતનું મહત્ત્વ | ૧૪ |
| ૧૫ | શંકરભાઇ પ્રાગજીભાઇ કણઝરિયા | સામાજિક વિજ્ઞાનમાં શોર્ટકટ કીનો ઉપયોગ | ૧૫ |
| ૧૬ | સંજયકુમાર ડી. પરમાર | મુલ્ય શિક્ષણ | ૧૬ |
| ૧૭ | નયનાબેન આર. રાણા | मैं बढ़ुंगी | ૧૭ |
| ૧૮ | ભાવેશભાઇ બળદેવભાઇ ધોળકીયા | ડીજીટલ ચેનલ (સામાજિક વિજ્ઞાન) ALFA PLUS TECH | ૧૮ |
| ૧૯ | સંદિપકુમાર રમેશભાઇ રાજપરા | ભાગુસબા મશીન | ૧૯ |
| ૨૦ | દિનેશભાઇ આર. રાઠોડ | ચાલો આદર્શ બનીએ | ૨૦ |
| ૨૧ | વિપુલકુમાર નાનજીભાઇ સભાણી | અભ્યાસમાં રસ રૂચિ વધે એ માટે ટી.એલ.એમ. નિર્માણ | ૨૧ |
| ૨૨ | વિરલકુમાર પ્રવિણચંદ્ર વ્યાસ | ગણિત પૂરક સાહિત્ય | ૨૨ |
| ૨૩ | વિષ્ણુભાઇ સી. પ્રજાપતિ | બાળકોમાં અક્ષર સુધારણા | ૨૩ |
| ૨૪ | ઉષાબેન ગોપાલભાઇ સોલંકી | રમતા રમતા ગણિત - પ્રજ્ઞા | ૨૪ |
| ૨૫ | મહિપાલસિંહ સજ્જનસિંહ જેતાવત | ICT નો શૈક્ષણિક ઉપયોગ | ૨૫ |
| ૨૬ | રીનાકુંવરબા સી. ઝાલા | સંવેદના સાથેનો સંવાદ | ૨૬ |
| ૨૭ | ઉદયકુમાર ભીખાલાલ મકવાણા | હસ્તાક્ષર સુધારણા અભિયાન | ૨૭ |
| ૨૮ | વીરમભાઇ નાનુભાઇ ડાંગર | મારી શાળા, હરિયાળી શાળા, ગમતી શાળા | ૨૮ |
| ૨૯ | રમેશચંદ્ર સી. મુલિયા | ધોરણ-૪ માં ચિત્ર પરથી વાંચન (હિન્દી) | ૨૯ |




Scanned with OKEN Scanner

# અનુક્રમણિકા


| ક્રમ | શિક્ષકનું નામ | ઈનોવેશનનું શિર્ષક | પેજ નં. |
|---|---|---|---|
| ૩૦ | ચિરાગકુમાર બી. લખતરીયા | હાજરી ધ્વજ | ૩૦ |
| ૩૧ | જયશ્રીબેન રાજેન્દ્રભાઇ મકવાણા | Making English Easy... | ૩૧ |
| ૩૨ | હિતેષકુમાર કિશોરભાઇ પંડ્યા | કુદરતી અને રાષ્ટ્રિય સંપત્તિની જાણકારીને જાળવણી દ્વારા જાગૃતિ લાવવી. | ૩૨ |
| ૩૩ | લાલજીભાઇ ભવાનભાઇ પંચાલ | બાળસાહિત્ય ભેટ પુસ્તિકા | ૩૩ |
| ૩૪ | અજીતભાઇ એસ. ચાવડા | બનો ગણિતના બાદશાહ | ૩૪ |
| ૩૫ | મુકેશભાઇ કે. રાઠોડ | ગુજરાતી વ્યાકરણની રસ મધુરતા | ૩૫ |
| ૩૬ | કલ્પેશકુમાર ત્રિભોવનભાઇ કાવર | ચાલો પાકું કરીએ | ૩૬ |
| ૩૭ | ચંપકભાઇ સી. કાનાણી | ગામનો સાથ શાળાનો વિકાસ | ૩૭ |
| ૩૮ | સુરેશભાઇ ઘનશ્યામભાઇ સુતરીયા | મારા દેશની માહિતી મારા નકશામાં | ૩૮ |
| ૩૯ | હર્ષિત અનિલકુમાર શુક્લ | પ્રજ્ઞા પૂરક કાર્ડ | ૩૯ |
| ૪૦ | ભાવનાબેન અમૃતલાલ મેંઢા | ચાલો કઠપૂતળી (પપેટ)નો શિક્ષણમાં ઉપયોગ કરીએ. | ૪૦ |
| ૪૧ | ભારતીબેન ગણેશભાઇ પરમાર | સામાજિક વિજ્ઞાનને સરળ બનાવીએ | ૪૧ |
| ૪૨ | રોહિતકુમાર કિશોરચંદ્ર ઝોલાપરા | Important Documents (અગત્યના ડોક્યુમેન્ટ) | ૪૨ |
| ૪૩ | પરાગભાઇ હસમુખરાય દવે | Moral Stories | ૪૩ |
| ૪૪ | બાબુભાઇ ઉકાભાઇ ધોડકિયા | કાગળમાંથી કેળવણી | ૪૪ |
| ૪૫ | પ્રવિણચંદ્ર એન. સાતુનિયા | પ્રવાસ એટલે દર્શન, જ્ઞાન અને પરિભ્રમણનો ત્રિવેણી સંગમ | ૪૫ |
| ૪૬ | પ્રવીણભાઇ કાળુભાઇ રેથળીયા | સૌની ભાગીદારી - શાળા વિકાસ તથા કન્યા કેળવણી | ૪૬ |
| ૪૭ | નરેન્દ્રભાઇ રતનશીભાઇ ચૌહાણ | મૂલ્યલક્ષી શિક્ષણ | ૪૭ |
| ૪૮ | લીના જી. વાઘેલા | વિવિધ રાજ્યોની માહિતીનું સરલીકરણ | ૪૮ |
| ૪૯ | કૌશિકકુમાર પી. પ્રજાપતિ | ફરતી પુસ્તક પરબ - માતૃભાષા અભિયાન | ૪૯ |
| ૫૦ | કેતનકુમાર રજનીકાંતભાઇ ગદાણી | એક જ લક્ષ્ય - બાળકોનો સર્વાંગી વિકાસ | ૫૦ |
| ૫૧ | હરિઓમગીરી દેવગીરી ગૌસ્વામી | ગણિત એક અનોખી પૂર્વતૈયારી | ૫૧ |
| ૫૨ | પ્રિયંક વિનોદભાઇ નિમાવત | Hi Siri | ૫૨ |
| ૫૩ | નીતીનભાઇ બી. પંચાલ | Let's Read English | ૫૩ |
| ૫૪ | યાસ્મિનબેન હુસેનભાઇ વંથલા | પ્રવૃત્તિ-પ્રોજેક્ટ દ્વારા સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ | ૫૪ |
| ૫૫ | જયેશકુમાર નાથાલાલ પઢારીયા | સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ થકી અનિયમિતતામાંથી નિયમિતતામાં પરિવર્તન અને શાળાના ડીજિટલ માધ્યમથી નવીન પ્રવૃત્તિઓનો પ્રચાર-પ્રસાર. | ૫૫ |
| ૫૬ | મીરાં પ્રવિણચંદ્ર ચૌહાણ | મારી સાથે મારો ગણિત ભોમિયો | ૫૬ |
| ૫૭ | દેવશીભાઇ કાનજીભાઇ રાતડીયા | સઘન વાલી સંપર્ક અભિયાન | ૫૭ |




Scanned with OKEN Scanner



ઇનોવેશનનું નામ : **ગણિત - વિજ્ઞાન-પર્યાવરણ સભા**

શિક્ષકનું નામ : **ડો. દિપકકુમાર રતિલાલ મહેતા**

Mobile : 9898731936

Email : dipakmehta1978@gmail.com

શાળાનું નામ : **શ્રી જેપર પ્રા. શાળા, તા.ચુડા**

**હેતુઓ :**

(૧) બાળકોમાં ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ વિષયમાં રસ રૂચી વધે.
(૨) બાળકોમાં વ્યક્તિત્વ વિકાસ થાય.
(૩) બાળકોમાં મુલ્ય કૌશલ્ય વિકશે.
(૪) બાળકો પુસ્તકાલયનો ઉપયોગ કરે.
(૫) બાળકો ટેક્નોલોજીનો ઉપયોગ કરે.
(૬) સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકારની મૌખિક ગણતરી કરતા થાય.

**કાર્ય પદ્ધતિ :**

જેપર પ્રાથમિક શાળામાં જ્યારે એકમ કસોટી દર શનિવારે નહોતી લેવામાં આવતી ત્યારે દર શનિવારે શાળાની પ્રાર્થનાસભામાં ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ સભા યોજવામાં આવતી હતી. એકમ કસોટી શરૂ થઇ ત્યારબાદ શાળામાં ઓછામાં ઓછી એક માસમાં ૨ ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ સભાનું આયોજન શનિવારની જગ્યાએ અન્ય વારે શાળાના આયોજન મુજબ અલગ વારે યોજવામાં આવી રહી છે. આ ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ સભામાં ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ જેવા મુખ્ય વિષયો સંદર્ભે વિવિધ ઇનોવેટીવ ૧૦ જેટલી કૃતિઓ બાળકો રજૂ કરે છે. જેવી કે,

(૧) વૈજ્ઞાનિક વિષે વકતવ્ય.
(૨) વિજ્ઞાનના પ્રયોગો.
(૩) ગણિત-વિજ્ઞાન-પર્યાવરણના ડ્રામા.
(૪) ગણિત-વિજ્ઞાનની પઝલ.
(૫) ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ વિષે જાણવા જેવું.
(૫) શોધ અને શોધક વિષે માહિતી.
(૭) ગણિત-વિજ્ઞાન-પર્યાવરણનો કોયડો.
(૬) વિજ્ઞાન માટે વપરાતા સાધનોનું નામ - ફોટો અને તેનો ઉપયોગ.
(૯) ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ વિષયના એકમની પ્રશ્નોત્તરી.
(૭) વિશેષ દિનની ઉજવણી

આ ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ સભામાં વિવિધ ઇનોવેટીવ ૧૦ કૃતિઓ માટે દરેક બાળકોને પુરતી તક મળે છે. દરેક ધોરણ પ્રમાણે દરેક ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ સભામાં કૃતિઓ બદલાતી રહે છે. દરેક ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ સભામાં ધોરણ પ્રમાણે વારો ગોઠવેલ છે.

**મૂલ્યાંકન :**

બાળકોની પ્રવૃત્તિઓનું અવલોકન કરેલ, મૌખિક પ્રશ્નોત્તરી, લેખિત કસોટીઓ વિગેરે પદ્ધતિઓથી બાળકોનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**પરિણામ :**

વ્યાખ્યા સમજ ૫૦%, સંકલ્પના સમજ ૫૫%, પ્રયોગો ૯૫%, ગાણિતિક આકારોની ઓળખ ૬૫%, ગાણિતિક કોયડાના ઉકેલો ૭૦%, પર્યાવરણની જાગૃતિ ૧૦૦%, પર્યાવરણ જાળવણી ૧૦૦%, વૃક્ષોનું મહત્ત્વ ૧૦૦%, પ્રદૂષણ જાગૃતિ ૧૦૦%, જનરલ નોલેજ ૬૦%, મૌખિક અભિવ્યક્તિ ૧૦૦%, લેખન અભિવ્યક્તિ ૮૫%, નવું કાર્ય કરવાની ક્ષમતા ૧૦૦%, સોંપેલુ કાર્ય કરવાની તત્પરતા ૧૦૦%, અવલોકન ૯૫%, વિવિધ વિષયોના એકમની પ્રશ્નોત્તરીમાં ૧૦૦%, અધ્યયન અને અધ્યાપન કાર્યમાં એકાગ્રતા ૯૫%, મોડેલ તૈયાર કરવા ૧૦૦%, પુસ્તકાલયનો ઉપયોગ ૧૦૦%, ટેકનોલોજીનો ઉપયોગ ૯૦%, સરવાળાની મૌખિક ગણતરી ૯૫%, બાદબાકીની મૌખિક ગણતરિ ૯૦%, ગુણાકારની મૌખિક ગણતરિ ૮૫%, ભાગાકારની મૌખિક ગણતરી ૮૦%, અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ ૭૦% અને વ્યક્તિત્વ વિકાસના ૪૦ મુદ્દામાં ખુબ ઉપયોગી થયું તથા બાળકોમાં વિવિધ મૂલ્યોનો વિકાસ થયો, એકમ કસોટી, સત્રાંત પરીક્ષા અને વાર્ષિક પરીક્ષાનું પરિણામ સારૂ આવવા લાગ્યું છે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **પ્રોજેક્ટ વર્ક**

શિક્ષકનું નામ : **શ્રી સુરેશભાઈ બાબુભાઈ ધોરિયા**

Mobile : 92656 04376

Email : suresh.dhoriya09@gmail.com

શાળાનું નામ : **શ્રી સી. ડી. કપાસી હાઈસ્કૂલ, ચુડા**



**હેતુઓ :**

- વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયમાં સરળતાથી નકશાઓ પૂરી શકે.
- વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયમાં નકશાપૂર્તિ સંબંધી સંજ્ઞાઓ, નિશાનીઓ ઓળખી શકે.
- વિદ્યાર્થીઓમાં જૂથ પ્રવૃત્તિ કરવાની ટેવ વિકશે.
- સામાજિક વિજ્ઞાન વિષયને સરળ અન રસપ્રદ બનાવી શકાય.
- વિદ્યાર્થીઓના ગુણમાં વધારો કરી શકાય.
- વિદ્યાર્થીઓ ભારતની રસપ્રદ માહિતી મેળવી શકે.

**કાર્ય પદ્ધતિ :**

- હું જે શાળામાં નોકરી કરૂં છું, તે શ્રી સી. ડી. કપાસી હાઇસ્કૂલ-ચુડાના બધા જ વિદ્યાર્થીઓ ગ્રામિણ વિસ્તારમાંથી અભ્યાસ કરવા માટે આવે છે. હું આ શાળામાં ધોરણ-૯ અને ધોરણ-૧૦માં સામાજિક વિજ્ઞાન વિષયમાં અભ્યાસ કરાવું છું. માધ્યમિક કક્ષાએ વર્ષની શરૂઆતમાં જ્યારે મેં નકશાપૂર્તિ માટેની ટેસ્ટ લીધી અને નકશાઓ પૂર્ણ કરવા કહ્યું ત્યારે મોટા ભાગના વિદ્યાર્થીઓ નકશાઓની સંજ્ઞાઓ, નકશા સંબંધી પારિભાષિક શબ્દો વગેરે અંગે ખૂબ જ ઓછું જ્ઞાન ધરાવતા હતાં. શાળાના શૈક્ષણિક સાધનો અભ્યાસક્રમ બદલાતાં ઉપયોગમાં લઇ શકાય તેવા ઉપયોગી હોતા નથી તેમજ ગ્રામિણ વિસ્તારના બાળકો પ્રોજેક્ટ કાર્યથી બહુ વાકેફ પણ હોતા નથી.
- આ સમસ્યાના ઉકેલ માટે મેં શાળામાં જ કાયમી અને હાલના અભ્યાસક્રમને અનુરૂપ નકશાઓ નિર્માણ થાય તે માટે આ નવો પ્રયોગ હાથ ધર્યો. આ માટે મેં શાળામાં જ પ્રોજેક્ટ પદ્ધતિ સ્વરૂપે આ નવતર પ્રયોગ અમલમાં મૂક્યો. આ માટે વિદ્યાર્થીઓની ૧ થી ૫ બાળકોની ટુકડી બનાવી નકશાઓ પ્રોજેક્ટ સ્વરૂપે બનાવવા માટે આપ્યા. જેમાં અભ્યાસક્રમને અનુરૂપ ગુજરાત અને ભારતના નકશાઓને આવરી લઇને પ્રોજેક્ટ કાર્ય કર્યું. જેમાં વિદ્યાર્થીઓએ ઇન્ટરનેટ, ફોટાઓ, ચિત્રો, નકશાઓ, મોડેલો વગેરે અંગે માહિતી આપી. જેથી વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયમાં વિવિધ સંજ્ઞાઓ, વિવિધ સ્થળો, રાજ્યો, ધાર્મિક સ્થળો, અભ્યારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાનો, નદીઓ વગેરે સંબંધી સરળ અને રસપ્રદ રીતે માહિતી પ્રાપ્ત કરી શકે.

**સાધન સામગ્રી :** કાપડ, સોય, દોરા, નકશાઓ, પેન્સિલ, સ્ટોન, સતારા, ગુંદર, સ્કેલ, પેન, સ્કેચપેન વગેરે.

**મૂલ્યાંકન :**

- વિદ્યાર્થીઓ જાતે તૈયારી કરતા થઇ ગયા.
- એકમ ટેસ્ટ અને કસોટીના ગુણમાં સુધારો થયો.
- વિદ્યાર્થીઓ નવા વિચારો વિચારવા લાગ્યા.
- વિદ્યાર્થીઓ અદ્યતન ટૅક્નોલોજીનો ઉપયોગ કરવા લાગ્યાં.
- બાળકમાં સાહસિકતાના ગુણની ખીલવણી થઈ.
- વિદ્યાર્થી ઘરે નવરાશના પળમાં અભ્યાસિક પ્રવૃત્તિ કરતો થયો.

**પરિણામ :**

- ધોરણ ૧૦ના પરિણામમાં સતત સુધારો થતો ગયો.
- સામાજિક વિજ્ઞાન વિષયને સરળ અને રસપ્રદ બનાવી શકાય.
- વિદ્યાર્થીઓમાં કૂતુહલવૃત્તિ જાગ્રત કરી શકાય છે.
- વિદ્યાર્થીઓમાં જૂથ બની કાર્ય કરવાની ટેવ પાડી શકાય. છે.
- સામાજિક વિજ્ઞાન વિષયના કઠિન એકમોને સરળ રીતે સમજાવી શકાય છે.
- સામાજિક વિજ્ઞાન વિષયમાં ગુણમાં વધારો કરી શકાય છે.
- સામાજિક વિજ્ઞાનમાં આવતી સંજ્ઞાઓ, રાજ્યો, વિવિધ સ્થળોની માહિતી અને જ્ઞાન પ્રાપ્ત થાય છે.
- બાળકમાં કૌશલ્યલક્ષી જ્ઞાન જેમ કે ભરતગૂંથણ, હસ્તકલા, જડતરકામ વગેર ખીલવી શકાય છે.
- શાળાનું પરિણામ સુધારી શકાયું.
- અન્ય શાળા માટે પણ ખૂબ જ ઉપયોગી.



Scanned with OKEN Scanner

ઈનોવેશનનું નામ : **બચત બેંક થકી પ્રવાસ**

શિક્ષકનું નામ : **રાણા વિરેન્દ્રસિંહ વિક્રમસિંહ**

Mobile : 78740 81555

Email : ranavirubha884@gmail.com

શાળાનું નામ : **શ્રી ભાથરિયા પ્રાથમિક શાળા, તા.લખતર**



### હેતુઓ :

- વિદ્યાર્થીઓમાં બચતની ટેવ કેળવાય.
- વિદ્યાર્થીઓ ખોટા ખર્ચાઓ પર નિયંત્રણ રાખે.
- વિદ્યાર્થીઓ બેન્કીંગ વ્યવસ્થાથી માહિતગાર થાય.
- વિદ્યાર્થીઓ પોતાના પૈસે પ્રવાસ કરી શકે.
- વિદ્યાર્થીઓ જાત અનુભવ દ્વારા પ્રાકૃતિક, ધાર્મિક, ઐતિહાસિક અને પૌરાણિક સ્થળો વિશે માહિતી મેળવી શકે.

### કાર્ય પદ્ધતિ :

- બચત બેંક માટે શાળાના શિક્ષકો અને આચાર્ય સાથે ચર્ચા કરવી.
- બાળકોને બચતનું મહત્ત્વ સમજાવવું.
- બાળકોને પ્રવાસનું મહત્ત્વ સમજાવવું.
- એક બેંકીંગ વ્યવસ્થા ઊભી કરવી.
- યોગ્ય સમયે બાળકોએ કરેલી બચતને ખાતા પાડી નિભાવવા.
- બચત કરેલા પૈસા માત્ર ને માત્ર પ્રવાસ માટે જ મળશે એવું સમજાવવું.
- બીજું વિદ્યાર્થીઓને પહેલેથી જ કહેવું કે જે વિદ્યાર્થી બચત બેંકથી પૈસા ભેગા કરશે તેને જ પ્રવાસમાં લઈ જવામાં આવશે.

આમ, બાળકો જાતે જ પોતાની નાની નાની બચત કરતાં થશે અને પ્રવાસની ફી જમા કરી શકશે. જેથી પૈસાના અભાવે પ્રવાસ ન જઈ શકનાર બાળક પણ પ્રવાસમાં જોડાઈ શકશે.


### મૂલ્યાંકન :

શાળામાંથી થતાં પ્રવાસમાં બચત બેંક થકી બાળકો પ્રવાસનો આનંદ લેતા થયા. બચત કરતાં થયા અને જાણવા મળ્યું કે અમુક બાળકો દિવસ દરમ્યાન ઘણા પૈસા વાપરી નાખતા હતા તે પૈસાનો દુર્વ્યય અટકવી શકતાં થયા.

### પરિણામ :

બચત બેંક થકી પ્રવાસ પ્રયોગ કરવાથી ખૂબ જ સારા પરિણામો પ્રાપ્ત થયા. જેમાં ઘણા વિદ્યાર્થીઓ પ્રવાસમાં જોડાતા થયા. અને શૈક્ષણિક, ઐતિહાસિક, ધાર્મિક, પૌરાણિક અને પ્રાકૃતિક સ્થળો વિશે જાણતા થયા. જેના પરિણામો વર્ષાવાર નીચે મુજબ છે.

| વર્ષ | પ્રવાસમાં જોડાનાર બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૫ - ૨૦૧૬ | ૧૭ |
| ૨૦૧૬ - ૨૦૧૭ | ૩૦ |
| ૨૦૧૭ - ૨૦૧૮ | ૫૨ |
| ૨૦૧૮ - ૨૦૧૯ | ૬૨ |
| ૨૦૧૯ - ૨૦૨૦ | ૫૪ |





ઇનોવેશનનું નામ : **પપેટ શો દ્વારા વૃક્ષોનું મહત્વ**

શિક્ષકનું નામ : **હેતલબેન નરેન્દ્રભાઈ પટેલ**

Mobile : 70167 33871, 94092 84827 (Whatsapp)

Email : hetalpatelsitagadh1975@gmail.com

શાળાનું નામ : **શ્રી સીતાગઢ પ્રાથમિક શાળા, તા. સાયલા, જિ.સુરેન્દ્રનગર.**

## હેતુઓ :

- વિદ્યાર્થીઓનાં આત્મવિશ્વાસમાં વધારો થાય.
- વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિનો વિકાસ થાય.
- વિદ્યાર્થીઓનાં જીવનમાં વૃક્ષોનું મહત્ત્વ, વૃક્ષોથી થતાં ફાયદા અને ઔષિધિનો વ્યવહારિક જીવનમાં ઉપયોગ વિષે સમજે છે.
- વૃક્ષોની માવજત કરતાં કરતાં વ્યક્તિગત રીતે સ્વચ્છતા, ચીવટતા જેવાં ગુણ અને દરેક કાર્યમાં રસ તેમજ લાગણીશીલ વ્યક્તિત્ત્વનો વિકાસ થાય છે.
- પ્રિય બાળકોનાં વ્યક્તિગત ગુણો વધુ સારી રીતે વ્યક્ત થાય છે.
- સ્ટેજ ફિયર દૂર થાય અને પોતાની સુંદર રજૂઆત કરી શકે.
- વિદ્યાર્થીઓમાં હળીમળીને કામ કરવાની ક્ષમતામાં વધારો થાય.
- વિદ્યાર્થીઓ મૂલ્ય શિક્ષણ મેળવે છે; જે વ્યવહારિક જીવનમાં ખૂબ ઉપયોગી નીવડશે.


## કાર્ય પદ્ધતિ / વર્ણન :


- પ્રવૃત્તિ માટે જરૂરી સાધન સામગ્રી : ઢોલ, મંજીરા, માઇક વિવિધ પપેટ.

<u>પપેટ શોની રજૂઆત :</u>

- પાત્રોનાં નામ : ઝાડ/વૃક્ષ, કઠિયારો, ગામનો નાગરિક, ગામની નાગરિક
- પપેટ શો દ્વારા વૃક્ષોનું મહત્ત્વ સમજાવવાનો બાળકોનો પ્રયત્ન સફળ નીવડ્યો. દરેક વિદ્યાર્થીએ પોતાનાં પાત્રનાં સંવાદનું આરોહ-અવરોહ, પોતાની આગવી શૈલી દ્વારા રજૂઆત કરવામાં આવશે.
- સીતાગઢ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓએ રજૂ કરેલ પ્રવૃત્તિનો લેપટોપમાં વિડિયો નિદર્શન કરવામાં આવશે.
- પપેટ શોની રજૂઆતમાં દરેક વિદ્યાર્થીને પાત્રનાં નામ અને સંવાદની સ્ક્રીપ્ટ આપવામાં આવશે.

### વૃક્ષોની સંખ્યા




### પહેલાની સ્થિતિનું વર્ણન

| વૃક્ષોના નામ | વૃક્ષોની સંખ્યા | |
|---|---|---|
| ઉંબરો | ૧ | વૃક્ષોની સંખ્યા ધો. ૩ થી ૮ નાં બાળકોની સંખ્યા |
| વડ | ૨ | |
| નીલગીરિ | ૪ | |
| કણજી | ૨ | |
| કડવા લીમડા | ૩ | |
| મહેંદી | ૪ | |

### ૩ મહિના પછીની સ્થિતિનું વર્ણન

| વૃક્ષોના નામ | વૃક્ષોની સંખ્યા | |
|---|---|---|
| બોગનવેલ | ૨ | વૃક્ષોની સંખ્યા ધો. ૩ થી ૮ નાં બાળકોની સંખ્યા |
| વડ | ૨ | |
| નીલગિરી | ૯ | |
| કણજી | ૨૧ | |
| કડવા લીમડા | ૧૫ | |
| મહેંદી | ૬ | |
| પીપળો | ૧ | |
| કાસીદ | ૬ | |
| ગુલમહોર | ૩૦ | |
| ઉંબરો | ૯ | |
| તુલસી | ૧૦૦ | |
| કુંવારપાડો | ૨૫ | |

## મૂલ્યાંકન :

- વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષોનું મહત્ત્વ સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.
- સીતાગઢ પ્રાથમિક શાળામાં મેદાનમાં વૃક્ષોની પહેલાની અને પછીની સ્થિતિનું વર્ણનનું ચાર્ટ દ્વારા રજૂઆત.
- વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ પોતે જાળવણી કરેલ વૃક્ષોની ત્રણ મહિનાની સ્થિતિનું અવલોકન કરવામાં આવે છે. દરેક વિદ્યાર્થી વૃક્ષોનાં ફાયદા અને દરેક વૃક્ષોનું મહત્ત્વ અને વૃક્ષો/છોડનાં ઔષધીય ઉપયોગો વિશે સમજે છે.
- પ્રશ્નોત્તરી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.

## પરિણામ :

- વિદ્યાર્થીઓ દ્વારા કરેલ વૃક્ષોની માવજતને લીધે સુંદર બગીચાનું નિર્માણ શાળામાં થઇ શક્યું.
- વિદ્યાર્થીઓ વૃક્ષોનાં ફાયદા સમજે છે અને જીવનમાં વૃક્ષો/છોડનું મહત્ત્વ અને તેનો વ્યવહારિક જીવનમાં ઉપયોગ સમજે છે.
- દરેક વિદ્યાર્થી એકપાત્રીય અભિનય, નાટક અને સંવાદની રજૂઆત સાંભળી અને જોઇને પોતાનાં વ્યક્તિગત જીવનમાં જાહેર સંપત્તિની રક્ષા અને જાળવણી કરતાં થાય છે.
- વિદ્યાર્થીઓ જીવનમાં મૂલ્યનું મમહત્ત્વ સમજે છે અને મૂલ્યશિક્ષણ મેળવે છે.



Scanned with OKEN Scanner



**ઈનોવેશનનું નામ : Digital Mirror**

**શિક્ષકનું નામ : મેંઢા ધ્વનિબેન એ.**

Mobile : 94088 89826
Email : dhvanimendha@gmail.com

**શાળાનું નામ : શ્રી કુકડા પ્રા. શાળા, તા.મુળી, જિ.સુરેન્દ્રનગર**

**હેતુઓ :**

- વિદ્યાર્થીઓને સ્વ-મૂલ્યાંકનની તક મળે.
- વિદ્યાર્થીઓને ટેક્નોલોજીના માધ્યમથી સ્વ-મૂલ્યાંકન કરી સ્વ-ગતિએ સ્વ-ક્ષમતાને સમજવાની તક આપવી.
- વિદ્યાર્થીઓને સમુહની વચ્ચે સહજતાથી પોતાની ક્ષમતાઓને રજૂ કરતાં કરવા.
- વિદ્યાર્થીઓને "Digital Mirror"ના માધ્યમથી ઓછા સમયમાં સચોટ માર્ગદર્શન આપી ઉત્સાહપૂર્વક અનુકાર્ય કરવા પ્રેરણા આપવી.
- વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યોનો (મૌખિક અભિવ્યક્તિ, યોગ્ય હાવ-ભાવ સાથે અભિનય, સમુહભાવનાનો વિકાસ, લેખિત અભિવ્યક્તિ, કાલ્પનિક અને સર્જનાત્મક વિચારોની રજૂઆત વગેરે) વિકાસ કરવો.

**કાર્ય પદ્ધતિ :**

વિદ્યાર્થીઓ 'ભાષાદીપ' અભ્યાસપોથીમાં આપેલ પ્રવૃત્તિઓ 'વાંચો અને અભિનય કરો.'', જો... તો'', ''ચિત્ર વર્ણન'', ''વાક્યો રચો'' શિક્ષકના માર્ગદર્શન અંતર્ગત વર્ગમાં કરે છે. વિદ્યાર્થીઓ જ્યારે પોતાની રજૂઆત કરે છે ત્યારે શિક્ષકશ્રી દ્વારા તેના વિડિયોઝ બનાવવામાં આવે છે. પ્રવૃત્તિઓ પૂર્ણ થયા પછી વિદ્યાર્થીઓ પોતે કરેલ રજૂઆતને "Digital Mirror" ના માધ્યમથી નિહાળે છે. વિદ્યાર્થીઓ અહીં ટેક્નોલોજીનો હકારાત્મક ઉપયોગ કરી સ્વ-મૂલ્યાંકન કરે છે. "Digital Mirror" માં જે વિદ્યાર્થીનું પ્રતિબિંબ નિહાળ્યું છે તે જ વિદ્યાર્થી પ્રથમ વર્ગ સમક્ષ પોતાના પ્રતિબિંબને પોતાની સમજ પ્રમાણે રજૂ કરે છે. ત્યારબાદ સહપાઠીઓ પોતે નિહાળેલ પ્રતિબિંબની રજૂઆત કરે છે. શિક્ષકશ્રી વિદ્યાર્થીઓના સ્વ-મૂલ્યાંકનનું સતત અવલોકન કરે છે સાથે સાથે તેનો હકારાત્મક સ્વીકાર કરી તેઓને અનુકાર્ય માટેની પ્રેરણાત્મક સમજ આપે છે. વિદ્યાર્થીઓ અનુકાર્ય કરી પોતાના કૌશલ્યનો વિકાસ કરે છે. શિક્ષક જરૂરિયાત મુજબ પ્રયત્નો વધારે છે અને વિદ્યાર્થીઓને "Digital Mirror" ના માધ્યમથી સ્વ-મૂલ્યાંકન કરવાની એકથી વધુ તકો આપે છે.

"Digital Mirror" નો ઉપયોગ કરી સ્વ-મૂલ્યાંકન કરવાની દરેક વિદ્યાર્થીને પૂરતી તક મળે છે.

**મૂલ્યાંકન :**

- વિદ્યાર્થીઓ દ્વારા થયેલ પ્રવૃત્તિઓનું "Digital Mirror" ના માધ્યમથી કરેલ પ્રતિબિંબિત સ્વ-મૂલ્યાંકનનું સતત અવલોકન અને મૌખિક પ્રશ્નોત્તરી દ્વારા મૂલ્યાંકન કરેલ છે.

**પરિણામ :**

- "Digital Mirror" ના નવતર પ્રયોગને પરિણામે ૧૦૦% વિદ્યાર્થીઓને ટેક્નોલોજીના હકારાત્મક ઉપયોગ દ્વારા સ્વ-મૂલ્યાંકનની તક પ્રાપ્ત થઇ રહી છે.
- વિદ્યાર્થીઓ "Digital Mirror" નો ઉપયોગ કરી ઉત્સાહપૂર્વક સ્વ-મૂલ્યાંકન કરતાં થયાં છે.
- વિદ્યાર્થીઓના વિવિધ કૌશલ્યો (મૌખિક અભિવ્યક્તિ, યોગ્ય હાવ-ભાવ સાથે અભિનય, સમુહભાવનાનો વિકાસ, કલ્પનાઓની રજૂઆત વગેરે) માં ગુણાત્મક વધારો થયો છે.
- સ્વ-મૂલ્યાંકનની પ્રક્રિયા રસપ્રદ અને મનોરંજક બની છે.



Scanned with OKEN Scanner

# ઈનોવેશનનું નામ : શાળાની સ્વયં બેંક

શિક્ષકનું નામ : જે. વી. પારજિયા
Mobile : 93744 11037
Email : jayantip3333@gmail.com

શાળાનું નામ : શ્રી ડી.એન.ટી. હાઈસ્કુલ, જોરાવરનગર, તા.વઢવાણ, જિ.સુ.નગર



**હેતુઓ :**

- બાળકોમાં નિતિમૂલ્ય સંસ્કાર સિંચન કરવું.
- ભવિષ્યમાં ભ્રષ્ટાચાર નાબુદ કરવાં મદદરૂપ થશે.
- બાળક એક આદર્શ નાગરિક બને.
- સંસ્કારનું મૂલ્ય સમજે.
- સ્વયં સંચાલનના ગુણોનો વિકાસ થશે.
- સહકારની ભાવનાનું નિર્માણ થશે.
- બાળકોને સ્થાનિક લેવલે યોગ્ય ચિજ-વસ્તુ-કિફાયતી ભાવે પ્રાપ્ત કરાવવી.
- નેતાગીરીના ગુણો વિકાસ પામે.

**કાર્ય પદ્ધતિ :**

શાળાના પાંચ વિદ્યાર્થીઓ પસંદ કરી શરૂઆતમાં તેમને વસ્તુ લાવી આપવી. ત્યારબાદ શાળાની ઓફિસ પાસે બોક્ષ બનાવી તેમાં દરેક વસ્તુ રાખવી. સાથે દરેકના ભાવનું લીસ્ટ બાજુમાં રાખવું. બાળક લીસ્ટમાં જે તે વસ્તુના ભાવ જાણી બોક્ષમાંથી વસ્તુ લઇને તેમાં પૈસા રાખી દે છે. થોડી સિલક પહેલેથી જ રાખવી જેથી છૂટા પૈસાની તકલીફ ના પડે. દરરોજ સાંજે વસ્તુ તેમજ સિલકનું મેળવણું કરી લેવું.

**મૂલ્યાંકન :**

- શરૂઆતમાં બાળકો છૂટા પૈસાને કારણે કે થોડા ઓછા પૈસા મૂકવાની ભાવના રાખશે. પછી દરરોજ પ્રાર્થનામાં તેની જાહેરાત થતાં તેની તે વૃત્તિઓ આપો આપ ઘટતી જાય છે. પછી વસ્તુ કે પૈસા ઘટતા નથી. થોડો સમય લાગશે.
- સમય જતાં બાળકોને એવી ભાવના જાગ્રત થાય છે કે મારી બેંકમાં ખોટ જાય છે. તેથી મફતનું લેવાનું તેને નફરત કરતો થાય છે અને આપો આપ આદર્શ નાગરિક બને છે.

**પરિણામ :**

- શરૂઆતના દિવસોમાં વસ્તુ તેમજ સિલક બંનેની વધઘટ થાય છે પરંતુ ધીમે ધીમે બાળકોમાં સારા સંસ્કારનું સિંચન થતાં વસ્તુ પણ ઘટતી નથી અને ક્યારેક વધારાના પૈસા પણ તેમાં જમા રાખે છે અને પોતાની બેન્ક મજબૂત બને તેવી સહકારની ભાવના વિકાસ પામે છે.
- બાળકોમાં એક અનેરો ઉત્સાહ જોવા મળે છે. અને એક સારી પ્રવૃત્તિ કર્યાનો આનંદ મેળવે છે.



Scanned with OKEN Scanner




ઈનોવેશનનું નામ : **રામાનુજ ગણિત મંડળ**

શિક્ષકનું નામ : **રિતેશભાઈ કિરીટભાઈ વાઘેલા**

Mobile : 97234 35646

Email : vaghelaritesh812@gmail.com

શાળાનું નામ : **શ્રી પ્રા. શાળા નં.-૧, લીંબડી, તા.લીંબડી, જિ.સુરેન્દ્રનગર.**


**હેતુઓ :**

- વિદ્યાર્થીઓની ગણિત પ્રત્યેની બીક દૂર થાય.
- વિદ્યાર્થીઓ ગણિત વિષયની સંકલ્પનાઓ પ્રવૃત્તિ દ્વારા શીખે.
- વિદ્યાર્થીઓનો સભાક્ષોભ દૂર થાય અને રજુઆતની ક્ષમતા વિકશે.

**સાધન-સામગ્રી :** જી.સી.ઈ.આર.ટી.ના અગાઉના મોડ્યુલ્સ, પાઠ્ય-પુસ્તક, ઉપલબ્ધ ટી.એલ.એમ., શાળા પુસ્તકાલય, વગેરે.

**સમસ્યા :**

અમારી શાળાનાવિદ્યાર્થીઓ ગણિત પ્રત્યે ડર ધરાવતા હતા. ગાણિતિક સંકલ્પનાઓ આધારિત પ્રવૃત્તિઓ કરવામાં કચાશ ધરાવતા હતા. ગાણિતિક કોયડાઓ, રમતો, વિ. રજુ કરવામાં કચાશ ધરાવતા હતા. શાળામાં ધોરણ ૬ થી ૮ ના વિજ્ઞાન મંડળ જેવું ધોરણ ૩ થી ૫ માં કોઈ ગણિત મંડળ કાર્યરત નહોતું જેથી નાના વિદ્યાર્થીઓને બાલસભામાં પ્રવૃત્તિની રજુઆત કરવા મળતી નહોતી.

**નવતર પ્રયોગની વિગત :**

સૌ પ્રથમ શાળાના ધોરણ ૨ થી ૫ ના ગણિત વિષયમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓનું એક જૂથ તૈયાર કર્યું. તેઓને ગણિત વિષયની રસમયતા, સરળતા, જીવન ઉપયોગિતા અને વ્યવહારૂ મહત્તા સમજાવી ધોરણ ૧ થી ૫ ના ગણિત વિષયમાં આવતી ગાણિતિક રમતો, કોયડાઓ, નાટકો, પ્રોજેક્ટ્સ, ટી.એલ.એમ.ની નોંધ તૈયાર કરાવી. આ ઉપરાંત શાળા પુસ્તકાલયમાંથી ગણિતને લગતા અન્ય સંદર્ભ પુસ્તકો પણ ઉપયોગ માટે લેવામાં આવ્યા. શાળામાં ઉપલબ્ધ ટી.એલ.એમ. એકત્ર કરવામાં આવ્યા. આમા જરૂરી સાહિત્ય એકત્રિત કર્યા બાદ શિ.શ્રી અને ગણિત મંડળે સાથે મળી નીચેની બાબતો નક્કી કરી.

(૧) ગણિત મંડળ દર શનિવારે બાલસભામાં ૩૦ મિનિટ ગાણિતિક પ્રવૃત્તિઓ રજુ કરશે. (૨)શનિવારની ગાણિતિક સભામાં રજુ કરવાની પ્રવૃત્તિઓનું આયોજન તૈયાર કરવું. (૩)ગણિત મંડળનીપ્રવૃત્તિની રજુઆતની તૈયારી અને જવાબદારી નક્કી કરવી.

**ગણિત મંડળ દ્વારા રજુ કરવાની થતી પ્રવૃત્તિઓની ઝાંખી :**

- ગાણિતિક સંજ્ઞા / ક્રિયા / સંકલ્પના/ આકારો / સાધનો / ગણિતજ્ઞનો પરિચય
- ગાણિતિક કોયડા
- ગાણિતિક રમત
- ગાણિતિક પ્રશ્નમંચ
- ગાણિતિક નાટક
- ગાણિતિક પ્રોજેક્ટનું નિદર્શન
- ગાણિતિક મેળો
- ગાણિતિક પ્રદર્શન, મુલાકાત, વૈદિક ગણિત, I.C.T. નો ઉપયોગ
- ગાણિતિક ગીતનું ગાન
- ગાણિતિક પ્રવૃત્તિ ડીસ્પ્લે બોર્ડ

**મૂલ્યાંકન :**

- ગણિતમાં અગાઉ બાળકો નિરસતાથી વિષય બોજ અનુભવતા તેથી ગણિતને લગતી કસોટીઓમાં વિદ્યાર્થીઓનું ગુણાંકન ઓછુ રહેતું. વર્ગમાં શિક્ષકશ્રી દ્વારા સોંપેલ પ્રવૃતિ તૈયાર કરવામાં મુંઝવણ અનુભવતા તેને બદલે શનિવારની ગાણિતિક સભામાં પ્રવૃત્તિઓ રજુ કરવાનું શરૂ કરવાને કારણે ગણિત વિષયની મૂલ્યાંકન કસોટીઓના ગુણાંકનમાં વધારો થતો જોવા મળ્યો.

**પરિણામ :**

રામાનુજ ગણિત મંડળની ઇનોવેટીવ પ્રવૃત્તિને કારણે

(૧) વિદ્યાર્થીઓની ગણિત પ્રત્યેની બીક દૂર થઇ.

(૨) વિદ્યાર્થીઓ ગણિત વિષયની સંકલ્પનાઓ જાતે પ્રવૃત્તિ દ્વારા શીખતા થયા.

(૩) વિદ્યાર્થીઓનો સભાક્ષોભ દૂર થાય અને રજુઆતની ક્ષમતા વિકસિત થતી જણાઈ.

| ક્રમ | વર્ષ | ઈનોવેશનનું નામ | કક્ષા |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૭ | વિદ્યાર્થી માસિક દર્પણ | જિલ્લા |
| ૨ | ૨૦૧૮ | વાચન લેખન સ્વાધ્યાય પોથી | રાજ્ય |
| 3 | ૨૦૧૯ | Easy English Workbook | જિલ્લા |



Scanned with OKEN Scanner

ઈનોવેશનનું નામ : **સોશિયલ સાયન્સની માસ્ટર ટ્રીક**

શિક્ષકનું નામ : **મહાવીરભાઈ અદેસંગભાઈ જાદવ**

Mobile : 99047 04734

Email : jadavmahavirbhai91@gmail.com

શાળાનું નામ : **શ્રી ઘલવાણા પ્રા. શાળા, તા.લીંબડી, જિ.સુરેન્દ્રનગર**



## હેતુઓ :

- સામાજિક વિજ્ઞાન વિષયમાં રસરૂચિ વધે.
- સામાજિક વિજ્ઞાન વિષયમાં આવતા વધુ નામ સરળતાથી યાદ રાખી શકે.
- બાળકોની જાતે વિચારશક્તિ વધે.
- બાળકોની મૌખિક અભિવ્યક્તિમાં વધારો થાય.
- અઘરા નામો સરળતાથી યાદ રાખી શકે.
- બાળકો વિસ્તૃત પ્રશ્નો લખતા થાય.
- બાળકો સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયાર થાય.

## કાર્યપદ્ધતિ :

- બાળકો સામાજિક વિજ્ઞાન વિષયમાં ઓછો રસ દાખવતા હતાં. સાથે સાથે સામાજિક વિજ્ઞાન વિષયમાં આવતાં વધુ નામો યાદ રાખવામાં ઘણી જ તકલીફ જણાતી હતી.
- આ સમસ્યાને આવરી લઈ મેં સામાજિક વિજ્ઞાનમાં આવતાં વધારે નામો અને અઘરા નામો માટેનાં ટુંકા સૂત્રો બનાવ્યા.
- શરૂઆતમાં સૂત્રો ઓછા નામનાં બનાવ્યા ત્યારબાદ વધારે નામ આવે તે રીતે બનાવ્યા.
- દરરોજ બાળકને એક નવુ સૂત્ર લખાવવાનું અને તેને પાકુ પણ કરાવવાનું.
- આમ વર્ગમાં જે બાળક સારી રીતે સૂત્રો પાકા કરી બોલે અને લખે છે તેને પ્રોત્સાહન સ્વરૂપે ઇનામ પણ આપવામાં આવે છે. જેના પરિણામે દરેક બાળક સૂત્રો પાકા કરતાં થયા છે.
- હાલ બાળકો સામાજિક વિજ્ઞાન કે અન્ય કોઈપણ જાણવા જેવા ને લગતાં સ્વનિર્મિત સૂત્રો બનાવવા લાગ્યા છે. સાથે સાથે બાળકોની વિચારશક્તિમાં વધારો થયો.
- મુદ્દાસરનાં પ્રશ્નો વિસ્તૃત લખવાં લાગ્યા અને સામાજિક વિજ્ઞાન વિષયમાં રસ દાખવવાં લાગ્યા. જેના પરિણામે બાળકોનો સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

## મૂલ્યાંકન :

- બાળકોની મૌખિક પ્રશ્નોત્તરી દ્વારા અને લેખિત કસોટી વગેરે પદ્ધતિઓથી બાળકોનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

## પરિણામ :

- બાળકો ઘણા નામો સારી રીતે યાદ રાખી શકે છે.
- બાળકોની વિચાર શક્તિમાં વધારો થયો.
- બાળકોની મૌખિક અભિવ્યક્તિમાં વધારો થયો.
- બાળકોનો વિષય પ્રત્યેનો રસ અને આત્મવિશ્વાસ વધ્યો.
- ૫૦ થી ૬૦% બાળકો મુદ્દાસર પ્રશ્નો લખવા લાગ્યા.
- બાળકો જાતે તૈયાર કરેલ આ સૂત્રને લીધે સર્જનાત્મકતાનો આનંદ મેળવે છે.
- બાળકો કઠીન બિંદુઓ સરળતાથી શીખી શકે છે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **ગમ્મત સાથે ગુજરાતી**

શિક્ષકનું નામ : **ગોસ્વામી મીરાબેન આર.**

Mobile : 99254 90029
Email : setugoswami83@gmail.com

શાળાનું નામ : **શ્રી વઢવાણ પે. સેન્ટર શાળા નં.૭, વઢવાણ.**



## હેતુઓ :

- બાળકો વાંચન લેખન રસપ્રદ રીતે શીખે.
- બાળકોને ગુજરાતી વાંચતા આવડે.
- બાળકોના ગુજરાતી વાંચનમાં ખામી હોય તે દૂર થાય.
- બાળકો રમતા-રમતા દઢિકરણ કરે.
- બાળકોને વાંચન લેખન પ્રત્યે રસ, રૂચિ વધે.
- બાળકોની મૌખિક અભિવ્યક્તિ ખીલે.
- બાળકોની નિબંધ, વાર્તાની મૌખિક અભિવ્યક્તિ તેમજ લેખન અભિવ્યક્તિ ખીલે.
- બાળકોની ગેરહાજરીની સમસ્યા દૂર થાય.
- શાળાની અંદર સ્પર્ધાત્મક વાતાવરણ રચાય.
- પ્રવૃત્તિ વિદ્યાર્થીકેન્દ્રી બને.

## કાર્યપદ્ધતિ :

- આ પ્રયોગ પ્રિય બાળકોને ધ્યાનમાં લઈને કરવામાં આવ્યો છે. જેમાં બાળક વાંચતા અને લેખન સારી રીતે કરી શકે, તેઓ અભિગમ આ પ્રયોગનો છે.
- આ પ્રયોગ અંતર્ગત ભાષા સજ્જતાના કાર્ડ આપેલા છે. તેની સાથે રમતો પણ આપેલી છે.
- આ કાર્ડમાં પ્રથમ કાર્ડ મૂળાક્ષર, બીજા કાર્ડમાં શબ્દ અને ત્રીજા કાર્ડમાં વાક્યો આપવામાં આવ્યા છે.
- દરેક બાળક પોતાની શિખવાની આવડત, ક્ષમતા અને રસ - રૂચિ પ્રમાણે શીખે છે.
- પહેલા પહેલું કાર્ડ પછી બીજુ કાર્ડ પછી ત્રીજુ કાર્ડ આવે છે.
- આવી રીત ક્રમશઃ કાર્ડ લેશે. આવી રીતે ભાષા સજ્જતાના કુલ ૪૪ કાર્ડ છે.
- સાથે સાથે દઢિકરણની પ્રવૃત્તિઓ, રમતો, વાર્તાઓ, નિબંધ, ફકરાઓ, અનુલેખન, શ્રુતલેખન અને ચિત્રવાર્તાનો પણ સમાવેશ થાય છે.

## મૂલ્યાંકન :

- આ પ્રયોગ અમારી શાળાના મારા વર્ગખંડના વિદ્યાર્થીઓમાં કર્યો ત્યારે બાળકો ખૂબ જ રસ, રૂચિ અને ઉત્સાહપૂર્વક ગુજરાતી વાંચન અને લેખન શીખ્યા.
- મૌખીક અભિવ્યક્તિ સારી અને સચોટ બની.
- વાર્તા કહેતા, ચિત્રનું વર્ણન સારી રીતે કરતા શીખ્યા.

## પરિણામ :

- પ્રિય બાળકોમાં આ પ્રયોગથી એક પ્રકારનો ભણવા માટેનો આત્મવિશ્વાસ જોવા મળ્યો.
- લઘુતાગ્રંથિથી પીડાતા બાળકોનો ભય દૂર થયો.
- ભાષા પ્રત્યે રસ અને રૂચિ વધ્યા.
- સાથે સાથે જૂથ કાર્ય અને નેતૃત્ત્વના ગુણોનો વિકાસ થયો.
- સારી રીતે વાંચતા અને લખતા શીખ્યા



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **3D Teaching of English (ત્રીપરીમાણીય ઈંગલીશ ભણાવવું)**

શિક્ષકનું નામ : **પુનમબેન બી. રાવલ**
Mobile : 93746 84822, 96626 02345
Email : punamraval12@gmail.com

શાળાનું નામ : **ઊંટડી પે. સે. શાળા નં.૨, ઊંટડી, તા.લીંબડી.**



## હેતુઓ :

- ધો. ૬ થી ૮નાં બાળકોમાંથી ઇંગ્લીશ ભાષાનો હાઉ દૂર થાય.
- બાળકોને ટેક્સ્ટબુક, પ્રશ્નપેપર અને અધ્યયન નિષ્પત્તીઓ ત્રણેયનો સમન્વય કરીને ભણાવવું. (3d Teaching)
- બાળકોનેઅધ્યયન નિષ્પત્તીઓ આધારીત પ્રોજેક્ટવર્કસ કરાવવા, જેથી ટેક્સ્ટબુક અને પ્રશ્નોપેપરમાં આવતાં બહારનાં unauthentic material થી પરિચિત થાય.
- નબળાં બાળકોની અધ્યયન નિષ્પત્તિ સર કરવામાં આસાની રહે, નબળાં બાળકો પણ પ્રોજેકટવર્ક જમાં કરાવી આત્મવિશ્વાસ અનુભવે, પ્રશ્નપત્રમાં આવી પ્રવૃત્તિ આવવાથી સરળતાથી પ્રશ્નો લખી શકે છે.
- દરેક બાળકનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન થતું રહે છે. અને ઇંગ્લીશ ટીચીંગમાં સચોટ પરીણામ મળે છે. બાળકોની સુષુપ્ત શક્તિઓ જાગૃત થાય છે.

## સાધન સામગ્રી :

- અધ્યયન નિષ્પત્તિઓ (લોગ-બુક)
- ધો. ૬ થી ૮ ટેક્ષબૂક
- જૂના પ્રશ્નપત્રો
- છાપાના કટીંગ્સ
- ચિત્રો
- જૂના બીલ
- વિઝીટીંગ કાર્ડ્સ
- આસપાસનાં પર્યાવરણમાંથી ઉપલબ્ધ સામગ્રીઓ
- બાળકો અને બાળકોની આત્મસૂઝ

## કાર્યપધ્ધતિ :

- આ કાર્યપધ્ધતિમાં હું બાળકોને (ધોરણ ૬ થી ૮ / ઇંગ્લીશ) ટેક્સ્ટબુક સમજાવતી વખતે, ભણાવતી વખતે, એવા પ્રોજેક્ટ્સ અથવા એક્ટીવીટીઝ કરાવું છું જે અધ્યયન નિષ્પત્તિઓ આધારીત હોય.
- જેથી કરીને બાળકોનું મૂલ્યાંકન સરળતાથી થાય છે. જેમાં બાળકો પોતાની રીતે ચિત્રો, કટીંગ, બીલ, કાર્ડસ શોધે છે અને જવાબ લખે છે.
- પ્રશ્નપત્રમાં આ રીતથી જ્યારે પ્રશ્નો પૂછાય છે ત્યારે બાળકો સરળતાથી જવાબો લખી શકે છે.
- દર શનિવારની એકમ કસોટીમાં પણ આ પ્રકારનાં પ્રોજેક્ટ વર્ક આધારીત પ્રશ્નો પૂછાય છે જે માટે દરેક ધોરણમાં બાળકો પાસે જ પ્રોજેક્ટ વર્ક કરાવી મહાવરો અપાવું છું.

## મૂલ્યાંકન :

- આ કાર્યપધ્ધતિ અથવા આ પ્રયોગ દ્વારા મૂલ્યાંકનની પધ્ધતિ સરળ અને સતત અને સચોટ રીતે થાય છે. બાળકોએ બનાવેલા પ્રોજેક્ટ અને કરેલી એક્ટીવીટીઝમાંથી લેખિત, મૌખિક, પ્રશ્નોત્તરીથી પરીણામ મેળવી શકાય છે. નબળા બાળકોનું મૂલ્યાંકન કરવું સરળ બને છે.

## પરિણામ :

- આ પધ્ધતિથી મારી શાળાનાં બાળકો ૧૦૦% ડિક્શનરીનો ઉપયોગ કરતા થયા છે. પ્રશ્નપત્રોમાં આવતાં બહારનાં મટીરીયલ (Unauthentic Material) જેવા કે : બીલ, જાહેરાત, ટીકીટ, Wh નો ઉપયોગ વગેરે સરળતાથી સમજી શકે છે. જવાબ આપી શકે છે. મૌખિક અભિવ્યક્તિ ૮૦%, અંગ્રેજી સૂચનાઓની સમજ ૧૦૦%, અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ ૬૦% સુધી કરી શકાય છે. S.U.P.W. અને વ્યક્તિત્વ વિકાસનાં મુદ્દાઓ પણ સિદ્ધ થયા છે.



Scanned with OKEN Scanner



ઇનોવેશનનું નામ : **વિજ્ઞાન વિષયક પ્રવૃત્તિ દ્વારા અધ્યયન**

શિક્ષકનું નામ : **પરમાર હેતલબેન જયંતિભાઈ**

Mobile : 97734 14406, 70438 15173

Email : ravirajparmar@gmail.com

શાળાનું નામ : **શ્રી મીણાપુર પ્રાથમિક શાળા, તા.ચુડા, જિ.સુરેન્દ્રનગર**

## હેતુઓ :

- ગણિત-વિજ્ઞાન વિષય પ્રત્યેની નિરસતા દૂર કરવી.
- વિજ્ઞાન વિષય પ્રત્યેનો ડર દૂર કરવો.
- આત્મવિશ્વાસ અને એકાગ્રતા વધારવી.
- જીજ્ઞાશાવૃત્તિ અને તર્ક-વિતર્ક કરતા થાય.
- અધ્યયન નિષ્પત્તિઓને આત્મસાત કરે.
- ચિરંજીવી જ્ઞાન પ્રાપ્ત કરે.
- ચિત્ર, ટી.એલ.એમ., નાટક જાતે ભજવતા થાય.
- પરીક્ષાનો ડર દૂર થાય. ગોખણપટ્ટી અને નવનીતમાંથી પ્રશ્ન તૈયાર કરવાની જગ્યાએ પ્રશ્ન જાતે બનાવે. જવાબ પણ જાતે લખે અને તૈયાર કરે.

## કાર્યપદ્ધતિ :

- સૌ પ્રથમ વિજ્ઞાન દૈનિક આયોજન મુજબ પ્રાથમિક માહિતીને આપીને પાઠ ભણાવવામાં આવે છે.
- તે પાઠમાં આવતી આકૃતિઓ, પ્રવૃત્તિઓ, પ્રયોગ, નાટક ભજવવામાં આવે છે.
- માનવહૃદય, અમીબા, પેરામીશયન, માનવ કિડની, બેક્ટેરીયા, ફૂગ, પુષ્પના ભાગો, રેશમના કિડાનું જીવનચક્ર, દેડકાનું જીવનચક્ર, તારામંડળ, ગાલના કોષો, ડુંગળીના કોષો, વનસ્પતિમાં પ્રકાશસંશ્લેષણ વનસ્પતિનો વિકાસ, સુર્યમંડળ, ગાલના કોષો, ડુંગળીના કોષો, વાઈરસ વગેરેના ટી.એલ.એમ. વિદ્યાર્થી બનાવે અને તેના ગૂણધર્મ અને વિશેષતાઓ લખે.
- જેથી એકમ કસોટી અને વાર્ષિક પરીક્ષામાં તેના પ્રશ્નોના જવાબ સરળતાથી આપી શકે.
- ભરતગુંથણ, સ્કેપબુક, પ્રોજેક્ટ કાર્ય કરાવવામાં આવે છે.

## મૂલ્યાંકન :

- ધોરણ પ્રમાણે દરેક વિદ્યાર્થીને સ્વાધ્યાયપોથી લેવડાવામાં આવી છે.
- પોતે કરેલ ટી.એલ.એમ. અથવા કાર્યના મૌખિક જવાબ લખે.
- પ્રાર્થનાસભામાં દરરોજ ૫ વિદ્યાર્થીએ ધોરણ પ્રમાણે મૌખિક અભિવ્યક્તિ કરવાની.

## પરિણામ :

- આમ પ્રવૃત્તિ દ્વારા અધ્યયનથી ધોરણ-૬ માં ૧૬માંથી ૧૪, ધોરણ-૭ માં ૨૪ માંથી ૨૧, ધોરણ-૮ માં ૨૭ માંથી ૨૫ આ પ્રવૃત્તિ દ્વારા અધ્યયન કરે છે.
- પ્રશ્નોના જવાબ સરળતાથી આપી શકે છે.
- ૮૦ થી ૯૦% સફળતા મળી છે.
- દર વર્ષે આ મુજબ ગણિત-વિજ્ઞાન અભ્યાસક્રમ ભણાવવામાં આવે છે.



Scanned with OKEN Scanner

ઈનોવેશનનું નામ : **સુત્રોની સાથે સાથે**

શિક્ષકનું નામ : **કાવર નિલેશકુમાર હરિલાલ**

Mobile : 97233 75293

Email : patelprince158@gmail.com

શાળાનું નામ : **શ્રી દેદાદરા પગાર કેન્દ્ર શાળા, તા.વઢવાણ**



## હેતુઓ :

- બાળકોમાં સામાજિક વિજ્ઞાન વિષયમાં રસ રૂચી કેળવે.
- અઘરી અને લાંબી વિગતો સરળતાથી સૂત્રની મદદથી યાદ કરે.
- બાળકોની માનસિક, સામાજીક, સર્જનાત્મક શકિતમાં વધારો થાય.
- જનરલ નોલેજમાં વધારો થાય.
- સા.વિજ્ઞાન વિષયના તમામ પાસાઓથી માહિતગાર થાય.

## સાધન સામગ્રી :

- કાર્ડશીટ, માર્કર પેન, સ્કેલ, ફેવિકોલ, પુંઠા, બેનરમાં બનાવી શકાય.

## કાર્યપધ્ધતિ :

- સા.વિ. વિષયમાં ઈતિહાસ, નાગરીક, ભૂગોળ, અર્થશાસ્ત્ર જેવા અનેક વિષયોનો સમાવેશ થતો હોય બાળકોને વિષય કંટાળાજનક લાગે છે.
- પાઠમાં આવતા બનાવો, ઘટનાઓ, નદીઓ, કર્કવૃત્ત પરના સ્થળો, જીલ્લાઓ, રાજયોની માહિતિ સૂત્ર દ્વારા સમજ આપવી.
- લાંબી વિગતોના પ્રથમ અક્ષરો દ્વારા અર્થસભર ટુંકા સૂત્રો બનાવવા અને બાળકોને સમજ આપવી.
- ઉદાહરણ તરીકે ભારતના ૨૮ રાજ્યોની સૂત્રો દ્વારા સમજ આપવા માટે AT-3 BRCSZ NO-1, M-5 UKG HP-2
- અહિં પ્રથમ અક્ષર AT-3 નો મતલબ કે A ઉપર ત્રણ રાજ્યો છે. જેમ કે અરૂણાચલ પ્રદેશ, આસામ, આંધ્રપ્રદેશ.

## મૂલ્યાંકન :

- બાળકોના મૂલ્યાંકન માટે પ્રવૃત્તિઓનું અવલોકન કરેલ છે. મૌખિક પ્રશ્નોત્તરી દ્વારા, લેખિત સૂત્રની કસોટીઓ દ્વારા તેમજ હોમવર્કમાં કોઇપણ એક સૂત્ર રોજ તૈયાર કરવા આપવું.

## પરિણામ :

- બાળકોને સૂત્રોની મદદથી સમજ આપતા ધોરણ ૬ થી ૮ માં કુલ ૧૨૮ બાળકોમાંથી હાલમાં ૭૮ બાળકો સા-વિજ્ઞાન વિષયમાં આવતા બનાવો, તારીખો, રાજકીય વંશો, બંધો, જીલ્લાઓ, ભારતના રાજ્યોને સરળતાથી યાદ કરી શકે છે.
- હાજરીમાં ૮૦% સુધીનો સુધારો થયેલ છે.
- નિયમિત નોટબુકમાં લેશન કરે છે.

| અ.નં. | ધોરણ | કુલ સંખ્યા | પહેલાની સિધ્ધી | પછીની સિધ્ધી | પરિણામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૪૫ | ૧૫ | ૩૨ | ૭૧૧૧% |
| ૨ | ૭ | ૪૧ | ૧૧ | ૧૭ | ૪૨.00% |
| 3 | ૮ | ૪૨ | ૧૨ | ૨૯ | ૭0.00% |
| | કુલ | ૧૨૮ | ૩૮ | ૭૮ | - |



Scanned with OKEN Scanner

ઈનોવેશનનું નામ : **એકમ પૂરો કરી ઈનામ જીતો**

શિક્ષકનું નામ : **મુકેશભાઈ પી. જાદવ**
Mobile : 96242 83450
Email : mukeshjadav7777@gmail.com

શાળાનું નામ : **શ્રી વસ્તડીપરા પ્રા. શાળા, તા.વઢવાણ, જિ.સુરેન્દ્રનગર**



## હેતુઓ :

- બાળક જાતે કાર્ડ લઇને પોતાના જૂથમાં બેસે છે.

## સમસ્યા :

- ધોરણ ૧ / ૨ માં એક જ શિક્ષક કામ કરતા હોય એક દિવસ ગુજરાતી, બીજા દિવસે ગણિત ભણાવતા બાળકો ક્યા કાર્ડ પહોંચ્યા તે યાદ રાખતા નહોતા. આ મુશ્કેલીથી પ્રેરણા મળી.

## કાર્યપદ્ધતિ :

- આ ઇનોવેશનમાં જે શાળામાં એક જ શિક્ષક પ્રજ્ઞા વર્ગમાં કામ કરતા હોય અને બંને વિષય ભણાવતા હોય ત્યારે વધારે ઉપયોગી છે.
- આ ઇનોવેશનમાં એક પતરાના બોર્ડ પર લેડરને ફેવીકોલથી ચીપકાવી દેવામાં આવે છે.
- પ્લાસ્ટીકના ગોળ સ્ટાઇકરમાં કાણું પાડીને મેગ્નેટ લગાવવામાં આવે છે.
- આ સ્ટાઇકર પર બાળકોના ફોટા અથવા નામ લખીને તૈયાર કરેલા આ સ્ટાઇકર બોર્ડ પર બાળક જે એકમમાં હોય યાં એક જ વાર લગાવી બાળકને સમજ આપવાથી જાતે જ કોર્ડ લેતા થાય છે.

## મૂલ્યાંકન :

- રોજે રોજ અવલોકન કરતા જણાયું કે બાળક પોતાની રીતે ક્યાં પહોંચ્યું તે બતાવી શકે છે.

## પરિણામ :

- બાળકો જાતે જ કાર્ડ લઇને પોતાના જુથમાં બેસે છે.
- હાલમાં આ પ્રવૃત્તિ શાળામાં ખુબ સરસ રીતે ચાલે છે.



Scanned with OKEN Scanner

ઈનોવેશનનું નામ : **જીવનમાં રમતનું મહત્વ**



શિક્ષકનું નામ : **ડામોર અતુલકુમાર વાલજીભાઈ**
Mobile : 99044 41710
Email : damoratul@gmail.com

શાળાનું નામ : **શ્રી સુખસર પ્રા. શાળા નં.૧**

## હેતુઓ :

- શારિરીક તંદુરસ્તી જાળવવી.
- વિવિધ રમતોમાં ભાગ લેતાં કરવા.
- સારા ખેલાડી તૈયાર કરવા.
- નેતૃત્વ અને નિર્માણશક્તિની ખીલવણી.

## કાર્ય પધ્ધતિ :

- પ્રથમ બાળકોને રમતનાં મેદાનમાં દોડ કરાવી હળવી કસરત કરાવવામાં આવે છે. તેમાંથી વયકક્ષાનું સાર ઍડર-૯, ઍડર-૧૧, ઍડર-૧૪ એવા વિભાગ પાડી તેને ૩૦ મી.,૫૦ મી., ૧૦૦ મી. દોડ, બ્રોન્ડ જંપ, શટલ રાઉન્ડ, જેવી પ્રેક્ટિસ કરાવ્યા બાદ ઍડર-૧૪નાં બાળકોને કબડ્ડી, યોગ, કુસ્તી, જૂડો, ટેકવેન્ડો જેવી રમતોની સમજ આપી.
- પોતાના રસ રૂચિ પ્રમાણે વિવિધ રમતોની ટુકડીનાં જૂથમાં વહેંચાઇ જાય પછી રમતનાં પ્રાથમિક નિયમો અને કૌશલ્યોની સમજ આપવામાં આવતી.
- દરરોજ સવાર-સાંજ ૧ કલાક તેમજ રજાનાં દિવસે ૨ કલાક સઘન તાલીમ આપવામાં આવે છે.
- Y.T. અને P.T. ટેસ્ટની તૈયારી કરાવવામાં આવે છે.

## મૂલ્યાંકન :

- ખેલમહાકુંભ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ તાલુકા, જિલ્લા કક્ષા તેમજ રાજ્યકક્ષાએ ઉત્તમ પ્રદર્શન કરવા લાગ્યા.
- શાળાનાં બાળકો રમતોને વધુ સારી રમતો જોવા મળી.

## પરિણામ :

- રાજ્યકક્ષાની ટુર્નામેન્ટ સુધી બાળકોનો ભાગ.
- સ્વસ્થતા અને તંદુરસ્તી જોવા મળી.
- DLSS માં ૧૮ દિકરીઓનો પ્રવેશ
- એક દિકરી ''ખેલો ઇન્ડીયા ખેલો'' રમી.
- વાલીની શાળામાં સહભાગીદારીતા વધી.
- બાળકોની નિર્ણાયક શક્તિમાં વધારો.
- વાલીઓની અને બાળકોની રમત પ્રત્યે જાગૃતતા તથા અભિગમ બદલાયી.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **સામાજિક વિજ્ઞાનમાં શોર્ટકટ કીનો ઉપયોગ**

શિક્ષકનું નામ : **શંકરભાઈ પ્રાગજીભાઈ કણઝરિયા**

Mobile : 80003 31411

Email : shankarbhai161973@gmail.com

શાળાનું નામ : **રૂપાવટી પ્રા. શાળા, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર**




## હેતુઓ :

- બાળકોમાં સામાજિક વિજ્ઞાનમાં રસ, રુચિ વધે.
- અઘરા મુદ્દા - લાંબા નામ સરળ રીતે યાદ રાખવા, સહેલા બને.
- સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી થાય.
- તર્કશક્તિ - સર્જનાત્મક વિચારોનો વિકાસ થાય.

## કાર્ય પદ્ધતિ :

- ધોરણ-૫ થી ૮ ના વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનમાં આવતા લાંબા નામ - એકથી વધુ નામ યાદ રાખવા કઠિન લાગતા હતા. જેથી શરૂઆતમાં બ્લેકબોર્ડ પર ત્યારબાદ કાર્ડ શીટ પર માર્કરથી ચાવીરૂપ શબ્દો - કે પ્રથમ અક્ષરનો ઉપયોગ કરી સુત્રો અર્થસભર વાક્યો બનાવ્યા. જેમાં કઠિન નામો દા.ત. ''જાનીવાલીપીનારા'' જેવા સુત્રો બનાવ્યા જેથી દા.ત. ભારતના રાજ્યો - કર્કવૃત્ત પસાર થતા જિલ્લાઓ વગેરે જેવી શોર્ટકટ વાક્યો બનાવ્યા જેના પરથી બાળકો નામો યાદ રાખતા થયા. આ ઇનોવેશનથી ધો.૫ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓને ઉપયોગી થાય છે. આ શોર્ટ કી જીવનપર્યંત નૉલેજ માટે પણ ઉપયોગી છે.

## સાધન સામગ્રી :

- કાર્ડશીટ
- માર્કર
- સ્કેલ
- ફેવીકોલ
- પૂંઠા અથવા ફ્લેક્ષ બેનરમાં બનાવી શકાય.

## ઉપયોગીતા :

- ધોરણ - ૫ થી ૧૨ માં વિષયવસ્તુમાં ઉપયોગી છે.
- સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી છે.
- તર્કશક્તિ - સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય છે.
- નૉલેજ માટે જીવન પર્યંત ઉપયોગી છે.

## મુલ્યાંકન :

- જુન - ૨૦૧૯ થી આ ઇનોવેશન શરૂ કરેલ હોય આ ઇનોવેશનનું મૂલ્યાંકન ધો. ૫ થી ૮ સામાજિક વિજ્ઞાનમાં જેમા ૪૦% બાળકો આ શોર્ટ-કી નો ઉપયોગ કરતા થયા. બીજા બાળકો પ્રયત્નશીલ છે.

## પરિણામ :

- ધોરણ-૬ ના ૨૭ વિદ્યાર્થીઓ, ધોરણ-૭ ના ૩૧ વિદ્યાર્થીઓ, ધોરણ-૮ ના ૨૮ વિદ્યાર્થીઓને રાજ્યોના નામ, જિલ્લાના નામ, ખંડોના નામ, અભ્યારણ્યના નામ ઉપરોક્ત ઇનોવેશનથી ૪૦% બાળકો સફળ રહ્યા. બીજા વધુ બાળકો રસ લેતા થયા. આ ઇનોવેશન ચાલુ છે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **મુલ્ય શિક્ષણ**

શિક્ષકનું નામ : **પરમાર સંજયકુમાર ડી.**
Mobile : 97258 66030
Email : sdparmar11782@gmail.com

શાળાનું નામ : **શ્રી નવાસુદામડા પ્રા. શાળા, તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર**



## હેતુઓ :

- મુલ્ય શિક્ષણ વડે બાળકોનો સર્વાંગી વિકાસ કરી શકાય છે.
- આદર્શ માનવીનું ઘડતર કરી શકાય છે.

## કાર્ય પદ્ધતિ :

- બાળકોમાં મુલ્ય શિક્ષણનો અભાવ જણાતો હતો. જેના કારણે શાળામાં ચોરી થવી, વિદ્યાર્થીમાં ઝઘડા થવા, સ્વચ્છતાનો અભાવ, શિસ્તનો અભાવ, શિક્ષણમાં કચાશ જણાતી હતી. કારણ તપાસતા મુલ્ય શિક્ષણનો અભાવ જોવા મળેલ.
- ''બાળક રૂપી પંખી તો જ આકાશમાં ઉડી શકશે જો તેની પાસે શિક્ષણ અને સંસ્કારરૂપી પાંખો હશે.''
- બાળકોમાં મૂલ્ય શિક્ષણ આપવા માટે પ્રાર્થના સભામાં મૂલ્યલક્ષી વાર્તા, ગીતો, પ્રસંગો વગેરેની રજૂઆત કરવામાં આવેલ.
- શાળામાં રામહાટ, ખોયા-પાયા, પક્ષી ચણઘર, ચાલો આદર્શ બનીએ, હું કેટલો સુંદર, આજનું ગુલાબ, મેં કરેલું સારૂ કાર્ય, લોકભાગીદારી, વૃક્ષારોપણ, જન જાગૃતિ... જેવા વિવિધ મૂલ્યલક્ષી પ્રોજેક્ટ શાળામાં કરવામાં આવ્યા. વિવિધ પ્રવૃત્તિ બાળકો દ્વારા શાળામાં કરવામાં આવે છે.

## પરિણામ :

- શાળામાં મૂલ્યલક્ષી શિક્ષણની વિવિધ પ્રવૃત્તિ દ્વારા શાળાનું વાતાવરણ આનંદદાયી, રમણીય અને આદર્શ બની ગયું.
- પહેલા સર્જાતા પ્રશ્નો બંધ થઇ ગયા અને શાળાએ પ્રગતિદાયક શિક્ષણ મળવા લાગ્યું.
- ૯૦% સફળતા મળી.



Scanned with OKEN Scanner

ઈનોવેશનનું નામ : "मैं बढ़ूंगी"

શિક્ષકનું નામ : **રાણા નયનાબેન આર.**
Mobile : 94290 34173
Email : rajarana25223@gmail.com

શાળાનું નામ : **શ્રી સુખપરા પ્રાથમિક શાળા, તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગર**



## હેતુઓ :

- શાળાની વિદ્યાર્થીઓને અન્ય સમાજની દિકરીઓ સાથે ભળતા શરમ અને સંકોચ અનુભવતા.
- વિદ્યાર્થીનીઓ ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરી શકે.
- વિદ્યાર્થીનીઓ પોતાની સહભાગીતા દરેક પ્રવૃત્તિઓમાં નોંધાવે.
- વિદ્યાર્થીનીઓ જાતે આગળ આવવાના પ્રયત્નો કરે.
- વિદ્યાર્થીનીઓ પોતાના સમાજમાં સુધારો લાવી શકે.

## કાર્ય પદ્ધતિ :

- શાળામાં આવ્યા બાદ દેવીપૂજક સમાજ ધરાવતાં ગામની દિકરીઓમાં આત્મવિશ્વાસ અને આત્મરક્ષણ કરતાં શીખે. તેથી શાળામાં નીચે મુજબના કાર્યક્રમ યોજ્યા.
- વિવિધ પ્રકારના કાર્યક્રમની રચના કરી. દા.ત. સ્કાઉટ-ગાઈડ, તરણેતર ગ્રામિણ ઓલમ્પિકમાં ભાગ લેવડાવ્યાં.
- શાળામાં વધુમાં વધુ આત્મરક્ષણ કરી શકે તેવી માર્શલ આર્ટ રમતો જૂડો, કુસ્તી, કુરાશ, ટેકવોન્ડો શિખવાડી દિકરીઓને ખેલમહાકુંભમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજ્યકક્ષાએ ભાગ લેવડાવ્યાં.
- દેવીપૂજક સમાજની દિકરીઓને ગામ બહાર ન જવા દેતા તે હેતુથી ખૂબ જ વાલીસંપર્ક કર્યા.
- વાલીઓને જાગૃત કરવા મોટીવેશનલ પ્રોગ્રામ યોજીને તેમને વાલીઓને વિશ્વાસમાં લીધા. દા.ત. પ્રજાસત્તાક દિનમાં પિરામીડ અને રમતોનું આયોજન કર્યું.
- વિદ્યાર્થીઓને મુવી અને વિડીયો બતાવીને પ્રોત્સાહન આપ્યું. દા.ત. દંગલ, સાંડકી આંખ.
- વિદ્યાર્થીઓને ફિઝીકલ ટ્રેનિંગ આપી તેઓને જિલ્લા કક્ષા અને રાજયકક્ષામાં નંબર પ્રાપ્ત કરે તેવી ફિઝીકલ ટ્રેનિંગ આપી.
- વિદ્યાર્થીઓને અવારનવાર પ્રેરણાત્મક વાર્તાઓ કરી અને દિકરીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું.

## મૂલ્યાંકન :

- દેવીપૂજક સમાજની અંધશ્રધ્ધા ધરાવતી માનસિકતામાંથી બહાર નીકળી દિકરીઓને સાહસિક પ્રવૃત્તિમાં ભાગ લેતાં કર્યાં. વાલીઓ પોતાની દિકરીઓને માધ્યમિક શાળા તેમજ તાલુકા બહારના મોકલતાં થયાં. વિદ્યાર્થીનીઓમાં વધેલી હિંમત અને બાળ પ્રતિભાઓના વિકાસને ખૂબ પ્રોત્સાહન મળ્યું.

## પરિણામ :

- શ્રી સુખપરા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓ ૨૦૧૧ થી હાલ સુધી જિલ્લા કક્ષાએ અને રાજ્યક્ષાએ ખેલમહાકુંભ તેમજ યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા યોજાયેલ રમતોમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ તેમજ મેડલ પ્રાપ્ત કરી શાળા તેમજ સમાજનું ગૌરવ વધાર્યું છે.



Scanned with OKEN Scanner



ઈનોવેશનનું નામ : **ડીજીટલ ચેનલ (સામાજિક વિજ્ઞાન) (ALFA PLUS TECH)**

શિક્ષકનું નામ : **ધોળકીયા ભાવેશભાઈ બળદેવભાઈ**

Mobile : 97231 59165

Email : dholkiyabhaveshb@gmail.com

શાળાનું નામ : **શ્રી ખાખરાવાળી પ્રા. શાળા, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર**

## હેતુઓ :

- સામાજિક વિજ્ઞાનના વિષયવસ્તુના કઠીનબિંદુ બાળકો સરળતાથી સમજી શકે.
- બાળકોની ગ્રહણશક્તિમાં વૃધ્ધિ થાય.
- બાળકોના ટેક્નોલોજીકલ જ્ઞાનમાં વધારો થાય છે.

## સાધન સામગ્રી :

- મોબાઈલ ફોન
- લેપટોપ
- ઇન્ટરનેટ જોડાણ
- પ્રોજેક્ટર

## કાર્ય પધ્ધતિ :

- સૌ પ્રથમ મેં સામાજિક વિજ્ઞાન વિષયના વિષયવસ્તુના મુદ્દાને ઓડીયો-વિડીયો દ્વારા સંગ્રહ કર્યા.
- ત્યારબાદ તે વિડીયો મેં મારી યુ-ટ્યુબ ચેનલ "ALFA PLUS TECH" પર અપલોડ કર્યા બાદ વિદ્યાર્થીઓ શાળા સમયબાદ પણ જોઇ શકે.
- જે મુદ્દો શાળામાં ભણ્યા હોય તે પોતાના ઘરે જઇને તેના વાલીના મોબાઇલ પર જોઇ શકે. અને જેથી વિષયવસ્તુનું પુનરાવર્તન પણ થઇ શકે.
- બીજા દિવસે જ્યારે એ મુદ્દાઓની પ્રશ્નોત્તરી કરવામાં આવે ત્યારે બાળકો સરળતાથી તેના જવાબ પણ આપી શકતા.

## મૂલ્યાંકન :

- બાળકો વિડીયો નિહાળ્યા બાદ એકમને અનુરૂપ પ્રશ્નોત્તરી કરવામાં આવે છે.
- અને દર અઠવાડીયે ક્વિઝનું પણ આયોજન કરવામાં આવે છે.

## પરિણામ :

- આ ડિજીટલ ચેનલ વડે વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયમાં એકમ કસોટી અને પ્રથમ સત્રાંત પરિક્ષામાં નીચે મુજબ પરિણામ મેળવેલ છે.

| ધોરણ | ટકાવારી |
|---|---|
| ૬ | ૬૫% |
| ૭ | ૭૦% |
| ૮ | ૭૦% |



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **ભાગુસબા મશીન**

શિક્ષકનું નામ : **રાજપરા સંદિપકુમાર રમેશભાઈ**
Mobile : 95866 50464
Email : sandiprajapara1406@gmail.com

શાળાનું નામ : શ્રી દેવળિયા પે. સેન્ટર શાળા, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર



## હેતુઓ :

- ધોરણ ૩ થી ૮ના બાળકો ગણિતની ચાર ક્રિયાઓ પૈકીની સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર મોડેલ દ્વારા સરળતાથી શીખી શકે.
- બાળક ઘડિયા પાડા કર્યા વગર ભાગાકાર કરી શકે તેમજ તર્કશક્તિનો વિકાસ થાય.
- બાળકો કોયડા તેમજ સમસ્યાનું સમાધાન કરવાની આવડત વિકશે.
- ગણિત વિષય પ્રત્યે બાળકોને રસરુચિ વધે.

## સાધન સામગ્રી :

- ૪ હાર્ડબોર્ડ
- રંગીન ચાર્ટ
- કટર
- કૂલ્ફીની સળી
- સ્કેચપેન
- કાગળના કપ
- સેલોટેપ

## કાર્ય પદ્ધતિ :

- સૌ પ્રથમ ૪ હાર્ડબોર્ડ લઇ ફેવિકોલ વડે તેનાં પર રંગીન ચાર્ટ લગાડો.
- ત્રણ હાર્ડબોર્ડ જેમાં સરવાળા, બાદબાકી તેમજ ગુણાકારમાં બે ભાગ પાડીશું.
- જ્યારે ભાગાકારના હાર્ડબોર્ડમાં ત્રણ ભાગ પાડીશું.
- પ્રથમ ભાગમાં જુદા જુદા અંકો લખી તેમાં કટરની મદદથી તેમાં કાણા પાડવા.
- સરવાળા, બાદબાકી અને ગુણાકારના મોડેલમાં બીજા ભાગમાં સમસ્યા તેમજ જવાબનું ખાનું બનાવીશું.
- જ્યારે ભાગાકારના બીજા ભાગમાં સમસ્યા, ભાગફળ અને શેષનું ખાનું બનાવીશું.
- ભાગાકારના ત્રીજા ભાગમાં કાગળના કપ ચોંટાડીશું. તેની ઉપર ભાગફળ લખીશું.
- આ રીતે ૪ મોડેલ તૈયાર કરીશું. હવે બાળકને આપેલ સમસ્યા પ્રમાણે બાળક પોતાની રીતે ૪ મોડેલમાંથી જે તે મોડેલને લગતા દાખલા બાળકો સરળતાથી દાખલા ગણશે.
- બાળકો પોતાની રીતે કૂલ્ફીની સળી લઇ તેમાં પ્રથમ ભાગમાં સળી ગોઠવતા જઇ દાખલા પોતાની રીતે ગણતા થશે.

## મૂલ્યાંકન :

- શિક્ષકશ્રીના અવલોકન દ્વારા બાળકોને મોડેલમાં દાખલા ગણાવવા.
- મૌખિક તેમજ લેખિત પરીક્ષા લેવી.
- વારાફરતી દરેક વિદ્યાર્થીને ઊભા કરી મોડેલ દ્વારા દાખલા ગણાવવા.
- કોયડારૂપી દાખલા આપવા.

## પરિણામ :

- કુલ ૫૦ બાળકોમાંથી ૪૫ બાળકો સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર આ મોડેલ દ્વારા ઝડપથી અને સરળતાથી ગણતા થયા.
- બાળકોને ગણિત વિષયમાં ખુબ જ રસ વધ્યો.
- બાળકોમાં તર્કશક્તિનો વિકાસ થયો.
- બાળકો ગણિત વિષયમાં સતત મહાવરો કરતા થયા.
- બાળકો ઝડપથી તેમજ ચોકસાઇથી કોયડા ઉકેલતા થયા.
- બાળકો એકમ કસોટી તેમજ સત્રની પરીક્ષામાં સારા માર્કસ લાવતા થયા.



Scanned with OKEN Scanner

ઈનોવેશનનું નામ : **ચાલો આદર્શ બનીએ.**

શિક્ષકનું નામ : **દિનેશભાઈ આર. રાઠોડ**
Mobile : 8758005800
Email : dinesh8758005800@gmail.com

શાળાનું નામ : **શ્રી ચમારજ પગાર કેન્દ્ર શાળા, તા.વઢવાણ, જિ.સુરેન્દ્રનગર.**



## હેતુઓ :

- વિદ્યાર્થીઓમાં નિયમિતતાના ગુણ વિકસે.
- વિદ્યાર્થીઓ નિયમિત શાળાએ આવતા થાય.
- બાળકોમાં આદર્શ ગુણોનો વિકાસ થાય.
- બાળકો પ્રાર્થનામાં ભાગ લેતા થાય.
- બાળકોની અનિયમિતતા દુર થાય.

## કાર્ય પદ્ધતિ :

- અમારી શાળામાં તોફાની બાળકોને આદર્શ બાળક બનાવવા માટે સૌ પ્રથમ મેં દરરોજ પ્રાર્થના સમયે સારા બાળકોને પ્રોત્સાહિત કરવાનું શરૂ કર્યું.
- આખી શાળામાંથી એક બાળકને આદર્શ બાળક તરીકે પસંદ કરી તેને ઇનામ આપી, પ્રોત્સાહિત કરવામાં આવતો હતો. આ પ્રયોગ એક મહિનો ચાલ્યો.
- બાળકને પુસ્તક, ચોપડો કે અન્ય ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવતા, ધીમે ધીમે તોફાની બાળકો મને કહેવા લાગ્યા કે સાહેબ મને આદર્શ બાળક બનાવોને, તો મેં કહ્યું કે તમે પહેલાં શાળામાં આદર્શ જેવું વર્તન કરો. સુધરો પછી તમારો વારો આવશે, ધીમે ધીમે તોફાની બાળકો સમયસર શાળાએ આવવા લાગ્યા અને પ્રાર્થનામાં ભાગ લેવા લાગ્યા.
- આવા બાળકોને આદર્શ બાળક તરીકે પસંદ કરી પ્રોત્સાહિત કરવાનું શરૂ કર્યું.
- આ કામ મારે શાળા પરિવારના શિક્ષક ભાઇ-બહેનોનો સહકાર લેવામાં આવ્યો.
- દર શનિવારે આદર્શ બાળકને પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- અને દર મહિનાના દાતા તરીકે શિક્ષક ભાઇ-બહેનોને તૈયાર કરવામાં આવ્યા.
- આ તોફાની બાળકો આજે આદર્શ બની શાળાના દરેક કાર્યમાં અગ્રેસર ભાગ લઇ રહ્યા છે.
- અને આવા બાળકો થકી આજે શાળા આદર્શ બની છે.
- આ અભિયાનમાં શાળાના આચાર્ય અને શિક્ષક ભાઇ બહેનોનો અમૂલ્ય ફાળો રહ્યો હતો...

## મૂલ્યાંકન :

- આદર્શ બાળકના મૂલ્યાંકનમાં શાળા પરિવારનાં સૌ શિક્ષક ભાઇ બહેનો અને આચાર્યશ્રી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે.
- બાળકો આદર્શ ભાવના ગુણ કેળવી શાળા વિકાસમાં ભાગ લેતા થયા છે.

## પરિણામ :

- અમારી શાળામાં તોફાની બાળકો આશરે ૩૫ જેવા હતા. જે હાલમાં ગણ્યા ગાંઠ્યા જ બાળકો છે.
- હાલમાં શાળાના મૂળ પ્રવાહમાં ભળવા લાગ્યા છે.
- શાળાના દરેક કાર્યમાં અગ્રેસર કામ કરી રહ્યા છે.
- શાળાને એક આદર્શ શાળા માટે સહભાગી બની શાળા વિકાસમાં કામ કરી રહ્યા છે, તેથી અમારી શાળા હાલ એક આદર્શ શાળા બનવા જઇ રહી છે.



Scanned with OKEN Scanner

ઈનોવેશનનું નામ : **અભ્યાસમાં રસ રૂચિ વધે એ માટે T.L.M. નિર્માણ**

શિક્ષકનું નામ : **સભાણી વિપુલકુમાર નાનજીભાઈ**

Mobile : 99259 39293

Email : vnsabhani@gmail.com

શાળાનું નામ : શ્રી પે.સે. શાળા - મોટા એકેવાળીયા, તા.ધ્રાંગધ્રા, જિ.સુરેન્દ્રનગર




## હેતુઓ :

- અભ્યાસમાં રસ-રૂચિ વધે.
- સર્જનાત્મક શક્તિનો વધારો થાય.
- બાળકો પ્રવૃત્તિશીલ બને.
- સમયનું મહત્ત્વ સમજે.
- તોફાન-મસ્તીનું પ્રમાણ ઘટાડી શકાય.

## સાધન-સામગ્રી :

- કાર્ડશીટ
- પુંઠા
- ફેવિકોલ
- માર્કર પેન
- માપપટ્ટી
- સોય-દોરો

## કાર્ય પદ્ધતિ :

- રિશેષ સમય દરમિયાન તેમજ અન્ય ફ્રી સમય દરમ્યાન બાળકોના તોફાન-મસ્તીનું વધુ પ્રમાણને ઓછું કરવા તેમજ અભ્યાસ અને શિક્ષણમાં વધુ રસ લેતા બને એ માટે એ સમસ્યાને નિવારવા માટે સૌ પ્રથમ ધોરણ છ થી આઠના બાળકોને ઇનોવેશન વિશે સમજ તેમજ જાણકારી આપવામાં આવી.
- ત્યારબાદ ભાષા વિષય અંતર્ગત બાળકોના ગ્રુપ બનાવવામાં આવ્યા. અને વિષય મુજબ વિદ્યાર્થીઓ ફ્રી સમયનો ઉપયોગ કરી શિક્ષકના માર્ગદર્શન મુજબ ભાષા વિશે સત્ર મુજબ વ્યાકરણ જેમાં સમાનાર્થી શબ્દ, વિરૂધ્ધાર્થી શબ્દ, શબ્દસમૂહ માટે એક શબ્દ, રૂઢિપ્રયોગ, શબ્દકોશના ક્રમ મુજબ તેમજ લેખક કવિ પરિચય - લેખક/કવિ, ફોટો ફ્રેમ તેમજ શબ્દ ભંડોળ દ્વારા ભાષા શિક્ષણ તથા વિરામ ચિહ્નો જેવા ટી.એલ.એમ. અને અંકો બનાવવામાં આવ્યા. જેનાથી બાળકો પ્રવૃત્તિશીલ રહેતા હોવાથી રિશેષ સમય દરમિયાન તોફાન મસ્તીનું પ્રમાણ ઘટાડી શકાયું.
- તેમજ જે પ્રવૃત્તિ અંતર્ગત બાળકો સતત પ્રવૃત્તિશીલ રહેવા લાગ્યા તેમજ નવું નવું બનાવવાની તેમજ નવા વિચાર કરવાની શક્તિમાં વધારો થયો અને સમયનું મહત્ત્વ સમજતા થયા. તેમજ નિયમિતતાનું પ્રમાણ પણ વધ્યું.
- આજે ધોરણ-૮ ના બાળકો ૧૦૦% હાજર રહે છે. જે ઇનોવેશનને આભારી છે.

## મૂલ્યાંકન :

- વર્ગખંડ હાજરી, સમયનું મહત્ત્વ અને અભ્યાસમાં રસ-રૂચિનો વધારો થયો.
- તેમજ કસોટી વખતે વાંચન માટે અંકનો ઉપયોગ.

## પરિણામ :

- બનાવેલ ટી.એલ.એમ. અંકનો ઉપયોગ કરી બાળકો વાંચન કરતા થયા તેમજ એકમ કસોટી અંતર્ગત વાંચન કરતા થયા.
- બાળકોમાં તોફાન-મસ્તીનું પ્રમાણ ઘટાડી શકાયું તેમજ અભ્યાસમાં રસ-રૂચિ ધરાવતા થયા.
- તેમજ બાળકોની સર્જનાત્મક શક્તિનો વધારો થયો.



Scanned with OKEN Scanner



ઇનોવેશનનું નામ : **ગણિત પૂરક સાહિત્ય**

શિક્ષકનું નામ : **વિરલકુમાર પ્રવિણચંદ્ર વ્યાસ**
Mobile : 99252 59474
Email : viralvyas1926@gmail.com

શાળાનું નામ : **શ્રી લીયા પ્રા. શાળા, તા.મુળી, જિ.સુરેન્દ્રનગર.**

## હેતુઓ :

- બાળકો પ્રવૃત્તિશીલ બને.
- જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય છે.
- બાળકો સમયનો સદ્‌ઉપયોગ કરે છે.

## કાર્ય પદ્ધતિ :

- સતત નવું શીખતા રહેવું એ સારા વિદ્યાર્થીનો ગુણ છે. તો
- પ્રજ્ઞાવર્ગમાં ધોરણ -૧ ના ૨૭ અને ધોરણ-૨ ના ૩૮ વિદ્યાર્થીઓમાં બાળકો ઝડપથી શીખી જાય છે.
- તે બાળકો પોતાનું વર્ગકાર્ય કરી સતત શિક્ષકને વ્યસ્ત રાખતા હોય છે જેને કારણે તેમનો સમય ન બગડે તેમને નિરાશ ન કરતા તેમની શીખવાની ઇચ્છાને સંતોષવા માટે ગણિત વિષયના વિષયવસ્તુના મુદ્દા આવરીને પૂરક સાહિત્ય બનાવ્યું છે અને આ બધા કાર્ડ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. જેમાં ધોરણ-૨ના ૧૨-૧૫ વિદ્યાર્થીઓમાં તેનો સારો પ્રતિસાદ મળ્યો અન તે વર્ગકાર્યમાં પ્રવૃત્તિશીલ રહે છે.
- તેની સાથે આજે ક્યુ નવું કાર્ડ મળશે તેની રાહ જોતા થયા.
- તેના કારણે હાજરીમાં નિયમિતતા, શિસ્ત તથા શિક્ષકની તમામ સૂચનાઓનું પાલન કરતા થયા અને સાથી મિત્રોને પણ મદદગાર બન્યા.
- આ નવતર પ્રયોગને કારણે આજદિન સુધી ૪૦% સુધીની સિદ્ધિ હાંસલ કરી છે.

## મૂલ્યાંકન :

- વર્ગકાર્ય દરમ્યાન પોતાનું શીખવાનું પૂર્ણ કરી નવા શૈક્ષણિક મુદ્દા શીખવા માટેની તત્પરતા જોવા મળી.

## પરિણામ :

- નવું શીખવાની ઇચ્છા અને વધારે શીખવાની ઇચ્છાને કારણે બાળકો હાજરીમાં નિયમિત, શિસ્તનું પાલન જેવી બાબતોનો વિકાસ થયો.



Scanned with OKEN Scanner



ઈનોવેશનનું નામ : **બાળકોમાં અક્ષર સુધારણા**

શિક્ષકનું નામ : **વિષ્ણુભાઈ સી. પ્રજાપતિ**

Mobile : 97278 54670

Email : jaykumarvcprjapati@gmail.com

શાળાનું નામ : **શ્રી પિયાવા-૧ પ્રા. શાળા**

## હેતુઓ :

- બાળકોમાં આત્મવિશ્વાસ વધે.
- સારા અક્ષરોનું ગૌરવ મેળવે.
- સારા અક્ષરોથી ઉત્સાહ વધે.
- લખવાનો ઉત્સાહ વધે.

## કાર્ય પદ્ધતિ :

- અમારી શાળાના ૨૮૦ જેટલા વિદ્યાર્થીઓમાંથી ઉચ્ચત્તર ધોરણમાંથી ૮ જેટલા બાળકો પસંદ કર્યા અને તેમને અલગથી પ્રયોગ પદ્ધતિથી કામ લીધું. શ્રુતલેખન, અનુલેખનનો વધુ મહાવરો કરાવ્યો, નોટબુકો વસાવી અને મૂલ્યાંકન ચાલુ કર્યું.
- અક્ષરોના કદ, મરોડ, વળાંક વગેરેની સમજ આપી.
- સારા અક્ષરોના નમુના બતાવ્યા અને લખાણની પદ્ધતિ સમજાવી.
- ઊભી, આડી, ત્રાંસી રેખાની સમજ આપી.
- શાળાના પાટીયા પર જ ચોકથી લખવાની છુટ આપી.
- ગમે તે લખો, અક્ષરો સુધારો.
- હળવેથી લખો, વળાંકો જૂઓ, મરોડ જોવાં જેવી પદ્ધતિઓ અપનાવી.
- ભીની માટીમાં આંગળીથી વળાંકો બતાવ્યા.
- પ્રાયોગિક કરાવ્યું. ચોક ત્રાંસો રાખી કાપા પર લખાણ શીખવ્યું.
- વારંવાર મહાવરો કરાવ્યો.
- અક્ષરોના કર્ટીંગ કરી દિવાલ પર લગાવ્યા.
- નોટબુકોનીતપાસણી કરી અને પરીણામમાં ઘણો જ સુધારો આવ્યો.

## મૂલ્યાંકન :

- બાળકોની અથાગ મહેનતને અંતે અક્ષરોમાં ઘણો જ સુધારો જોવા મળ્યો.
- દરેક બાળકને અલગથી સમજ આપી અને સુવાચ્ય સુંદર અક્ષરો વિશે સમજ આપી.
- ૮ બાળકોમાંથી ૬ બાળકોના અક્ષરોમાં હજી જોઈએ તેવો વિકાસ ન હતો તો તેમણે રિશેપના સમય દરમ્યાન અલગથી સમય ફાળવ્યો અને અક્ષરો સુધારવા પ્રયાસો કર્યા.
- કાતરથી અક્ષરોના કર્ટીંગ કરાવ્યા.
- નાની નાની બાબતો ધ્યાને રાખી બાળકોને ખૂબ ધીરજથી લખવા જણાવ્યું અને થોડા સમય બાદ તેમા સુધારો જોવા મળ્યો. હાલ પ્રયાસો ચાલુ છે.

## પરિણામ :

- ત્રણેક મહિનાની મહેનત બાદ બાળકોના અક્ષરોમાં ઘણો જ સુધારો જોવા મળ્યો. તેમના ઉત્સાહ અને આનંદમાં વધારો થયો.
- લખાણ લખવાનો કંટાળો નહિ પણ આનંદ આવવા લાગ્યો.
- સારા અક્ષરો એ હાથનું ઘરેણું છે એ પ્રમાણે બાળકોને ખુબ જ સારુ લાગ્યું.
- ૮ માંથી ૬ બાળકોના અક્ષરો ખુબ જ સારા બની ગયા અને બાકીના ૨ બાળકો પણ ધીમે ધીમે આગળ વધી રહ્યા છે. જે પણ થોડા સમય પછી સારા અક્ષરો કાઢતા થઈ જશે એવા પ્રયાસો ચાલુ છે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **રમતા રમતા ગણિત – પ્રજ્ઞા**

શિક્ષકનું નામ : **ઉષાબેન ગોપાલભાઈ સોલંકી**
Mobile : 95102 61859
Email :

શાળાનું નામ : **શ્રી પ્રા. શાળા નં.૪, થાનગઢ, તા.થાનગઢ, જિ.સુરનેદ્રનગર**



### હેતુઓ :

- રમતા રમતા ગણિત શીખ.
- ટી.એલ.એમ. દ્વારા ઝડપથી ગણિત શીખી શકે.
- ગણિત વિષય પ્રત્ય રસ-રૂચી વધે.
- પ્રજ્ઞા અભિગમમાં સંખ્યા જ્ઞાન, સરવાળા, બાદબાકી રસપૂર્વક શીખી શકે છે.

### કાર્ય પદ્ધતિ :

- ધોરણ-૧ ના બાળકો માટે આ નવતર પ્રયોગ છે.
- જેમાં ચિત્રો અને રમકડા જેવા ટી.એલ.એમ. દ્વારા બાળકો ધ્યાનર્પૂક, રસપૂર્વક, રમતા રમતા ઝડપથી ગણિત શીખી શકે છે.
- ગણિત શીખવામાં બાળકોને તકલીફ પડતી હતી. તેથી ચિત્રો અને રમકડા જેવા ટી.એલ.એમ. બનાવ્યા.
- ૧ થી ૧૦ ની ગણતરીના ટી.એલ.એમ., પતંગિયા, રીંગણ, દડા જેવા ચિત્ર બનાવી તેની ઉપર લખેલ ગાણિતિક ક્રિયા, વિવિધ આકારને લગતા ટી.એલ.એમ., ફૂલ છોડ જેવા ટી.એલ.એમ., માછલીના મોડેલમાં સંખ્યાજ્ઞાન, ખુટતી સંખ્યા લખો, વગેરે જેવા અનેક ટી.એલ.એમ. બનાવ્યા.
- જેના દ્વારા બાળકો જાતે પણ ટી.એલ.એમ. દ્વારા શીખી શકે છે.

### મૂલ્યાંકન :

- સંખ્યાજ્ઞાનની ચકાસણી માટે સંખ્યાની ઓળખ, ગણતરી કરાવી પલાખા લખાવ્યા.
- સરવાળા - બાદબાકી માટે વ્યવહારિક કોયડા પૂછ્યા.
- પાટીમાં, નોટમાં દાખલા ગણવા આપ્યા.
- નાની-મોટી સંખ્યા, આગળ-પાછળની સંખ્યા વગેરેના મૂલ્યાંકનની ચકાસણી માટે કાર્ડ બનાવ્યા. તેના દ્વારા ચકાસણી કરી.

### પરિણામ :

- પ્રજ્ઞા અભિગમમાં ટી.એલ.એમ. દ્વારા બાળકોને શીખવવાથી તે ઝડપથી શીખે છે.
- ચિત્રો અને રમકડા જેવા ટી.એલ.એમ. બનાવવાથી બાળકોની ગણિત પ્રત્યેની રસ-રૂચી વધી છે.
- બાળકોમાં ગણિતનું પાયાનું જ્ઞાન જેમકે સંખ્યા જ્ઞાન, સરવાળા, બાદબાકીની સંકલ્પના સ્પષ્ટ થવા લાગી છે.
- રમતા રમતા ગણિત શીખી શકે છે.
- બાળકો ગણિત જેવા વિષયમાં ધ્યાન કેન્દ્રિત કરવા લાગ્યા છે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **"હસ્તાક્ષર સુધારણા અભિયાન"**

શિક્ષકનું નામ : **ઉદયકુમાર ભીખાલાલ મકવાણા**

Mobile : 99989 69093
Email : ujmm.ujmm@gmail.com

શાળાનું નામ : **શ્રી પે. સેન્ટર શાળા નં.૫, "બાલાશ્રમ", સુરેન્દ્રનગર**



## હેતુઓ :

(૧) અક્ષરોના મરોડ (૨) સીધી લીટીમાં લખાણ (૩) અક્ષરોની ઉંચાઇ અન પહોળાઇ (૪) અક્ષરો અને શબ્દો વચ્ચેનું અંતર.
ઉપરોક્ત ચાર બાબતોના સંદર્ભમાં ગુજરાતી ભાષાના હસ્તાક્ષરોમાં વિદ્યાર્થીઓ કૌશલ્ય પ્રાપ્ત કરે.

## કાર્ય પદ્ધતિ :

- નવતર પ્રયોગ પહેલા અનુલેખન પૂર્વકસોટી લેવામાં આવેલ હતી, જેમાં ધોરણ ૭ (બ)નાં કુલ ૪૧ વિદ્યાર્થીઓમાંથી ૨૭ વિદ્યાર્થીઓના અક્ષરોમાં ઉપરોક્ત ચાર બાબતો યોગ્ય જણાઇ નહોતી.
- પૂર્વકસોટીના આધારે નબળા અક્ષરો થવા માટેના કેટલાક કારણો જાણવા મળેલ.
- (૧) બેસવાની ખામીવાળી રીત (૨) બોલપેન પકડવાની અયોગ્ય રીત-લંબ રાખીને લખતા હોય (૩) ઉતાવળથી લખવાની ટેવ (૪) હસ્તાક્ષરનું પ્રારંભિક શિક્ષણ મળ્યું ન હોય.
- વિદ્યાર્થીઓના અક્ષર સુધારણા માટે પંદર દિવસનો ખાસ કાર્યક્રમ "હસ્તાક્ષર સુધારણા અભિયાન" હાથ ધરવામાં આવ્યો. આ નવતર પ્રયોગમાં પી.એચ.ડી., એમ.ફિલ. અને એમ.એડ્. કક્ષાએ થયેલા સંશોધનોનો અભ્યાસ કરી છ પ્રકારની પેટર્ન તૈયાર કરવામાં આવી. ડબલ લાઇન બૂકમાં પેટર્ન મુજબ પંદર દિવસ સુધી અભ્યાસ કરવામાં આવ્યો.
- પેટર્ન-૧ : oooo-oooo-oooo- આ મુજબ ચાર ચાર વર્તુળ નોટબૂકની ઉપર અને નીચેની લાઇનને સ્પર્શે તે રીતે સમાન કદ થાય ત્યાંસુધી પ્રેક્ટીસ કરાવવી. ચાર વર્તુળ પછી એક વર્તુળ જેટલી જગ્યા રાખવી, જેથી વિદ્યાર્થીઓમાં બે શબ્દ વચ્ચે જગ્યા રાખવાની ટેવ પડે. આ પેટર્ન પરથી ગ, ચ, મ, ન, ર, શ, સ, ણ, ઝ, અક્ષરો લખાવવાની પ્રેક્ટીસ કરાવી.
- પેટર્ન-૨ : ClCl-ClCl-ClCl- આ પેટર્ન પરથી ત, વ, બ, લ, ળ, ભ લખાવવાની પ્રેક્ટીસ કરાવી.
- પેટર્ન-૩ : ડાડાડાડા-ડાડાડાડા-ડાડાડાડા - આ પેટર્ન પરથી ડા, કા, ઠા, હા, ફા લખાવવાની પ્રેક્ટીસ કરાવી.
- પેટર્ન-૪ : ટાાટાાટાાટાા - ટાાટાાટાાટાા - ટાાટાાટાાટાા - આ પેટર્ન પરથી ટ, ઢ, ય, થ, ખ, પ, ષ, જ્ઞ લખાવવાની પ્રેક્ટીસ કરાવી.
- પેટર્ન-૫ : દાદાદાદા- દાદાદાદા- દાદાદાદા- આ પેટર્ન પરથી દ, ધ, ઘ, છ, લખાવવાની પ્રેક્ટીસ કરાવી.
- પેટર્ન-૬ : (મિશ્ર પેટર્ન) : ૩ા૩ા૩ા૩ા - ૪ા૪ા૪ા૪ા - ૬ા૬ા૬ા૬ા - આ પેટર્ન પરથી ઉ, ઊ, જ, ક્ષ, ત્ર, ઋ લખાવવાની પ્રેક્ટીસ કરાવી.
- ઉપરોક્ત છ પેટર્નના અભ્યાસની શરૂઆત કરતા પહેલા કાંડા અને આંગળીના પરિભ્રમણની હળવી કસરત કરાવવી પછી ક્રમશઃ બે, ત્રણ અને ચાર અક્ષરોના શબ્દો બનાવી શબ્દોનું અનુલેખન અને શ્રુતલેખન કરાવ્યું ત્યાર પછી વાક્ય લખવાની પ્રેક્ટીસ કરાવી.

## મૂલ્યાંકન :

- નવતર પ્રયોગ બાદ અનુલેખન ઉત્તરકસોટી લેવામાં આવેલ હતી. (૧) અક્ષરોના મરોડ (૨) સીધી લીટીમાં લખાણ (૩) અક્ષરોની ઉંચાઇ અને પહોળાઇ (૪) અક્ષરો અને શબ્દો વચ્ચેનું અંતર.
- ઉપરોક્ત ચાર બાબતોના સંદર્ભમાં ઉત્તર કસોટીનું મૂલ્યાંકન કરવામાં આવેલ.

## પરિણામ :

- અક્ષરોના મરોડ પ્રયોગ પહેલા એક વિદ્યાર્થીના યોગ્ય હતા જ્યારે પ્રયોગ બાદ ૨૨ વિદ્યાર્થીઓના યોગ્ય થયા છે.
- સીધી લીટીમાં લખાણના સંદર્ભમાં પ્રયોગ પહેલા ૬ વિદ્યાર્થીના યોગ્ય હતા જ્યારે પ્રયોગ બાદ ૨૪ વિદ્યાર્થીઓના યોગ્ય થયા છે.
- અક્ષરોની ઊંચાઇ અને પહોળાઇના સંદર્ભમાં પ્રયોગ પહેલા ૬ વિદ્યાર્થીના યોગ્ય હતા જ્યારે પ્રયોગ બાદ ૨૨ વિદ્યાર્થીઓના યોગ્ય થયા છે.
- અક્ષરો અને શબ્દોના વચ્ચે અંતરના સંદર્ભમાં પ્રયોગ પહેલા ૪ વિદ્યાર્થીના યોગ્ય હતા જ્યારે પ્રયોગ બાદ ૨૨ વિદ્યાર્થીઓના યોગ્ય થયા છે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **મારી શાળા, હરિયાળી શાળા, ગમતી શાળા**

શિક્ષકનું નામ : **ડાંગર વિરમભાઈ નાનુભાઈ**

Mobile : 90994 41555 | Email : vrmdangar@gmail.com

YouTube Channel : Gadhechi Primary School

શાળાનું નામ : **શ્રી ગઢેચી પ્રાથમિક શાળા, તા.ચોટીલા**



## હેતુઓ :

- શાળા હરિયાળી બને.
- બાળકોને ગમતું વાતાવરણ બને.
- મૂલ્ય શિક્ષણ મેળવે.
- હાજરી બાબત નિયમિત બને.
- પર્યાવરણ પ્રત્યે જાગૃત બને.
- વૈશ્વિક સમસ્યાઓથી માહિતગાર બને.

## કાર્ય પદ્ધતિ :

- શાળામાં જ્યારે હાજર થયેલો, શાળા વૃક્ષો વગરની નિર્જીવ શુષ્ક લાગતી.
- જેના કારણે બાળકોને શાળામાં આવવું ઓછું ગમતું.
- શાળાનું વાતાવરણ જીવંત કરવા અન બાળકોમાં પર્યાવરણની જાગૃતિ લાવવા તેમજ નિયમિત કરવા અભિયાન શરૂ કર્યું. ''મારી શાળા, હરિયાળી શાળા, ગમતી શાળા'' જેના અનુસંધાને બાળકોન સાથે રાખી પથરાળ જમીનમાં ૧૫૦ કરતા વધારે વૃક્ષો વાવી તેની માવજત પાણીની અછતમાં ડંકીના સહારે બાળકોની ટીમ બનાવી કરવામાં આવી.
- બાળકોમાં સ્વચ્છતા, નિયમિતતા, પર્યાવરણ જાગૃતતા, મૂલ્ય શિક્ષણમાં બધા ગુણો કેળવાય અને બાળકોને ગમતી શાળા બને એ માટે ૨૦૦૯ થી સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.
- બાળકોને પ્રોત્સાહિત કરતા જતા અને શાળાને એક નવું રૂપ આપવાના સતત પ્રયત્ન કરતા રહ્યા.
- આ ઇનોવેશનમાં શાળાના તમામ બાળકોને સાંકળવામાં આવ્યા.
- બધા બાળકો પોતાની કક્ષા પ્રમાણ યોગદાન આપતા રહે છે.

## મૂલ્યાંકન :

- બાળકોને હાજરી તપાસી, પર્યાવરણની ડીબેટ ગોઠવી, વૃક્ષો વિશેની માહિતીના પ્રશ્નો, આરોગ્યમાં પર્યાવરણની ઉપયોગીતા જાણીને બાળકોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

## પરિણામ :

- નિયમિતતામાં ૧૦૦% જેટલો સુધારો જોવા મળ્યો, જે બાળકોને શાળાએ આવવું ગમતું ન હતું એ બાળકો હવે દોડતા શાળાએ આવે છે.
- પર્યાવરણ જાળવણી ૧૦૦% જોવા મળે છે. પક્ષીઓ પ્રત્ય સંવેદના ૧૦૦% જોવા મળ છે. પ્રદૂષણ જાગૃતિ ૧૦૦%, ઔષધિ માહિતી મેળવે છે. અધ્યયન નિષ્પત્તિની સિદ્ધિ ૭૦%, વ્યક્તિત્ત્વ વિકાસના ૪૦ મુદ્દામાં ખુબ જ ઉપયોગી સાબિત થયું છે.
- તમામ બાળકોમાં સ્વચ્છતા, નિયમિતતા, સંવેદના, પર્યાવરણ જાળવણી, નૈતિક ફરજ, મદદ, કાળજી જેવા ગુણો, મૂલ્યશિક્ષણ આપવામાં ચોક્કસ સફળ થયા છીએ.



Scanned with OKEN Scanner

ઈનોવેશનનું નામ : **ધોરણ-૪ માં ચિત્ર પરથી વાંચન (હિન્દી)**

શિક્ષકનું નામ : **રમેશચંદ્ર સી. મુલિયા**

Mobile : 95743 60562

Email : rcmuliya1978@gmail.com

શાળાનું નામ : **શ્રી પે. સેન્ટર શાળા નં.૭, જોરાવરનગર, તા.વઢવાણ.**



## હેતુઓ :

- બાળકો શાળામાં નિયમિત આવતાં થાય.
- બાળકો રસપૂર્વક વાંચન કરતાં થાય.
- બાળકો સરળતાથી વાંચતાં શીખે.
- બાળકો ચિત્ર અને મૂળાક્ષર ઓળખીને વાંચતાં થાય.

## કાર્ય પદ્ધતિ :

- શ્રી પે સેન્ટર શાળા નં.૭, જોરાવરનગર ધોરણ-૪ માં ૩૦ બાળકોને ધ્યાને લઈ આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો. જેમાં ધો.૪ માં હિન્દી વિષયના પ્રારંભિક શિક્ષણકાર્યમાં હિન્દી મૂળાક્ષરો શીખવવામાં ખૂબ જ મુશ્કલી પડતી હતી. તેથી મને લાગ્યુ કે બાળકોને ચિત્રો ખૂબ જ ગમતા હોય છે એટલે મે જુલાઈ-૨૦૧૯ થી આ નવતર પ્રયોગની શરૂઆત કરી.
- મેં નગારાનું ચિત્ર દોર્યું અને રોજ ચિત્રની બાજુમાં ''ન'' મૂળાક્ષર લખ્યો.
- આ રીતે માછલીનું ચિત્ર દોર્યું, બાળકો તરજ ''મ'' મૂળાક્ષર સમજી ગયા.
- ઉપરોક્ત પ્રક્રિયાનું વારંવાર પુનરાવર્તન કર્યું. આમ બાળકો સમક્ષ દરેક મૂળાક્ષરના ચિત્રો વારાફરતી દર્શાવવામાં આવતા.
- બાળકો તરત જ જે તે ચિત્રને અને મૂળાક્ષરને ઓળખી લેતાં.
- તેમાં લખેલા શબ્દો વાંચતાં થયા, પુનરાવર્તિત પ્રક્રિયાને અંતે આજે ૨૨ બાળકો ચિત્રો સાથે મૂળાક્ષરો ઓળખી વાંચતાં થયા.
- હું દરરોજ બાળકોને નવા નવા શબ્દો મૂળાક્ષર સાથે વંચાવતો. આમ બાળક કાર્ડમાં જોઈ મૂળાક્ષર ઓળખી જતાં અને શબ્દો વાંચતા.
- આમ આ પ્રયોગથી ધોરણ-૪ ના મારા વર્ગના ૩૦ બાળકોમાંથી ડિસેમ્બર-૨૦૧૯ સુધીમાં ૨૨ બાળકો એટલે કે ૮૦% બાળકો સરળતાથી વાંચતા શીખી ગયા.

## મૂલ્યાંકન :

- દરેક બાળકને વ્યક્તિગત ચિત્રોવાળા મૂળાક્ષર કાર્ડ વંચાવવામાં આવતાં.
- જ્યાં મુશ્કેલી લાગે ત્યાં માર્ગદર્શન આપવામાં આવતું.

## પરિણામ :

- બાળકો શાળામાં નિયમિત આવતાં થયાં.
- બાળકોમાં વાંચન પ્રત્યે રસ જાગૃત થયો.
- બાળકો ચિત્ર દ્વારા સરળતાથી મૂળાક્ષરો ઓળખતાં થયાં.
- બાળકો સરળતાથી વાંચતાં થયાં.
- મારા વર્ગના ધો.૪ ના ૩૦ બાળકોમાંથી ૨૨ બાળકો એટલે કે ૮૦% બાળકો વાંચતાં થયાં.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **હાજરી ધ્વજ**

શિક્ષકનું નામ : **લખતરીયા ચિરાગકુમાર બી.**

Mobile : 97264 07143
Email : chlakhatariya@gmail.com

શાળાનું નામ : **શ્રી વગડીયા ઉચ્ચ પ્રા. શાળા, તા.મુળી, જિ.સુરેન્દ્રનગર**



## હેતુઓ :

- શાળામાં વિદ્યાર્થીઓની ગેર હાજરીનું પ્રમાણ ઘટે.
- બાળકને શાળાએ આવવા માટેનું મન ગમતું કારણ મળી રહે.

## કાર્ય પદ્ધતિ :


- હરિફાઇ એ આપણો જન્મજાત ગુણ રહેલો હોય છે. તેને જો તંદુરસ્ત દિશામાં વાળવામાં આવે તો દરેક ક્ષેત્રમાં જેમ સારા પરિણામ આપે છે તેમ શાળા કેમ્પસમાં પણ આપી જ શકે. શાળાને પડતી મુશ્કેલીના ઉપાયમાં તંદુરસ્ત હરિફાઇ વડે જો કોઇ પ્રકારે બાળકોને જોડવામાં આવે તો શાળાના કેમ્પસનું વાતાવરણ એવું બની રહે છે કે જાણે શાળાની એ મુશ્કેલીના ઉકેલ માટે આખી ને આખી શાળા મહેનત કરી રહી હોય !
- અમારી શાળામાં બાળકોની ગેરહાજરી માટેના પ્રશ્નોનો વર્ષોથી સામનો કરી રહ્યાં છીએ. વાલી સંપર્કથી લઇને મોબાઇલ ફોનના કોલ સુધીના પ્રયત્નો પછી પણ ૧૦૦% હાજરી કરવામાં અમને સફળતા નથી સાંપડી. 'ઘરે કામ છે, નાના ભાઇ-બહેનને રાખવાના છે, વાડીએ કામ છે.' આવા કારણો જાણવા મળે છે, શિક્ષણના અભાવે અજાગૃત વાલીઓ બાળકોને શાળાએ મોકલતા નથી.
- ભણીને ક્યાં નોકરી કરાવી છે ? એવું પણ કહે છે. આવા પરિવારના બાળકોમાં શાળાએ આવવા રોજેરોજના કારણ મળે ''શાળામાં કાલે આવજે, ઘરે કોઇપણ કામ હોય તો પણ પતાવી જલ્દીથી આવી જજે'' એવું શાળા કે શિક્ષકને બદલે તેનો સહાધ્યાયી મિત્ર બોલતો થાય તેવું કંઇક કરવાના આયોજન સાથેનો નવતર પ્રયોગ 'હાજરી ધ્વજ'.
- હાલ આ પ્રયોગ ધોરણ-૬ માં મુક્યો છે. પછી ધોરણ-૭ અને ધોરણ-૮ ને જોડવામાં આવશે. ધ્વજના કલર પસંદગીમાં છોકરાઓએ કેસરી કલર અને છોકરીઓએ લીલો કલર પસંદ કર્યા છે. હવે હાજરીના ટકાના પ્રમાણમાં જેઓની હાજરીના ટકા વધારે હશે તેઓનો ધ્વજ શાળા ભવન પર તે દિવસે ફરકતો ગણાશે. ગેર હાજર રહેવાનું થાય તો પણ શાળામાં રૂબરૂ આવી વર્ગ શિક્ષકને મળી ઘર રહેવાનું કારણ જણાવનારને પણ હાજરી ધ્વજમાં ગણી લવામાં આવશે. જેવા નિયમો બાળકોને હાજરી માટેની મહેનત કરવાં પ્રેર્યા છે.
- થોડા દિવસના અનુભવનાં આધારે કહીએ તો હાજરી માટેની મહેનતનો માહોલ બની ગયો છે. હવે આ માહોલમાં નવા નવા ટ્વીસ્ટ ઉમેરીને પ્રોત્સાહિત રાખવાની જવાબદારી અમારા સૌની છે.

## મૂલ્યાંકન :

- વર્ગ હાજરી, બાળકો સાથે ચર્ચા.

## પરિણામ :

- આ પ્રયોગ પહેલાં વર્ગમાં બાળકોની ગેર હાજરીનું પ્રમાણ વધુ હતું. બાળકને શાળામાં લાવવા માટે ફક્ત શિક્ષક પ્રયત્ન કરતાં. તો પણ વર્ગના ૪૪ બાળકોમાંથી ૧૫ જેટલા બાળકો ગેર હાજર રહેતા. હવે આ પ્રયોગના અમલ પછી બાળકો જાતે પોતાના સહાધ્યાયી મિત્રોને શાળા આવવા સમજાવે છે. એવું કહી શકાય કે હાજરીની આ સમસ્યાના ઉકેલ માટે હવે ફક્ત શિક્ષક જ નહી પણ આખો વર્ગ મહેનત કરી રહ્યો છે.
- પ્રયોગ શરૂ કર્યાના થોડા દિવસોમાં જોવા મળે છે કે જે બાળક ગેરહાજર હોય તેના ઘરે વર્ગના બાળકો દરરોજ જાય છે ને શાળાએ આવવાં માટે કહે છે. હવે ૪૪ માંથી ૪-૫ બાળકો જ કે જે બહારગામના છે તે જ નથી આવતા. બાળકો સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું કે તેઓ સાંજે ગેર હાજર રહેલ બાળકની યાદી બનાવે છે ને આજુ બાજુમાં રહેતા બાળકને તેના ઘરે જવાની જવાબદારી સોંપે છે. આમ, વિદ્યાર્થીઓ પણ તેઓની રીતે આયોજન બનાવી કામ કરે છે.



ઇનોવેશનનું નામ : **Making English Easy...**

શિક્ષકનું નામ : **મકવાણા જયશ્રીબેન રાજેન્દ્રભાઇ**
Mobile : 76220 16354
Email : jngohel11513@gmail.com

શાળાનું નામ : **શ્રી જાનીવડલા પ્રા. શાળા-૧, તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગર**



## હેતુઓ :

- બાળકોમાં અંગ્રેજી વિષય પ્રત્યે રસરૂચિ વધે.
- બાળકો અંગ્રેજીમાં સ્પેલીંગ સરળતાથી યાદ રાખી શકે.
- બાળકો અંગ્રેજી વાંચતા થાય.
- બાળકો અંગ્રેજીની વાક્યરચના સમજે.
- અંગ્રેજીમાં સૂચનાઓ બાળકો સમજે અને પ્રશ્નોમાં જવાબ આપે.
- બાળકોનું અંગ્રજી શબ્દભંડોળ વધે.

## સાધન સામગ્રી :

- પૂંઠા, કાર્ડ શીટ્સ, કેન્ડી સ્ટીક્સ, પેપર ગ્લાસ વગેરે.

## કાર્ય પદ્ધતિ :

- બાળકોને પ્રથમ તો ફોનીક્સ શીખવવા માટે ટી.એલ.એમ.નું નિર્માણ કરવામાં આવેલ છે. બાળકો અંગ્રેજીનાં સ્પલીંગ સરળતાથી યાદ રાખી શકે તે માટે two letters words, C.V.C. word, rhyming words, four letters words, sight word વગેરેનાં આકર્ષક શૈક્ષણિક સાધનોનું નિર્માણ કરવામાં આવેલ.
- વિવિધ અધ્યયન નિષ્પત્તિઓ સિધ્ધ કરવા આકર્ષક મોડેલ, ચાર્ટસનું નિર્માણ કરવામાં આવેલ છે.
- તેમજ પાઠમાં આવતી Activities સરળતાથી સમજી શકે તે માટે વિવિધ મોડેલ્સનું નિર્માણ કરવામાં આવેલ છે.

## મૂલ્યાંકન :

- બાળકોને સ્પેલીંગ પૂર્તિ કરાવીને
- બાળકોને ફકરો વંચાવીને
- બાળકોને સ્પેલીંગ ગેઇમ્સ રમાડીને
- ચિત્રવર્ણન કરાવીને.

## પરિણામ :

- બાળકોની અંગ્રેજી વિષયમાં રસ-રૂચિ વધી છે.
- બળકો સરળતાથી સ્પેલીંગ યાદ રાખી શકે છે.
- બાળકો અંગ્રેજી વાંચતા થયા છે.
- બાળકો ચિત્રવર્ણન કરી શકે છે.



Scanned with OKEN Scanner



ઈનોવેશનનું નામ : **કુદરતી અને રાષ્ટ્રિય સંપત્તિની જાણકારી ને જાળવણી કરાવીને જાગૃતિ લાવવી.**

શિક્ષકનું નામ : **પંડ્યા હિતેષકુમાર કિશોરભાઈ**
Mobile : 98245 67899

શાળાનું નામ : **શ્રી જીવણસિંહ કેળવણી મંડળ હાઈસ્કૂલ, લીંબડી.**

## હેતુઓ :

- બાળકોને કુદરતી સંસાધનની જાણકારી મેળવે અને જાળવણી કરતા શીખે.
- બાળકોને રાષ્ટ્રિય સંપત્તિની જાણકારી મેળવે અને જાળવણી કરતા શીખે.
- બાળકો તેનો ઉપયોગ કરી કુદરતી અને રાષ્ટ્રિય સંપત્તિને કેવી રીતે જીવનમાં જોડે તેની જાણકારી મેળવે.
- કુદરતી અને રાષ્ટ્રિય સંપત્તિન જાળવવા માટે જાગૃતિ મેળવી શકે.

## સાધન-સામગ્રી :

- અભિનય
- પ્રશ્નોત્તરી
- ચોપાનીયા
- વક્તવ્ય
- મુલાકાત
- કોમ્પ્યુટર

## કાર્ય પદ્ધતિ :

- ધોરણ-૯ અને ૧૦ ના બાળકોને કુદરતી અને રાષ્ટ્રિય સંપત્તિની સૌ પ્રથમ જાણકારી આપીને ત્યારબાદ તેના વિશેની સજાગતા માટે વિવિધ સાધનોથી પવૃત્તિ કરાવવી.
- પ્રવૃત્તિ દરમ્યાન પડતી મુશ્કેલીઓને દૂર કરવા ઉપાય જણાવવા.
- અને બંને સંપત્તિ આપણા દરેકના જીવનમાં કેવી રીતે ઉપયોગી બનાવી શકીએ તે માટે સમજૂતી આપવી.
- વર્ગદીઠ અને જાતિયતા આધારે ભાઈઓ બહેનોની ટીમ બનાવીને શાળા, ગામ, ઘર તેમજ વ્યક્તિગત રીતે બંને સંપત્તિને બચાવવા માટે શું કરી શકે તેવી પ્રવૃત્તિમાં જોડીને વારંવાર ઈનામો દ્વારા પ્રોત્સાહિત કરીને ભારતીય નાગરિક તરીકેની શ્રેષ્ઠતા પૂરવાર કરવા માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન આપીને બંને સંપત્તિનું મહત્ત્વ કાયમી રીતે જીવનશૈલીમાં ગોઠવી આપવું.

## મૂલ્યાંકન :

- શાળામાં વક્તૃત્વ સ્પર્ધા અને પ્રશ્નોત્તરી મંચ દ્વારા કુદરતી અને રાષ્ટ્રિય સંપત્તિની જાગૃતતા વિશેનું માપદંડ નક્કી કરી શકાય છે.
- વિદ્યાર્થીઓના ગામ કે ઘરની મુલાકાત દ્વારા તેમાં થયેલા ફેરફારો વિશે માપદંડ નક્કી કરવા.
- શ્રેષ્ઠ કામગીરી કરે તે માટે ચેલેન્જરૂપે ઈનામોની જાહેરાત કરવી.

## પરિણામ :

- એક વર્ષ દરમ્યાન બાળકોનું ઘર, ગામ, શાળા, જાહેર મિલ્કત કે જાહેર સ્થળો પર પોતાનું વર્તન હકારાત્મકતા અને સાચવણીવાળું જોવા મળે અને દેશપ્રેમ અને દેશ પ્રત્યેની ભાવના સફળતાયુક્ત રીતે જોઈ શકાય છે.
- ઉપરોક્ત ઈનોવેશનમાં શરૂઆતમાં બંને પ્રકારની સંપત્તિ પ્રત્યે ૫ થી ૮% જાગૃતતા ધરાવતા હતા જે પાંચ માસના અંતે ૫૦ થી ૬૦% પરિવર્તન થતું જોવા મળે છે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **બાળસાહિત્ય ભેટ પુસ્તિકા**

શિક્ષકનું નામ : **લાલજીભાઈ ભવાનભાઈ પંચાલ**

Mobile : 94273 23046 / 63535 61124
Email : panchallaljibhai@gmail.com

શાળાનું નામ : **શ્રી હાથીપુરા પ્રા. શાળા., તા.પાટડી**



## હેતુઓ :

- વિદ્યાર્થીઓના જન્મદિનની ઉજવણી કરવી.
- જન્મદિન નિમિત્તે બાળકોને ભેટ સ્વરૂપે એક નાની પુસ્તિકા આપવી.
- ભેટપુસ્તિકા દ્વારા બાળકોમાં વાંચન-લેખન-ગીતોના કૌશલ્યોને વિકસાવવા.
- વિદ્યાર્થીની કક્ષાને અનુરૂપ ભેટ પુસ્તિકા આપવી. (વાર્તા, જોડકણા,ગીતો, શબ્દપોથી...)
- પુસ્તક નાનું અને ભેટમાં મળેલું હોઇ તે વધુ વાંચે છે.
- વીર, તેજસ્વી અને પ્રતિભાસંપન્ન બાળકોનાં જીવનપરિચય દ્વારા મૂલ્ય શિક્ષણ.

## કાર્ય પદ્ધતિ :

- આ ઇનોવેશન અંતર્ગત આખર તારીખે તે પછીનાં મહિને આવતાં વિદ્યાર્થીઓનાં જન્મદિવસનાં શુભેચ્છાકાર્ડ બાળકોને અગાઉથી આપી દેવામાં આવે છે.
- જન્મદિવસે વિદ્યાર્થીનું નામ સુવિચાર બોર્ડ અને પ્રાર્થનાપોથીમાં લખાય છે. અને પ્રાર્થનાસભામાં બાળકના જન્મદિવસની ઉજવણી થાય છે.
- અને વિદ્યાર્થીઓને જુદીજુદી પુસ્તિકાઓ પૈકી એક પુસ્તિકા ભેટ સ્વરૂપે આપવામાં આવે છે. જેથી તેમનામાં સન્માન અને સંતોષની લાગણી થાય છે.
- તે વધુ વાંચવા પ્રેરાય છે. અને તેનામાં રહેલી વાંચન-લેખનની કચાશ દૂર થાય છે.
- (ભેટ પુસ્તિકાઓ - વાક્ય વાંચનપોથી, બાળસાહિત્યપોથી, જોડકણા પોથી, ઉખાણા પોથી,બાળવાર્તા સંગ્રહ પોથી, બાળગીત પોથી, ગાણિતિક ગીત પોથી, કબીર દુહાવલી, શબ્દ પોથી, સુવિચાર પોથી, વીર બાળ પોથી વગેરે....)

## મૂલ્યાંકન :

- બાળસાહિત્ય ભેટ પુસ્તિકામાંથી વિદ્યાર્થીઓને વાંચન-લેખન કરાવવામાં આવ્યું.
- વિદ્યાર્થીઓ આ પુસ્તિકાનો ઉપયોગ કરે છે કે નહિ તેની જાણકારી વાલીઓ દ્વારા મેળવવામાં આવી.
- વિદ્યાર્થીઓ ખૂબ સારી રીતે વાંચન કરી શક્યા અને લેખનમાં પણ ખૂબ સારો સુધારો જોવા મળ્યો.

## પરિણામ :

- બાળકોના વાંચન-લેખનમાં સુધારો જોવા મળ્યો.
- વિદ્યાર્થીઓ રસપૂર્વક વાંચવા લાગ્યા.
- મને કાંઇક ભેટ મળી તેવો આનંદ બાળકના ચહેરા પર જોવા મળ્યો.
- વાંચેલું યાદ રાખવા લાગ્યા.
- વાંચનમાં ઝડપ જોવા મળી.



Scanned with OKEN Scanner

ઈનોવેશનનું નામ : **બનો ગણિતના બાદશાહ**

શિક્ષકનું નામ : **અજીતભાઈ એસ. ચાવડા**

Mobile : 94273 23046 96622 97298

Email : ajit.chavda230@gmail.com

શાળાનું નામ : **શ્રી સોમાસર પ્રા. શાળા, તા.મુળી, જિ.સુરેન્દ્રનગર**



## હેતુઓ :

- બાળકોનું ગણિતનું જ્ઞાન સચોટ અને ઝડપી બને.

## કાર્ય પધ્ધતિ :

- બનો ગણિતના બાદશાહ શ્રેણી અંતર્ગત કુલ ભાગ ૧૦ પી.ડી.એફ. કલરમાં બનાવવામાં આવે છે.
- જેમાં ધોરણ ૧ થી ૫ અને આગળ ઉપર ધોરણ ૬ થી ૮ માં ઉપયોગી થઈ શકે તેવી શૈક્ષણિક કાર્યપદ્ધતિ અપનાવેલ છે.
- જેના થકી બાળકો પોતાના ગણિતના જ્ઞાનને વિકસાવી શકે અને ઝડપ મેળવી શકે.

## મૂલ્યાંકન :

- બાળકોને આ પ્રવૃત્તિથી ગણિત વિષયમાં સચોટ જવાબ દેવાની ક્ષમતામાં અને ઝડપમાં ૫૦% વધારો જોવા મળ્યો છે.
- કેમ કે તેઓ પેન-પેન્સીલ કે નોટબૂક કે ચોકનો ઉપયોગ કર્યા વગર મૌખિક જવાબો આપતા થયા.

## પરિણામ :

- મૌખિક જવાબો આપવાની ક્ષમતામાં ખૂબ જ વધારો જોવા મળેલ છે.
- જવાબો સચોટ હોય છે.
- અર્થઘટન પણ કરી શકે છે.








ઈનોવેશનનું નામ : **"ગામનો સાથ શાળાનો વિકાસ"**

શિક્ષકનું નામ : **ચંપકભાઈ સી. કાનાણી**

Mobile : 99787 95674

Email : cckanani5387@gmail.com

શાળાનું નામ : **શ્રી પ્રથુગઢ પ્રા. શાળા, તા.ધ્રાંગધ્રા, જિ.સુરેન્દ્રનગર.**

## હેતુઓ :

- શાળાની શૈક્ષણિક ગુણવત્તા સુધારવી.
- શાળામાં ભૌતિક સુવિધા વધારવી.
- વાલી અને શાળા વચ્ચે સંબંધો વધુ મજબૂત બનાવવા.
- કન્યાઓ ૧૦૦ ટકા શાળાનો અભ્યાસ પૂર્ણ કરે તેવા પ્રયત્નો કરવા.

## કાર્ય પદ્ધતિ :

- શાળામાં આચાર્ય તરીકે તા.૧૩/૮/૨૦૧૪ના રોજ મારી નિમણૂક થઇ ત્યારે શાળામાં ઘણી બાબતો જોવા મળી.શાળામાં પીવાના પાણી માટે રૂમ ન હતી. કન્યાઓ અધ્ધવચ્ચે શાળા છોડી જતી. શાળામાં ટોયલેટ બ્લોકની પૂરતી સુવિધા ન હતી. પ્રાર્થના માટે ખુલ્લી જગ્યામાં બેસતા. રૂમની ઘટ હતી.
- વાલીની જાગરૂકતા ઓછી હતી. જેથી મહેનત કરવા છતાં પરીણામ મળતુ ન હતું. આ તમામ બાબતો દૂર કરવા માટે પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા. સૌ પ્રથમ ગામના શિક્ષિત અને જાગૃત વાલીનો સંપર્ક કરી તેમને શાળામાં બોલાવી વાલી મીટીંગ કરવામાં આવી. અને શિક્ષણનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું તથા શાળાની તકલીફો વિશે માહિતગાર કર્યા.
- ગામના દાતાઓ હતા તેમને મળી પ્રાર્થના શેડ બનાવવા રજૂઆત કરી. શાળાની કામગીરી જોઇ ૨૬મી જાન્યુઆરીના દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમમાં તેમના દ્વારા શેડ માટે શાળાને ૧,૨૫,૦૦૦/- જેવી રકમ આપવામાં આવી. જેમાંથી એ.એમ.સી. સભ્યોને સાથે રાખી શેડ બનાવવામાં આવ્યો.
- આ સમય દરમ્યાન ગામના લોકોનું વોટ્સએપ ગૃપ બનાવી આ તમામ કામગીરીના ફોટા તથા ખર્ચના હિસાબો આપવામાં આવ્યા. જેથી લોકોને શાળાની કામગીરીથી સંતોષ થયો. અને શાળા પ્રત્યે લાગણી થતા શાળામાં અવાર-નવાર આવતા થયા. બીજા વર્ષે શ્રેષ્ઠ એસ.એમ.સી. અંતર્ગત જિલ્લાની સારી શાળાની મુલાકાત કરવામાં આવી. જેથી શાળાને વધુ સારી બનાવવા ગામના યુવાનોની એક ટીમ તૈયાર થઇ અને તેમના સહકારથી શાળામાં સરસ મજાનો ફુવારા સાથેનો બગીચો ૧,૫૦,૦૦૦/- ના લોકફાળાથી બનાવવામાં આવ્યો છે અને આવું સરસ કાર્ય જોઇ ઓમેક્ષ કોટન સ્પીન દ્વારા શાળાને રૂા. ૫૧૦૦૦/- નું દાન આપવામાં આવ્યું અને આ બધાના પરીણામ સ્વરૂપે ગામમાંથી પ્રાઇવેટ શાળામાં જતા બળકો આ શાળામાં આવતા થયા. જેથી શાળાની સંખ્યામાં વધારો થતો ગયો. ૨૦૧૪ માં જે ૨૫૨ બાળકો હતા જે હાલ ૨૮૦ બાળકો છે. અને સૌથી મોટી સિધ્ધી કન્યાનું ૧૦૦ ટકા નામાંકન તથા ૧૦૦ ટકા ધોરણ ૮ પાસ કરી અન્ય શાળામાં ઉચ્ચ અભ્યાસ માટે જતી થઇ છે.

## મૂલ્યાંકન :

- શાળાની કામગીરીમાં ગામલોકોની હાજરી અને સહયોગ મળતો થયો. શાળામાં બાળકોની સંખ્યામાં વધારો જોવા મળ્યો.

## પરિણામ :

- આ પ્રયોગથી શાળામાં સુવિધાઓનો વધારો થયો છે. સાથે સાથે બાળકો અને તેમના શૈક્ષણિક ગ્રેડમાં પણ સુધારો થયો છે.
- પહેલા કન્યાઓ અધ્ધવચ્ચે શાળા છોડી દેતી હતી તેની જગ્યાએ હાલ ૧૦૦ ટકા કન્યાઓ ધોરણ-૮ પાસ કરેલ છે.
- પીવાના પાણીની રૂમની વ્યવસ્થા ન હતી. હાલ વોટરકુલર સાથે પાણીની રૂમની સુવિધા છે.
- કુમાર/કન્યા માટે ટોયલેટની પૂરતી સુવિધા ન હતી. હાલ અદ્યતન કુમાર માટે ૩ અને કન્યા માટે ૭ ટોયલેટ બ્લોક છે.
- શાળામાં મેદાન હતું જેમાં સુંદર મજાનો રળિયામણો ફુવારા સાથેનો બગીચો બનાવી શકયા.
- શાળાનો શૈક્ષણિક ગ્રેડ-એ થયો.
- પ્રાર્થના માટે પ્રાર્થના હોલ સાથે સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ શાળા બની.



Scanned with OKEN Scanner

# ઇનોવેશનનું નામ : મારા દેશની માહિતી મારા નકશામાં



શિક્ષકનું નામ : **સુરેશભાઈ ઘનશ્યામભાઈ સુતરીયા**

Mobile : 94292 13380

Email : sutariyayasuresh.sp@gmail.com

શાળાનું નામ : **શ્રી બજરંગપુરા પ્રાથમિક શાળા, તા.લખતર, જિ.સુરેન્દ્રનગર**

## સમસ્યા :

- ધોરણ ૬ થી ૮ ના બાળકો નકશાપૂર્તિમાં મુશ્કેલી અનુભવતા હતા.
- સામાજિક વિજ્ઞાન વિષયમાં ખૂબ જ ઓછો રસ ધરાવતા હતા.
- વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાનની ઉણપ જોવા મળી.

## હેતુઓ :

- વિદ્યાર્થીઓ ગુજરાત તથા ભારત વિશેની માહિતી પ્રાપ્ત કરી નકશાપૂર્તિ સાથે સામાન્ય જ્ઞાન પ્રાપ્ત કરી શકે.
- વિદ્યાર્થીઓ નવરાશની પળોમાં જૂથકાર્ય કરી શકે.

## સાધન-સામગ્રી :

કાર્ડશીટ, માર્કર પેન, સ્કેચપેન, બેનર, હાર્ડબોર્ડની પટ્ટી, માપપટ્ટી, કટર.

## કાર્ય પદ્ધતિ :

- સૌ પ્રથમ બેનર ઉપર ગુજરાત તેમજ ભારતનો નકશો દોરી તેમાં અલગ અલગ નંબર આપવામાં આવ્યા. ત્યારબાદ ગુજરાતના મુખ્ય મથકો, ખનીજો, ઉદ્યોગો, અભયારણ્ય, જોવાલાયક સ્થળો, ડુંગરો વગેરેની અલગ અલગ પ્રશ્નપેટી બનાવવામાં આવી. આ દરેક પ્રશ્નપેટીમાં હાર્ડબોર્ડમાંથી ૧''×૬'' ના માપની પટ્ટીઓ કટીંગ કરી જેમાં રંગીન કાગળ ઉપર પ્રશ્ન અને તેનો જવાબ લખી ફેવિલોકની મદદથી ચોંટાડવામાં આવ્યું.
- આ પ્રશ્નપેટીમાંથી વિદ્યાર્થીઓ કોઇપણ પ્રશ્નપટ્ટી ઉપાડી જેમાં લખેલ પ્રશ્ન અને તેનો જવાબ વાંચશે, અને જવાબનું કાર્ડ શોધી જવાબના કાર્ડની પાછળ નંબર આપવામાં આવેલ છે તે નંબર નકશામાં શોધી જણાવી શકશે.
- આ ઉપરાંત ભારતના નૃત્યો, અભયારણ્ય, જોવાલાયક સ્થળો, ભાષાઓ, જળસંસાધનો, જાણવા જેવું, રાજ્ય અને તેના પાટનગરો વગેરેની પણ અલગ અલગ પ્રશ્નપેટી તૈયાર કરવામાં આવી.
- દા.ત. કોઈ એક પ્રશ્નપેટીમાંથી પ્રશ્નપટ્ટી ઉપાડી જેમાં લખેલ પ્રશ્ન **પંજાબી ભાષા ક્યા રાજ્યમાં બોલાય છે?** તેના જવાબમાં લખેલ છે. ''**પંજાબ**'' તો પંજાબ લખેલ કાર્ડ શોધી ભારતના નકશામાં પંજાબ ક્યાં આવેલું છે તે શોધવા માટે પંજાબ લખેલ કાર્ડની પાછળ નંબર લખેલ છે તે જ નંબર ભારતના નકશામાં સરળતાથી શોધી નકશાપૂર્તિ કરી શકે છે. આમ આ નવતર પ્રયોગની મદદથી વિદ્યાર્થીનિ રમતાં રમતાં આખા ભારત દેશની માહિતી યાદ રહી જાય છે.
- આ ઉપરાંત કાર્ડશીટની મદદથી ગુજરાતના તમામ જિલ્લા, મુખ્યમંત્રી, અભયારણ્ય, ભારતના વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, ભારતના ક્રાંતિવીરો, ભારતની બહુહેતુક યોજના વગેરેની પઝલો પણ બનાવવામાં આવી.
- ઉદા. ભારતની નદીઓ, બંધો, અને તેના લાભાન્વિત રાજ્યોની પઝલમાં એક મેઇન શીટ બનાવવામાં આવી. જેમાં નદીનું નામ અને તેના લાભાન્વિત રાજ્યો લખવામાં આવ્યા. બીજી છ શીટમાં જરૂરિયાત મુજબ અલગ અલગ ખાનાઓ કટરથી કાપવામાં આવ્યા અને આ પઝલનું નિર્માણ કરવામાં આવ્યું. આ પઝલનો ઉપયોગ કરવા માટે વિદ્યાર્થીઓએ સૌ પ્રથમ મેઇનશીટમાંથી કોઇ એક નદીનું નામ ધારી લેવું ''**નર્મદા નદી**'' ધાર્યા બાદ બીજી છ શીટમાં નીચે અમુક નામ લખેલા છે તેમાંથી તમે ધારેલ નદીનું નામ બે કે ત્રણ શીટમાં હશે. તો આ બે કે ત્રણ શીટ મેઇનશીટ ઉપર મુકવી જેથી તમે ધારેલ નદીનું નામ ''**નર્મદા**'' બંધનું નામ ''**સરદાર સરોવર**'' અને લાભાન્વિત રાજ્યો **ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર** બતાવશે. આમ વિદ્યાર્થ ગમ્મત સાથે જ્ઞાન મેળવી શકે છે.

## મૂલ્યાંકન :

- પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.
- ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરીને મૂલ્યાંકન કરવામાં આવ્યું.

## પરિણામ :

- નકશાપૂર્તિમાં ધાર્યું પરિણામ મળતું થયું.
- સામાજિક વિજ્ઞાન જેવા અઘરા વિષયમાં વિદ્યાર્થીઓના રસ અને રૂચિમાં વધારો જોવા મળ્યો.
- ધોરણ-૬ થી ૮ માં આવતી વિષય સંલગ્ન અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરવામાં સફળતા મળી.
- વિદ્યાર્થીઓમાં વિવિધ પઝલો દ્વારા સામાન્ય જ્ઞાનમાં વધારો થયો.



Scanned with OKEN Scanner

ઈનોવેશનનું નામ : **પ્રજ્ઞા પૂરક કાર્ડ**

શિક્ષકનું નામ : **શ્રી હર્ષિત અનિલકુમાર શુકલ**
Mobile : 87806 82385
Email : harshitshukla1985@gmail.com

શાળાનું નામ : **શ્રી નાની કઠેચી પે. સેન્ટર કુમાર શાળા, તા.લીંબડી.**



## હેતુઓ :

- મૂળાક્ષરો અને માત્રાઓ વાંચે છે.
- મૂળાક્ષરો અને માત્રાઓ લખે છે.
- અપરિચિત વાક્યોનું અનુલેખન કરે છે.
- પરિચિત શબ્દો અને વાક્યોનું શ્રુતલેખન કરે છે.
- નવા શબ્દોના અર્થ જાણે છે.

## કાર્ય પદ્ધતિ :

- પ્રજ્ઞા વર્ગમાં હોંશિયાર બાળકો ઝડપથી કાર્ડ પૂરા કરે તે શીખેલુ દ્રઢ કરી શકે અને તેને વધુ જાણવા અને મહાવરો મળે તે માટે એકમ મુજબ કાર્ડ આપવામાં આવે છે.
- આ સાથે સાથે કેટલાક કાર્ડમાં શીખેલ કાર્ડ પછીના કાર્ડ શીખવા માટ અનુબંધ માટે પણ કાર્ડ આપવામાં આવે છે.
- ધીમે શીખતા બાળકો કે સમજવામાં વધુ સમય જાય તેવા બાળકોને શીખેલ મુદ્દા પાક્કા થઈ જાય તે માટે પૂરક કાર્ડ આપવામાં આવે છે.

## મૂલ્યાંકન :

- પૂરક કાર્ડ શીખવ્યા બાદ શ્રુતલેખન, અનુલેખન, સુલેખન અને મૌખિક પ્રશ્નોત્તરી દ્વારા મૂલ્યાંકન કરવામાં ઓછે.

## પરિણામ :

- ધોરણ - ૨ માં ત્રિમાસિક કસોટીમાં વાંચન, અર્થગ્રહણ, ચિત્રવર્ણન અને શ્રુતલેખન જેવા અલગ અલગ પ્રશ્નોત્તરીમાં ૪૪ કુલ બાળકોમાંથી ૪૧ બાળકો સારું પરિણામ લાવ્યા અને તેમાં ઉત્તરોત્તર વધારો થતો દેખાય છે.



Scanned with OKEN Scanner



ઈનોવેશનનું નામ : **ચાલો કઠપૂતળી (પપેટ) નો શિક્ષણમાં ઉપયોગ કરીએ.**

શિક્ષકનું નામ : **મેંઢા ભાવનાબેન અમૃતલાલ**
Mobile : 94285 71300
Email : bhavnamendha@gmail.com

શાળાનું નામ : **શ્રી પ્રાથમિક શાળા નં.૧, રતનપર, તા.વઢવાણ, જિ.સુરેન્દ્રનગર.**

## હેતુઓ :

- પપેટ દ્વારા શિક્ષણને રસમય બનાવી અપવ્યય અને સ્થગિતતા ઘટાડવા માટે.
- દ્રશ્ય-શ્રાવ્ય દ્વારા દરેક વિષય વસ્તુના કઠિનતાબિંદું ધરાવતા મુદ્દા સ્પષ્ટતાથી અને સરળતાથી શીખી શકે.
- પાંચેય ઇન્દ્રિયોનો ઉપયોગ કરી રમતા-રમતા સહજતાથી જ્ઞાન પ્રાપ્ત કરે.
- સર્જનાત્મકતાના ગુણનો વિકાસ થાય.
- સમુહભાવનાનો વિકાસ થાય.
- ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે.
- પુનરાવર્તનનો પુરો અવકાશ રહે છે.
- શિક્ષણને રસપ્રદ અને મનોરંજક બનાવી શકાય છે.
- ઓછા સમયમાં વધુ વ્યક્તિને માહિતી આપી શકાય છે.
- વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસાવૃત્તિનો વિકાસ થાય છે.

## કાર્ય પદ્ધતિ :

- કઠપૂતળી (પપેટ) શા માટે ?
- આપણા દેશમાં વર્ષોથી કઠપૂતળીનો ઉપયોગ થતો આવ્યો છે.
- કઠપૂતળીની કળા એટલે નિર્જીવ વસ્તુને સજીવની જેમ રજૂ કરવાની કળા વર્ષોથી કઠપૂતળીઓ નાના બાળકથી માંડીને વૃદ્ધો સુધીના સૌ કોઇનું ધ્યાન આકર્ષિત કરવામાં સફળ રહી છે. ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણમાં કઠપૂતળીનો શૈક્ષણિક સાધન તરીકે વિશેષ ઉપયોગ થાય છે. કેમ કે તેના દ્વારા
- વિષય પ્રવેશ કરી શકાય છે.
- સંદેશ આપી શકાય છે.
- વિદ્યાર્થીઓને શિક્ષણ માટે પ્રેરણા આપી શકાય છે.
- જે કાર્ય શીખવ્યું હોય તેનું પુનરાવર્તન કે મૂલ્યાંકન પણ કરી શકાય છે. ખાસ કરીને બાળકો અને અશિક્ષિત લોકોના સમુહ માટે આ ખૂબ જ ઉપયોગી એવું દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમ છે.
- કોઇપણ હેતુસરની વાતો, ઐતિહાસિક વાતો, શિક્ષણમાં કઠિન મુદ્દાઓ, સ્વચ્છતા, સ્વાસ્થ્ય, પર્યાવરણ વિષે કે ધાર્મિક પ્રસંગો-પાત્રોને ધ્યાનમાં રાખી કઠપૂતળી બનાવી શકાય છે. તે જીવંત વ્યક્તિ જેવી લાગે છે. તેના માટે અવનવા પાત્રો તૈયાર કરી ખૂબ સુંદર વાતાવરણ સર્જી શકાય છે.

(૧) ફીંગર પપેટ - એક આંગળી વડે ચલાવાતુ પપેટ
(૨) પેપર રોડ પપેટ - કાગળની પાતળી લાકડી (રોડ બનાવી તેના સાથે ફીટ કરેલું પપેટ)
(૩) રોડ પપેટ - સળિયા વડે ચલાવાતુ પપેટ
(૪) ગ્લોઝ પપેટ - મોજાની જેમ હાથમાં પહેરીને ચલાવાતું પપેટ
(૫) શેડો પપેટ - પડદા ઉપર પડછાયો ઝીલીને ચલાવાતું પપેટ.
(૬) માસ્ક પપેટ - મહોરુ પહેરાવાથી બનતુ પપેટ
(૭) સ્ટ્રીંગ પપેટ - દોરી વડે ચલાવાતુ પપેટ
(૮) સ્ટીક પપેટ - સળી સાથે ફીટ કરેલું પપેટ
(૯) હેન્ડ પપેટ - હાથમાં પહેરીને રમાડાતુ પપેટ.

આમ, ઉપરોક્ત પપેટ દ્વારા વિદ્યાર્થીઓને ગણિતના સૂત્રો, આકારો, વિજ્ઞાનમાં નાટકો, સ્વાસ્થ્ય અંગી જોડકણા, ઉખાણા, અણુસૂત્રો, સંજ્ઞા, વાર્તા, સાયન્સ ફેરમાં પ્રોજેક્ટ, ભાષા-ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી કાવ્ય વ્યાકરણ, વાર્તા તે ઉપરાંત સ્વચ્છતા, પર્યાવરણને લગતા નાટકો, ક્વીઝ વગેરે વિવિધ પ્રકારનું ગમ્મત સાથે જ્ઞાન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## મૂલ્યાંકન :

- જુદા-જુદા વિષયોનું જ્ઞાન પપેટ દ્વારા આપવાથી વિદ્યાર્થીઓ રમતા-રમતા જ્ઞાન મેળવતા થયા. વિદ્યાર્થીઓ પોતે પણ પપેટબનાવીને જ્ઞાન મેળવતા થયા અને પ્રાર્થનાસભામાં, કલાસરૂમમાં, વિજ્ઞાન મેળામાં, વિવિધ કાર્યક્મો અને પ્રોગ્રામમાં રજુ કરતા થયા. આમ, ધોરણ ૬ થી ૮ માં બધા વિદ્યાર્થીઓ ધ્યાનકેન્દ્રિત કરી રસપૂર્વક શિક્ષણ પ્રાપ્ત કરવા લાગ્યા.

## પરિણામ :

- વિવિધ પ્રકારના પપેટ દ્વારા બાળકોમાં ૭૦ થી ૮૦% વિવિધ વિષયોને સરળતાથી રમતા-રમતા શિક્ષણ પ્રાપ્ત કરવા લાગ્યા.
- વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને સમુહભાવનાનો વિકાસ થયો.
- પોતે પપેટ દ્વારા વિવિધ વિષયોની રજુઆત કરવાના ગુણનો વિકાસ થયો.



Scanned with OKEN Scanner

ઈનોવેશનનું નામ : **સામાજિક વિજ્ઞાનને સરળ બનાવીએ**

શિક્ષકનું નામ : **ભારતીબેન ગણેશભાઈ પરમાર**

Mobile : 88665 09625

Email : dineshbhairamjibhaiparmar2@gmail.com

શાળાનું નામ : **શ્રી વઘાડા પે.સે.શાળા, તા.પાટડી.**



## હેતુઓ :

- બાળકોમાં સા.વિજ્ઞાન વિષયમાં રસ રૂચી વધે.
- બાળકો સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરતા શીખે.
- બાળકો ટેક્નોલોજીનો ઉપયોગ કરતા શીખે.
- બાળકો પુસ્તકાલયનો ઉપયોગ કરે.
- બાળકોમાં નકશા અંગેની સમજ વિકસે.

## કાર્ય પદ્ધતિ :

- વઘાડા પ્રાથમિક શાળામાં જ્યારે ઓગષ્ટ-૨૦૧૫ માં હાજર થઇ ત્યારે જોયું કે સા.વિજ્ઞાનમાં જરૂરી સાધન-સામગ્રીનો સંપૂર્ણ અભાવ હતો. બાળકો પાસે નકશાની સામાન્ય સમજ હતી.
- શાળાના નકશાઓ ખૂબ જ જૂના હતા.
- બાળકોને પાયાના શિક્ષણ માટે જરૂરી સાધનસામગ્રી જાતે બનાવવાનો નિર્ણય કર્યો.
- જે મુજબ હાલમાં નીચે મુજબ સામગ્રી બનાવેલ છે.

(૧) સંગ્રહપોથી
(૨) પ્રવાસ ડાયરી
(૩) ફોટો આલ્બમ
(૪) વિવિધ નકશા ફાઇલ
(૫) સ્વરચિત ગીત ચાર્ટ્સ
(૬) પૃથ્વીના ગોળાનો પરિચય ચાર્ટસ
(૭) ભારતના રાજ્યો અને તેની મુખ્ય બાબતો ચાર્ટસ
(૮) સા. વિજ્ઞાન કેલેન્ડર ચાર્ટસ
(૯) વિવિધ પર્યાવરણલક્ષી પ્રોજેક્ટ ફાઇલ્સ
(૧૦) વર્ગખંડ પુસ્તકાલય કોર્નર
(૧૧) PSE/EDGE/NMMS - Exam તૈયારી

- ઉપરોક્ત સાધન સામગ્રી સિવાય પ્રોજેક્ટર અને મોબાઇલના માધ્યમથી દેશભક્તિની ફિલ્મો, કાર્ટૂન મૂવી, ચાર્ટ્સ, ફોટોઝ વગેરે પણ બતાવવામાં આવે છે.

## મૂલ્યાંકન :

- એકમ મુજબ ઉપરોક્ત સાધન સામગ્રીના માધ્યમથી બાળક કેટલું સમજે છે તે જાણવા મૌખિક ચર્ચા, પ્રશ્નોત્તરી એકમ કસોટી વગેરે લેવામાં આવે છે. બાળકને શક્ય તેટલા નકશાનું આલેખન કરાવવામાં આવે છે.

## પરિણામ :

- પહેલા કરતા બાળકોમાં સા.વિજ્ઞાન વિષયમાં રસ રૂચી વધ્યા છે.
- બાળકો જાતે કોઇપણ વિષય પર નકશા આલેખન કરી શકે છે.
- પ્રોજેક્ટરના માધ્યમથી વિવિધ સ્થળોનું નિદર્શન થવાથી ભારતના સ્થાપત્યો, જાહેર સંપત્તિની જાળવણી અંગે સભાન બન્યા છે.
- પી.એસ.ઇ. એક્ઝામ - ૨૦૧૮ માં ૫ માંથી ૫ વિદ્યાર્થીઓ પાસ.



Scanned with OKEN Scanner



ઈનોવેશનનું નામ : Important Documents (અગત્યના ડોક્યુમેન્ટ)


શિક્ષકનું નામ : રોહિતકુમાર કિશોરચંદ્ર ઝોલાપરા

Mobile : 94281 93362

Email : rzolapara@gmail.com

શાળાનું નામ : નાનુબાપા કન્યા શાળા નં.૩ (પાટડી), જી.સુરેન્દ્રનગર


## હેતુઓ :

- વિવિધ ડોક્યુમેન્ટ્સ, કાર્ડ અને બીલ્સથી પરિચિત થાય.
- સામાજિક વિજ્ઞાનના શિક્ષણ કાર્યનો વ્યવહારૂ ઉપયોગથી પરિચિત થાય.
- ડોક્યુમેન્ટના ઉપયોગ અને મહત્ત્વથી પરિચિત થાય.
- ઓનલાઇન ડેટા સ્ટોરેજ અને ડોક્યુમેન્ટ ડીજીટીલાઇઝેશનથી પરિચિત થાય.
- ફ્રી તાસ નવરાશના સમયમાં જોઇને પણ સમજી શકે.
- જિજ્ઞાસાવૃત્તિ તેમજ વ્યવહારિક સમજ વિકસે - શિક્ષણમાં રસ વધે.
- રોજિંદા જીવનમાં ડોક્યુમેન્ટનો ઉપયોગ સમજીને કરી શકે.
- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, બેંક અને અન્ય કંપનીના કાર્યોથી પરિચિત થાય અને વ્યવહારિક જીવન સાથે અનુબંધ કેળવે.

## કાર્ય પદ્ધતિ :

- પીડીએફ - પીપીટી તેમજ ચાર્ટનો ઉપયોગ કરી દરેક નમૂના દર્શાવી તે ક્યાંથી મેળવી શકાય, તેમાં સમાવિષ્ટ બાબતો તેમજ તેની ઉપયોગીતા વિશે સમજ આપી.
- આ ડોક્યુમેન્ટનો વર્ગખંડમાં ચાર્ટ સ્વરૂપમાં લગાવી શકાય.
- સ્પાઇરલ બુક બનાવી વિદ્યાર્થીઓને બતાવી સમજાવી શકાય.
- પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જ્ઞાનકુંજના વર્ગમાં વિદ્યાર્થીઓને સ્લાઇડ શૉ બતાવી દરેક સ્લાઇડની છણાવટ કરી સમજાવી શકાય.
- ફ્રી સમયમાં બાળકો ચાર્ટ સ્વરૂપે રહેલા નમૂનાઓને જોઇને જાતે સમજી શીખી શકે છે.

## મૂલ્યાંકન :

- સૌ પ્રથમ પ્રયોગની શરુઆતમાં પ્રી ટેસ્ટ દ્વારા ડોક્યુમેન્ટ સંદર્ભે વિદ્યાર્થીના પૂર્વજ્ઞાનની ચકાસણી કરી પીપીટી, પીડીએફ તેમજ ચાર્ટમાં ડોક્યુમેન્ટની ઓળખ અને સમજ બાદ મૌખિક પ્રશ્નોતરી અને બહુવિકલ્પ પ્રશ્નોની પોસ્ટ ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

## પરિણામ :

- બાળકોનું સામાન્ય જ્ઞાન વધે છે.
- બાળકો શિક્ષણનો જીવનમાં અનુબંધ કેળવે છે.
- ઘરે પણ બાળકો વિવિધ ડોક્યુમેન્ટ્સની સમજ મેળવી ઉપયોગીતા સમજાવી શકે છે.
- પ્રશ્નોત્તરી દ્વારા વિવિધ ડોક્યુમેન્ટ્સની ઉપયોગીતા તેમજ સંસ્થાના કાર્યોની ચર્ચા
- પ્રાથમિક કક્ષાએ જ વિવિધ ડોક્યુમેન્ટ, કાર્ડ તેમજ બિલ્સના નમૂના જોઇને ભાવિ જરૂરીયાત વિશે જાગૃત બને છે.
- વર્તમાન સમયમાં ઓનલાઇન બેંકીગ-ડેટા સ્ટોરેજ, જીવન વીમા, આરોગ્ય વીમા, અકસ્માત વીમા, તેમજ સ્થા. સ્વરાજ્યની સંસ્થાના કાર્યોની સમજ પણ મેળવે છે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : "Moral Stories"

શિક્ષકનું નામ : શ્રી પરાગભાઈ હસમુખરાય દવે
Mobile : 95373 10077
Email : paragdave83@gmail.com

શાળાનું નામ : શ્રી ભાણેજડા પ્રા. શાળા



## હેતુઓ :

- બાળકોમાં અંગ્રેજી વિષયમાં રસ રૂચિ વધે.
- સર્જનાત્મક વિચારોમાં વધારો થાય.
- બાળકો અંગ્રેજી વિષયમાં આવતી ''મોરલ સ્ટોરીઝ'' માં રસ અને રૂચિ કેળવે.
- ''મોરલ સ્ટોરીઝ'' માં આવતા ખરા-ખોટા વિધાનો, "Wh" થી પૂછાતા પ્રશ્નોના જવાબો, વાર્તામાં વાક્યો કોણ બોલે છે, વાર્તાના વાક્યોને ઘટનાક્રમમાં ગોઠવવા, જોડકા, કૌંસમાં આપેલ શબ્દોની મદદથી ખાલી જગ્યા, પ્રશ્નોના જવાબો, વ્યાકરણને લગતા પ્રશ્નો, વગેરેનો વિકાસ થાય.
- ૫૦૦ જેટલા નવા-નવા લોનવર્ડઝ જાણતા શીખે.
- બાળકો એકમ કસોટી, સત્રાંત પરીક્ષા અને વાર્ષિક પરીક્ષામાં સારા ગુણવાળુ પરિણામ લાવી શકે.

## સાધન સામગ્રી :

- કાર્ડ પેપર, સ્કેચપેન, મીણિયા કલર, મોડેલ

## કાર્ય પદ્ધતિ :

- અંગ્રેજી ભાષામાં બાળકને ''મોરલ સ્ટોરીઝ'' ની સમજ મળતાની સાથે જ ખરા-ખોટાં વિધાનો "Wh" થી પૂછાતા પ્રશ્નોના જવાબો, વાર્તામાં વાક્યો કોણ બોલે છે, વાક્યોના ઘટનાક્રમમાં ગોઠવવા, જોડકાં, પ્રશ્નોના જવાબ, ખાલી જગ્યા, વાર્તામાં મળતો બોધ, વ્યાકરણને લગતા મુદ્દા વગરે સમજાવી શકાય છે.
- આવા મોડેલ અને ટી.એલ.એમ.થી બાળકમાં નવી જિજ્ઞાસાવૃત્તિ, રસ, રૂચી, નવુ કાર્ય કરવાની તત્પરતા, સોંપેલાં કાર્ય કરવાની ભાવના, અવલોકન, વિષયના એકમની પ્રશ્નોત્તરી વગેરેમાં રસ લેતા થાય.

## પરિણામ :

- અધ્યાપન અને અધ્યયનની અધ્યયન નિષ્પત્તિઓ પણ સિધ્ધ થતી જોવા મળી.
- અંગ્રેજી ભાષાનો ભય દુર થતો જોવા મળ્યો.
- મૂલ્યાંકન માટે અસરકારકતા વધી અને બાળક પણ શાળામાં સ્પષ્ટ ચિત્રમાં રસ લેતો થયો.
- બાળક સહેલાઇથી ''મોરલ સ્ટોરીઝ'' શીખી શકશે.
- એકમ કસોટી, સત્રાંત પરીક્ષા, વાર્ષિક પરિક્ષા વગેરેમાં પરિણામ સુધરતું જોવા મળ્યું/મળશે.
- સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા તૈયાર થયેલ નમૂના કે ચિત્રોથી વર્ગખંડ તેમજ શાળાનું વાતાવરણ સુંદર, સુશોભિત અને ગમતીલું બન્યું છે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **કાગળમાંથી કેળવણી**

શિક્ષકનું નામ : **બાબુભાઈ ઉકાભાઈ ધોડકિયા**

Mobile : 94288 12286

Email : joybansikumar333@gmail.com

શાળાનું નામ : **શ્રી વડોદ પે. સેન્ટર શાળા, તા.વઢવાણ, જિ.સુરેન્દ્રનગર.**



## સમસ્યા :

- ધોરણ ૬ થી ૮ ના બાળકો છેલ્લા તાસમાં અભ્યાસ પ્રત્યે બેદરકાર જણાયા.
- ભાષા-સજ્જતા તથા વ્યાકરણમાં ઓછો રસ ધરાવતા હતા.
- વિદ્યાર્થીઓમાં સમયના ચુસ્ત પાલનનો અભાવ જણાતો હતો.

## હેતુઓ :

- વિદ્યાર્થીઓ અભ્યાસ પ્રત્યે સજાગ થાય.
- સમય પાલન કરી બેદરકારીથી મુક્ત થાય.

## કાર્ય પદ્ધતિ :

- ધોરણ ૬ થી ૮ ના અભ્યાસમાં સમાવિષ્ટ એકમોના નિરસ લાગતા મુદ્દાઓને રસપૂર્ણ બનાવવા કાગળનો સહારો લેવાનું વિચાર્યુ.
- કાગળની અવનવી પ્રવૃત્તિ, બનાવટ તથા સજાવટ અઘરા લાગતા મુદ્દાઓનું સરળીકરણ કરી પ્રવૃત્તિ સાથે શિખવવાનો આનંદ મળે છે.
- બાળકોને કાગળમાંથી નવા રમકડા બનાવવા આપવાથી નિયમિત નવું સર્જન કરવા મળતું.
- તેથી કાળજી રાખી અભ્યાસમાં ધ્યાન આપતા થયા.
- શાળાના બાળકોને શિખવવાની સાથે-સાથે સર્જનનો આનંદ મળતો હોવથી ધ્યાનથી શિખવા લાગ્યા.
- અભ્યાસ પ્રત્યે બેદરકાર બાળકો પણ સમયનું પાલન કરતા થયા અને બેદરકારીથી મુક્ત થયા.
- સર્જન સાથે કાળજીપૂર્વક અભ્યાસમાં જોડાયા અને કઠિન મુદ્દાઓમાં રસ લેતા થયા.

## મૂલ્યાંકન :

- વર્ગમાં કાગળમાંથી રમકડા બનાવડાવી મૂલ્યાંકન કરવામાં આવ્યું.
- સમૂહમાં બેસાડી જૂથમાં મૂલ્યાંકન કરવામાં આવ્યું.

## પરિણામ :

- કાગળનાં સર્જનમાંથી બાળકોમાં નિયમિતામાં સુધારો જોવા મળેલ છે.
- મોટાભાગના બાળકો અભ્યાસ પ્રત્યે સભાનતા કેળવતા થયા.
- વિદ્યાર્થીઓ અભ્યાસમાં રસ લેતા થયા.
- આળસ ત્યાગી કાર્યશીલ બન્યા.
- ખૂબ જ કાળજીથી શિખતા થયા અને બેદરકારીથી મુક્ત થયા.



Scanned with OKEN Scanner



ઈનોવેશનનું નામ : પ્રવાસ એટલે દર્શન, જ્ઞાન અને પરિભ્રમણનો ત્રિવેણી સંગમ

શિક્ષકનું નામ : શ્રી પ્રવિણચંદ્ર એન. સાતુનિયા

Mobile : 98255 86315

Email : pravinbhaisatuniya592@gmail.com

શાળાનું નામ : શ્રી કારેલા પ્રાથમિક શાળા, તા.લખતર, જિ.સુરેન્દ્રનગર.

## હેતુઓ :

- બાળક બહારની દુનિયા જુવે.
- સ્થળ મુલાકાતથી બાળકની અવલોકન શક્તિનો વિકાસ થાય.
- પ્રવાસ દ્વારા બાળકને અભ્યાસને લગતી કઠિન બાબતોનું સમાધાન થાય.
- પ્રવાસ દર્શન દ્વારા મળેલ જ્ઞાન દીર્ઘકાલિન બને.
- પ્રવાસમાં પડતી મુશ્કેલીઓને વ્યક્તિગત જીવન સાથે જોડી તેનો વ્યવહારૂ ઉકેલ મેળવે.

## કાર્ય પદ્ધતિ :

- આમ જોઈએ તો પ્રવાસ એટલે જોવું, જાણવું અને શીખવું.
- વાર્તા, ગીત, રમતગમત, યોગ, અભિનય, સંગીત જેવી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ બાળકનાં નાજુક માનસને પોષનાર છે.
- એ જ રીતે પ્રવાસ પણ બાળકનાં શારીરિક, માનસિક, વૈચારિક તથા શૈક્ષણિક ઘડતર માટે ખૂબ જ જરૂરી સહઅભ્યાસિક પ્રવૃત્તિ છે.
- પ્રવાસ એટલે દર્શન, જ્ઞાન અને પરિભ્રમણનો ત્રિવેણી સંગમની સાર્થકતા સિધ્ધ કરવા મેં શાળા પરિવાર તથા વાલીઓનો સહકાર લઈને, સને-૨૦૦૧ માં શાળામાં સૌ પ્રથમ વખત એક દિવસનાં પ્રવાસની શરૂઆત કરી.
- ખૂબ જ સુંદર મજાનું આયોજન જોઈ વાલીઓ પણ ખૂબ જ પ્રભાવિત થયા.
- આ સિલસિલો સતત ૧૮ વર્ષથી અવિરત ચાલુ છે.
- સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં સતત ૧૮ વર્ષ પ્રવાસ કરનારી કદાચ આ અમારી પ્રથમ શાળા હશે, જે અમારા માટે ગૌરવની વાત છે.

## મૂલ્યાંકન :

- પ્રવાસ પૂર્ણ થયા બાદ, દરેક પ્રવાસી બાળક પાસે અહેવાલ લખાવવા આવે છે. પ્રવાસમાં જોયેલ સ્થળોને અભ્યાસમાં આવતા એકમ સાથે જોડી પ્રશ્નોત્તરી દ્વારા દરેક પ્રવાસી બાળકનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

## પરિણામ :

- બાળક હોંશે હોંશે પ્રવાસ આવતો થયો છે.
- દર વર્ષે થતા પ્રવાસનાં સુચારૂ આયોજનથી વાલીઓ પણ સંતુષ્ઠ છે.
- આ પ્રવૃત્તિ થકી વાલી અને શાળા વચ્ચે વિશ્વાસ અને લાગણીનો સેતુ બંધાયો છે.
- શાળા વિકાસ માટે વાલીઓનો સહકાર મળતા ગ્રામજનોની શાળામાં લોકભાગીદારી વધી છે.
- શાળા પરિવારની કાર્યનિષ્ઠા અને વિશ્વસનીયતામાં વધારો થયો છે.



Scanned with OKEN Scanner

**ઇનોવેશનનું નામ : "સૌની ભાગીદારી - શાળા વિકાસ તથા કન્યાનો કેળવણી"**

**શિક્ષકનું નામ : રેથળીયા પ્રવીણભાઈ કાળુભાઈ**
Mobile : 98246 10697, 63515 10010
Email : pkr131080@gmail.com

**શાળાનું નામ : શ્રી ભલગામડા પ્રાથમિક શાળા, તા.લીંબડી, જિ.સુરેન્દ્રનગર**



## હેતુઓ :

- શાળાને બાળકોને ગમતી શાળા બનાવવી.
- લોકભાગીદારીથી શાળાનો વિકાસ કરવો.
- કન્યાઓની હાજરીનું પ્રમાણ સુધારવું.
- કન્યાઓના પ્રશ્નોનું નિરાકરણ લાવવું.

## કાર્ય પદ્ધતિ :

- શાળા અને સમાજ એક સિક્કાની બે બાજુ જેવા છે, તેમજ એકલા હાથે તાળી ના પડે. જેવી કહેવતોને અનુસરી શાળાના શિક્ષિકા બહેનો, આરોગ્યની ટીમ, એસ.એમ.સી. ના સભ્યો, ગામલોકો, ગામના આગેવાનોના સહિયારા પ્રયાસોથી શાળાનો બાળકોનો વિકાસ થાય, ખાસ કરીને કન્યાઓના શિક્ષણને પ્રોત્સાહન મળે તે બાબતે કામગીરી કરેલ છે.
- શાળામાં બાળકોનાં પ્રશ્નોના નિરાકરણ માટે બે પ્રકારની પ્રશ્નપેટી મૂકવામાં આવી છે. એક પેટીમાં જનરલ પ્રશ્નો, બીજી પેટીમાં દીકરીઓને મુંઝવતા પ્રશ્નોની પેટી છે.
- આમા, આવતાં દરેક પ્રશ્નોનું માર્ગદર્શન આપવામાં આવે છે. શાળાના વિકાસ માટે એસ.એમ.સી. નો પુરતો સહકાર મેળવી શાળાની ભૌતિક સુવિધાઓ સુધારવાના પ્રયત્નો કરવામાં આવે છે.
- એસ.એમ.સી.ના સભ્યો દ્વારા દાતાઓ શોધીને શાળાને મદદરૂપ થાય છે. ખાસ કાર્ય દીકરીઓને મુંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટેનું કાર્ય પી.એચ.સી. સેન્ટર દ્વારા દર માસે એક મીટીંગનું આયોજન કરવામાં આવે છે. જેમાં આરોગ્યના મહિલા કર્મચારીઓ દ્વારા દીકરીઓને મુંઝવતાં પ્રશ્નોનું માર્ગદર્શન પુરું પાડે છે.
- સેનેટરી નેપકીન વિષેની પુરતી માહિતી આપવામાં આવે છે. સમયાંતરે સેનેટરી નેપકીનનું વિતરણ પણ કરવામાં આવે છે.
- એસ.એમ.સી.નાસહકારથી શાળામાં દીકરીઓ માટે ટોયલેટમાં સ્પેશીયલ તમામ પ્રકારની સુવિધાઓ આપવામાં આવી.
- આ પ્રયોગથી દીકરીઓનું હાજરીનું પ્રમાણ ૭૦% થી વધારે થયું છું. હાલમાં અમારી એસ.એમ.સી. ને કન્યા શિક્ષણમાં ઉમદા કામગીરી બદલ રાજ્ય કક્ષાએ શિક્ષણમંત્રી વિભાવરીબેન દવે સાહેબનાં હસ્તે શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું.

## મૂલ્યાંકન :

- આ નવતર પ્રયોગનું મૂલયાંકન કરતાં દીકરીઓનું ૭૦% થી ૮૦% જેટલી હાજરીનું પ્રમાણ વધારે જોવા મળેલ છે.

## પરિણામ :

- દીકરીઓની હાજરીમાં સતત સુધારો જોવા મળેલ છે.
- ૭૦% થી ૮૦% સુધી હાજરી વધી.
- લોકભાગદારીથી એસ.એમ.સી.ના સહકારથી ૧૦૦% નામાંકન, પ્રવેશ અને સ્થાયીકરણનું કામ સરળ બન્યું.
- કન્યાઓના પ્રવેશ માટે એસ.એમ.સી.ના સભ્યો રૂબરૂ મુલાકાત કરીને આયોજન કરેલ છે.
- કન્યા શિક્ષણ માટે ખૂબ જ જાગૃતતા આવી છે.
- શાળામાં દર વર્ષ રૂપિયા ૫૦,૦૦૦/- થી વધુ રોકડ રકમ તથા ૫૦,૦૦૦/- થી વધારે શૈક્ષણિક સામગ્રી બાળકોને દાતાઓ દ્વારા આપવામાં આવે છે.
- શાળાને ૪ કમ્પ્યૂટર સેટ, ૪૩" ઇંચનું ટી.વી., ૨ વોટર કૂલર, માઇક સેટ, સાઉન્ડ સિસ્ટમ દાતાઓ તરફથી મળેલ છે.
- અમારી શાળાની દીકરીઓની હોકીની ટીમ છેલ્લા પાંચ વર્ષથી ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાએ નંબર મેળવી રાજ્ય કક્ષાએ ભાગ લે છે. જેના માટ એસ.એમ.સી. દ્વારા રૂા. ૨૪૦૦૦/- ની હોકીની કીટ લાવી આપેલ છે.



Scanned with OKEN Scanner



ઇનોવેશનનું નામ : **મૂલ્યલક્ષી શિક્ષણ**

શિક્ષકનું નામ : **ચૌહાણ નરેન્દ્રભાઇ રતનશીભાઇ**

Mobile : 94280 02930

Email : chauhannarendara90@gmail.coom

શાળાનું નામ : **પે. સે. શાળા નં.૩, ચુડા, તા.ચુડા, જિ.સુરેન્દ્રનગર.**

## હેતુઓ :

- વિદ્યાર્થીઓમાં માતા-પિતા પ્રત્યે સંવેદના વધે.
- વિદ્યાર્થીઓમાં વૃક્ષો પ્રત્યે સંવેદના વધે.
- વિદ્યાર્થીઓમાં પશુ-પક્ષી પ્રત્યે સંવેદના વધે.
- વિદ્યાર્થીઓમાં ગરીબો પ્રત્યે સંવેદના વધે.

## કાર્ય પદ્ધતિ :

- શાળામાં ઘણી બધી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા ઉપરોક્ત હેતુઓ સિધ્ધ કરવાનો પ્રયત્ન કરેલ છે.
- માતૃપિતૃ વંદના કાર્યક્રમ : શાળામાં માતૃપિતૃ વંદના કાર્યક્રમનું આયોજન કરવું. જે વાલીને શાળામાં બોલાવી વિદ્યાર્થીઓ દ્વારા તેઓનું પૂજન કરાવવું. માતા-પિતા વિશે સંવેદનાપૂર્ણ વાર્તાઓ, વિડિયો, ગીતો દ્વારા સંવેદના વધારવાનો પ્રયત્ન કરવો.
- વૃક્ષ વંદના કાર્યક્રમ : શાળામાં વૃક્ષ/છોડનું પૂજન કરવા માટેનું આયોજન વિદ્યાર્થીઓ દ્વારા થાય, વૃક્ષોનું મહત્ત્વ દર્શાવતા વિડિયો, વાર્તા, ગીતો, સાંપ્રત પરિસ્થિતિ વગેરેનું વર્ણન કરવું.
- પક્ષી પ્રેમ : વિદ્યાર્થીઓને ગામના મોટા ચબુતરાની મુલાકાત કરાવવી, ઘરેથી દાણા મંગાવી તેઓના હસ્તે નખાવવા, પાણીના કુંડા ભરાવવા, શાળામાં ચબુતરાનું નિર્માણ કરવું.
- દરરોજ પક્ષીને ચણ નાખવા માટે ગૃપ મુજબ વારા ગોઠવવા.
- પશુ-પ્રેમ : વિદ્યાર્થીઓને પાંજરાપોળની મુલાકાત લેવડાવવી, ત્યાં ગાયને ગોળ અને ઘાસ ખવડાવવાની પ્રવૃત્તિ કરાવવી.
- કૂતરાને બિસ્કિટ, રોટલી ખવડાવવાની પ્રવૃત્તિ વિદ્યાર્થીઓના હસ્તે કરાવવી.
- ગરીબો પ્રત્યે સંવેદના : હોસ્પિટલના દર્દીઓને ફ્રુટ વિતરણ, ગરીબોમાં ધાબળા વિતરણ, સૂકી ભાજીનું વિતરણ, ઘરડા ગરીબોને ટીફીન વિતરણ વગેરે વિદ્યાર્થીઓ પાસે કરાવવું.

## મૂલ્યાંકન :

- દરેક વિદ્યાર્થીઓને વ્યક્તિગત આ કાર્યક્રમને અનુસંધાને પ્રશ્નાવલી આપી મૂલ્યાંકન કરેલ છે.
- વાલીને ટેલીફોનીક પૃચ્છા દ્વારા મૂલ્યાંકન કરેલ છે.

## પરિણામ :

- નોંધપાત્ર સુધારો જોવા મળેલ છે. બધા જ વિદ્યાર્થીઓ પોતાના માતા-પિતાને પ્રણામ કરીને શાળામાં આવે છે.
- દરેક વિદ્યાર્થીએ ઘરે એક ઝાડ ઉછેરવાનું શરૂ કરેલ છે.
- ૫૦ માંથી ૨૮ વિદ્યાર્થી ઘરે પક્ષી માટે કુંડા મુકેલ છે. અને નિયમિત ચણ/પાણી આપી છે.
- ગાય, કૂતરાને ૫૦ માંથી ૩૨ વિદ્યાર્થીઓએ બિસ્કિટ, ઘાસ, ગોળ, રોટલી વગેરે આપે છે.
- ઘરડા દાદા-દાદીની નાની મોટી મદદ કરતા થયેલ છે.
- અન્ય પ્રત્યે સ્નેહ/લાગણી રાખવી જોઇએ એવી સમજ વિદ્યાર્થીઓમાં કેળવાઇ રહી છે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **વિવિધ રાજ્યોની માહિતીનું સરળીકરણ**



શિક્ષકનું નામ : **વાઘેલા લીના જી.**
Mobile : 95120 35791
Email : vaghelaleenaben1987@gmail.com

શાળાનું નામ : **બી. આર. સી. ભવન, વઢવાણ, તા.વઢવાણ, જિ.સુરેન્દ્રનગર.**

## હેતુઓ :

- શાળાના વિદ્યાર્થીઓ રાજ્યોના સ્થાન અને રાજધાની વિષે જાણે અને તેની માહિતી વિષે જાણે.
- જિજ્ઞાસાવૃત્તિ તમજ વ્યવહારિક સમજ વિકસે અને શિક્ષણમાં રસ વધે.
- ક્યા ક્યા રાજ્યમાં શું સામ્યતા અને તફાવત છે તેના વિશે જાણી શકે.
- ફ્રિ તાસ તથા રિશેષના સમયમાં નકશાને જોઇને તથા તેની માહિતી વિશે જાણે.

## કાર્ય પદ્ધતિ :

- વઢવાણ તાલુકાની ૯૭ શાળાઓમાં વિઝીટ દરમ્યાન આખો દિવસ ત્યાં રોકાવાનું હોય છે. ત્યારે ફ્રિ પીરીયડ હોય કે કોઇ શિક્ષક રજા પર હોય ત્યારે બાળકો સાથે શિક્ષણકાર્યનો સમય મળે છે.
- આ સમય દરમ્યાન જાણવા મળ્યું કે ધોરણ ૭, ૮ અને ભારતના રાજ્યો તથા તેની માહિતીથી ઓછા માહિતગાર જોવા મળ્યા.
- આ ટી.એલ.એમ. દ્વારા બાળકોને કંઇક નવું જોઇને પણ તેને જાણવાનું મન થાય.
- ફ્રિ તાસ અને રીશેષનો પણ ઉપયોગ થાય છે.
- વિદ્યાર્થીઓ વિવિધ રાજ્યોની માહિતી મેળવે.

## મૂલ્યાંકન :

- દરેક વિદ્યાર્થી પોતાની જાતે માહિતી મેળવી શકે છે.
- સ્પર્ધાત્મક પરીક્ષામાં પણ તને ઉપયોગી થઇ શકે છે.
- લાંબા ગાળા સુધી યાદ રાખી શકે છે.
- વાંચેલા કરતા જોયેલું વધાર સમય યાદ રાખી શકે છે.
- દ્રઢીકરણ માટે ઉપયોગી બને છે.

## પરિણામ :

- લગભગ ઘણી શાળાઓના આ ટી.એલ.એમ.નો ઉપયોગ થયેલો છે.
- ફ્રિ તાસ અને રીશેષનો પણ ઘણી સારી રીતે ઉપયોગ થયેલો જણાય છે.
- વિદ્યાર્થીઓ વિવિધ રાજ્યોની માહિતી મેળવે.
- સાથે ભાષા, નૃત્યો, વસ્તી, રાજ્યપાલ, મુખ્યમંત્રી, રાજધાની વિશે જાણી શકે છે.
- બાળકો રોજ બુક સાથે અભ્યાસ કરે છે, ત્યારે તેને કશુંક નવું એટલે કે નકશા સાથેનો અભ્યાસ સારી રીતે કરે છે.
- વિદ્યાર્થીઓમાં જાતે માહિતી મેળવતા હોવાથી કુતુહલવૃત્તિ જાગૃત થયેલી જોવા મળી.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **"ફરતી પુસ્તક પરબ - માતૃભાષા અભિયાન"**



શિક્ષકનું નામ : **કૌશિકકુમાર પી. પ્રજાપતિ**

Mobile : 94277 11480

Email : kaushikhtat@gmail.com

શાળાનું નામ : **શ્રી વસાડવા પ્રા. શાળા, તા.ધ્રાંગધ્રા, જિ.સુરેન્દ્રનગર.**

## હેતુઓ :

- વાંચન પ્રવૃત્તિને વેગ આપવા.
- માતૃભાષાનો પ્રચાર - પ્રસાર કરવા માટે.
- બાળકોમાં સંદર્ભ સાહિત્ય અને ઇતર વાચનની ટેવ વિકસાવવી.
- એકવીસમી સદીને વાંચન સદી તરીકે પ્રસ્થાપિત કરવા.

## કાર્ય પદ્ધતિ :

- આ પુસ્તક પરબનું નામ **"ફરતી પુસ્તક પરબ-માતૃભાષા અભિયાન"** એવું નામ આપવામાં આવેલ છે. જે ધ્રાંગધ્રાના શહેરી વિસ્તારમાં રહેતા લોકો તેમજ આબાલ વૃદ્ધ સૌ લાભ લે માટે જુલાઇ-૨૦૧૯ થી શરૂ કરવામાં આવી છે. દર મહિનાના પ્રથમ રવિવારે આ પુસ્તક પરબ શહેરી વિસ્તારના જાહેર સ્થળો જેવા કે બાગ, મંદિર, ચોક, જેવા સ્થળોએ યોજવામાં આવે છે. સવારે ૭થી ૧૦ કલાક સુધી યોજવામાં આવે છે. જેમાં વાચક રસિકો ઉમટીને તેનો લાભ લઈ રહ્યા છે.
- દરેક વાચક મિત્રને આ પુસ્તક પરબમાંથી તેમને મન પસંદ એવા કોઇ પણ ૨ પુસ્તકો નિઃશુલ્કપણે એક માસ માટે વાચન માટે આપવામાં આવે છે. જેની સામાન્ય નોંધ જાવક રજીસ્ટરમાં કરવામાં આવે છે.
- એ જ રીતે કોઇ વાચક મિત્ર આ પુસ્તક પરબમાં પુસ્તકો દાન પેટે આપવા ઇચ્છે તો તેમના પુસ્તકો દાન સ્વરૂપે સ્વીકારી આવક રજીસ્ટરમાં નોંધ કરવામાં આવે છે.
- ૫૦ પુસ્તકોથી શરૂઆત કરેલી આ પુસ્તક પરબમાં આજે ૩૫૦ જેટલા પુસ્તકો છે. જેની અનુક્રમણિકા પણ પી.ડી.એફ. સ્વરૂપે બનાવવામાં આવી છે.
- તેમજ વાચક મિત્રોના વાંચેલ પુસ્તક અંગેના પ્રતિભાવો મેળવવા અને માહિતીના આદાન-પ્રદાન માટે પુસ્તક પરબ - ધ્રાંગધ્રા નામનું વોટ્સએપ ગ્રુપ પણ બનાવવામાં આવેલ છે.

## મૂલ્યાંકન :

- પ્રથમ પુસ્તક પરબની સરખામણીએ વાચક મિત્રોમાં ક્રમશઃ વધારો થઇ રહેલ છે.
- બાળકો સંદર્ભ સાહિત્ય તરીકે પુસ્તકનો ઉપયોગ કરતા થયા છે.
- આ માટે વાચકોના પ્રતિભાવો મેળવવામાં આવ્યા જે ખૂબ જ પરિણામલક્ષી માલુમ પડેલ છે.

## પરિણામ :

- વધુને વધુ વાચકોને આ પુસ્તક પરબનો લાભ મેળવી રહ્યા છે, આમ વાચક વર્ગનું પ્રમાણ વધારવામાં મદદ મળી.
- બાળકોમાં ઇતર વાચનમાં રસ, રૂચી વધારી શકાઇ.
- માતૃભાષાના ગૌરવ અને તેના સંવર્ધન માટે વધુને વધુ લોકોને સાંકળવામાં મદદ મળી રહી છે.
- પુસ્તક પરબથી લોકોને કોઇપણ લવાજમ કે ફી વિના નિઃશુલ્કપણે પુસ્તક વાચન માટે મળવા લાગ્યા.
- લોકો પુસ્તકના મિત્ર બનવા લાગ્યા.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **એક જ લક્ષ્ય – બાળકોનો સર્વાંગી વિકાસ**

શિક્ષકનું નામ : **ગદાણી કેતનકુમાર રજનીકાંતભાઇ**
Mobile : 8160983095
Email : ketangadani79@gmail.com

શાળાનું નામ : **શ્રી સરોડી પ્રાથમિક શાળા, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર.**



## હેતુઓ :

- બાળકોને નિયમિત શાળાએ આવતા કરવા.
- નામાંકન અને સ્થાયીકરણ દ્વારા ગુણવત્તાનું ધોરણ ઊંચુ લઇ જવું.
- મુલ્ય શિક્ષણ અને નૈતિક ધોરણ વધારવું.
- સમાજ, શાળા અને શિક્ષણના તાદાત્મય દ્વારા શાળાનો વિકાસ કરવો.
- બાલદેવો ભવના સુત્રને સાર્થક કરવું.

## કાર્ય પદ્ધતિ :

- બાળકોનું નામાંકન અને નિયમિત કરવા માટે રજાના દિવસે શાળા ચાલુ રાખવી.
- સારા-નરસા પ્રસંગે ગ્રામજનો પડખે ઊભા રહેવું.
- શાળાની ભુતપૂર્વ વિદ્યાર્થીનું અમારા હસ્તે કન્યાદાન કર્યું.
- વાલીસંપર્ક માટે રાત્રે અગિયાર વાગ્યા સુધી ગામમાં, વાડીમાં વાલીને મળવું અને
- બાળકને શાળાએ આવવું ગમે તે માટે વિવિધ ઉત્સવોની ઉજવણી તેમજ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્ય કરાવવામાં આવતું.

BALA દ્વારા શાળાની બોલતી દિવાલો.

- દર વર્ષે ભવ્ય વાર્ષિક ઉત્સવ.
- શાળાને આકર્ષક અને સુંદર બનાવવા માટે વિશાળ મેદાન, આકર્ષક ગેટ, ૧૫૦૦ થી વધારે વૃક્ષો, ઔષધીઓ, કિચન ગાર્ડન, આકર્ષક ફુલોનો બાગ.
- સોશિયલ મીડીયા દ્વારા બાળકોની પ્રવૃત્તિ વાલીઓ, સમાજ સુધી પહોંચાડવી.
- દર વર્ષે જાહેર સંસ્થાની મુલાકાતે લઇ જવા.
- મારા બંને સંતાનો મારી શાળામાં જ ભણે છે.
- જરૂરિયાતવાળા બાળકોને શૈ.સહાય તેમજ દફતર કીટ, યુનિફોર્મ પુરા પાડવા.
- દર વર્ષે શાળા પ્રવેશોત્સવમાં શાળાના નામાંકનવાળા બાળકોને દફતર સાથેની શૈક્ષણિક કીટ આપવી.
- ધો. ૨ થી ૮ ના તેજસ્વી તારલાને ટ્રોફી આપી સન્માનિત કરવા.
- ખેલ મહાકુંભ, કલાઉત્સવ, વિજ્ઞાન મેળામાં ભાગ લેવો.

## પરિણામ :

- શાળાની સંખ્યા ઓ ૨૪૫ થી વધીને ૪૨૫ થઇ છે.
- કુમાર કરતા કન્યાની સંખયા વધારે.
- બાગ-બગીચા ફુલોથી સુશોભિત, આકર્ષક, સુંદર વાતાવરણવાળી શાળા.
- ગામથી ૧.૫ કિ.મી. બહાર હોવા છતા શાળાને કોઇ નુકશાન થતુ નથી.
- ગામ લોકો ધરા જાળવણી વધી.
- લોકભાગીદારી વધી.
- ૧૦૦% હાજરી.
- શાળામાંથી એક પણ વિદ્યાર્થી એલ.સી. લઇ ખાનગી શાળામાં ગયો નથી.
- ગુણોત્સવમાં છેલ્લા ૪ વર્ષથી શાળાનો એ-ગ્રેડ.
- શ્રેષ્ઠ એસ.એમ.સી એવૉર્ડ.
- તાલુકા પ્રથમ શાળા, સ્વચ્છતા એવૉર્ડ.
- જિલ્લા દ્વારા શાળાને પ્રશસ્તિ પત્ર.



Scanned with OKEN Scanner

ઈનોવેશનનું નામ : **ગણિત એક અનોખી પૂર્વતૈયારી**

શિક્ષકનું નામ : **હરિઓમગીરી દેવગીરી ગૌસ્વામી**

Mobile : 99985 54156

Email : hariomgoswami1976@gmail.com

શાળાનું નામ : **શ્રી રળોલકુમાર પે. સે. શાળા, તા.લીંબડી, જિ.સુરેન્દ્રનગર.**




## હેતુઓ :

- આ નાનકડી પુસ્તિકા દ્વારા વિદ્યાર્થીઓ ગણિતની એક અનોખી પૂર્વ તૈયારી કરી શકે.
- ધોરણ-૯ અને ૧૦ ની ગણિતની પૂર્વતૈયારી કરી ગણિત સારું શીખી શકે, સારું પરિણામ લાવી શકે.
- વિદ્યાર્થી જેમ જેમ ઉપલા ધોરણમાં જશે તેમ-તેમ તેની ગણિતમાં તકલીફ વધતી જશે, તેનું સરળતાથી નિરાકરણ લાવી શકાય.
- વિદ્યાર્થીનો ગણિતમાં આત્મવિશ્વાસ વધશે, ગણિત શીખવાનો કંટાળો નહીં આવે.
- ગણિત વિષયમાં વધુ સમય ફાળવી, ધારેલું પરિણામ લાવી શકશે.

## કાર્ય પદ્ધતિ :

- ''ગણિત'' એક અનોખી પૂર્વતૈયારી માટે સૌ પ્રથમ વિદ્યાર્થીઓને ગણિત પ્રત્યેનો હાવ દૂર કરવાનો છે. વિદ્યાર્થી જેમ-જેમ ઉપલા ધોરણમાં જાય તેમ-તેમ ગણિતમાં તકલીફ વધતી જાય છે. ગણિત શીખવામાં વધુ સમય ફાળવવા છતાં ધારેલું પરિણામ મળતું નથી. અને ગણિતમાં આત્મશ્વિાસ ઘટશે. ગણિત શીખવાનો કંટાળો આવશે. આ બધાનું કારણ પૂર્વતૈયારીનો અભાવ છે. માટે વિદ્યાર્થીને આ પુસ્તિકા દ્વારા ''એક અનોખી પૂર્વતૈયારી'' દ્વારા ગણિતમાં તૈયાર કરવાના છે.
- વિદ્યાર્થી ૩૦×૧૦=૩૦૦ સુધીના આંક પાકા કરે. વહેલી તકે આ કામ થવું જોઈએ. (દરેક વિદ્યાર્થી ઘડિયા નોટ બનાવી દરરોજ ઘડિયા પાકા કરે.)
- વિદ્યાર્થીઓ છેદ ઉડાડવામાં ભૂલો કરે છે. આ પુસ્તકમાં છેદ ઉડાડવાના મહાવરા માટે ઘણા દાખલા આપેલા છે. વિદ્યાર્થીઓ મહાવરા કરે.
- સરવાળા - બાદબાકી - ગુણાકાર - ભાગાકાર'' ની ક્રિયાઓમાં કચાસ જોવા મળે છે. આ પુસ્તિકા દ્વારા આપેલ સ્વાધ્યાયપોથી આ ક્રિયાઓમાં સરળતા આવશે.
- ''વર્ગ-વર્ગમૂળ અને ઘન-ઘનમૂળ'' તૈયાર કરો. ખુબ જ ઉપયોગી સ્વાધ્યાય દ્વારા શીખશે.
- આપેલ સંખ્યાઓના માંગેલ અવયવો પાડતા શીખે. જેના માટે ઉ.દા. અને સ્વાધ્યાય આપેલ છે. તેનો મહાવરો કરાવવામાં આવે.
- ''ક્ષેત્રફળ અને ઘનફળ'' ને લગતા સૂત્રો મોંઢે કરે.
- 'વર્તુળનો ખ્યાલ'' મળવે. વર્તુળ માટેની બાબતો યાદ રાખે.

## મૂલ્યાંકન :

- વિદ્યાર્થીઓ જેમ-જેમ ઉપલા ધોરણમાં જશે તેમ-તેમ ગણિતમાં તકલીફો વધતી જશે... જે દૂર કરવામાં આ પુસ્તિકા ઉપયોગી થશે.
- વિદ્યાર્થીનો ગણિતમાં આત્મવિશ્વાસ વધશે. ગણિત શીખવાનો કંટાળો નહીં આવે જે આ પુસ્તિકાના મહાવરા દ્વારા આનંદ અનુભવશે.
- ગણિત શીખવામાં વધુ સમય ફાળવી, ધારેલું પરિણામ લાવી શકશે.

## પરિણામ :

- વિદ્યાર્થી ''ગણિત - એક અનોખી પૂર્વતૈયારી'' પુસ્તિકા દ્વારા ગણિત વિષયમાં બરાબર મહાવરો કેળવે છે.
- ઉપલા ધોરણોમાં જરૂરી ગણિત પ્રકરણો બરાબર શીખીને જાય છે. અને ગણિત વિષયનો ડર રહેતો નથી.
- ગણિત વિષય કંટાળાજનક લાગતો નથી અને સારું પરિણામ લાવે છે.
- આ પુસ્તિકાના પૂર્ણ ઉપયોગ કરી વિદ્યાર્થી પ્રાથમિક કક્ષાનું ગણિત બરાબર તૈયાર કરે છે.



Scanned with OKEN Scanner



ઇનોવેશનનું નામ : 'Hi Siri'

શિક્ષકનું નામ : નિમાવત પ્રિયંક વિનોદભાઈ
Mobile : 90162 44406
Email : priyanknimavat@gmail.com

શાળાનું નામ : શ્રી સરકારી માધ્યમિક શાળા, ખેરણા

## હેતુઓ :

- આ પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓમાં અંગ્રેજી બોલવા માટેનો હાવ દૂર કરવો. તથા સ્પષ્ટ અંગ્રેજી ઉચ્ચારણ સાંભળી શકે.
- વિદ્યાર્થીઓ અંગ્રેજી વ્યાકરણ વિષે વધુ શીખે.
- વિદ્યાર્થીઓ ટેક્નૉલોજીનો ઉપયોગ કરતો થાય.

## કાર્ય પદ્ધતિ :

- સૌ પ્રથમ વિદ્યાર્થીઓને Siri or Google Assistant કેવી રીતે ઉપયોગ કરી શકાય છે તે શિક્ષકે જાતે તેમાં પ્રશ્નો પૂછીને સમજાવવું.
- ૨-૨ વિદ્યાર્થીઓના ૬ ગ્રુપ બનાવવા દરરોજ ૧ ગ્રુપને રિશેષ દરમ્યાન ૧૦ મિનિટ આપવી.
- શિક્ષકની મદદથી એવા પ્રશ્નો તૈયાર કરવા જેથી વિદ્યાર્થીઓ જનરલ નૉલેજ અને અંગ્રેજી વાક્ય રચનાનો ખ્યાલ આવે.

જેમકે, (1) What is the temperature ?,
(2) Who is the prime minister of India?
(3) When did India get Freedom?.
આવા પ્રશ્નો દ્વારા વિદ્યાર્થીઓ અંગ્રેજી વાક્ય રચના તથા કાળનો પણ ખ્યાલ આવે તે માટે શિક્ષકે મદદરૂપ થવું.

## મૂલ્યાંકન :

- 'WH' શબ્દોની પ્રશ્નોત્તરી કરીને મૂલ્યાંકન કરવામાં આવે છે.

## પરિણામ :

- પહેલા કુલ ૧૨ વિદ્યાર્થીઓ (ધો.૯, ૧૦), હવે ૨૦ વિદ્યાર્થીઓ (ધો.૯, ૧૦) ભાગ લેવામાં રસ ધરાવે છે.
- અને દરરોજ વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં નવા નવા વાક્ય બનાવીને લાવે છે.
- પહેલા આ વાક્યોમાં વ્યાકરણની ભૂલો હતી જે ધીમે ધીમે સુધારો આવે છે.
- વિદ્યાર્થીઓમાંથી અંગ્રેજી બોલવાનો, સાંભળવાનો અને સમજવાનો ડર દૂર થાય છે.



Scanned with OKEN Scanner

## ઇનોવેશનનું નામ : LET'S READ ENGLISH

**શિક્ષકનું નામ : નીતીનભાઈ પંચાલ**
Mobile : 8238914355
Email : nitinpanchal8049@gmail.com

**શાળાનું નામ શ્રી વડીયા પ્રા. શાળા, તા. સાયલા, જિ.સુરેન્દ્રનગર.**



### હેતુઓ :

- બાળકોનો અંગ્રેજી ભાષા પ્રત્યેનો ભય ઓછો થાય.
- બાળકો અંગ્રેજી ભાષા વાંચતા શીખે.
- બાળકોના આત્મવિશ્વાસમાં વધારો થાય.
- બાળકો અંગ્રેજી ઉચ્ચારણથી પરિચિત થાય.

### કાર્ય પદ્ધતિ :

- ધોરણ-૬ માં આવતા વિદ્યાર્થીઓ અંગ્રેજી વાચનમાં તકલીફ અનુભવે તેથી તેઓ અંગ્રેજી ભાષાને અઘરી સમજી તેનાથી દૂર થતા જાય.
- ૨૦૧૮-૧૯ રજુ કરેલા ઇનોવેશન દરમિયાન શિક્ષકોએ અભિપ્રાય આપ્યા કે બાળકોને વાંચતા આવડતું હશે તો તમારી બનાવેલ ગેમ રમી શકશે.
- વિવિધ તાલીમોમાં પણ શિક્ષકોની એક જ મુંઝવણ બાળકોને અંગ્રેજી વાંચતા કેવી રીતે શીખવવું.
- અંગ્રેજીના ધોરણ-૩ થી શરૂ થતા તમામ પાઠ્યપુસ્તકોનો અભ્યાસ કરતા જણાયું કે ગુજરાતી કે હિન્દી ભાષાની જેમ અંગ્રેજી ભાષામાં વાંચન માટેની કોઇ વિશિષ્ટ પદ્ધતિ તેમજ સામગ્રી પાઠ્યપુસ્તકમાં નથી.
- અંગ્રેજી માધ્યમના પુસ્તકોનો અભ્યાસ કરતા જણાયું કે તેમના પ્રારંભિક પુસ્તકો PHONICS ના ઉપયગ દ્વારા વાંચન કરતા શીખવવામાં આવે છે.
- જેથી વિદ્યાર્થીઓ PHONICS ની મદદથી વાંચતા શીખે તેવી સામગ્રી તૈયાર કરવાનો વિચાર આવ્યો.
- આ વિચારને અનુલક્ષીને જુદા જુદા SOUND આધારિત વિવિધ શબ્દો અને તેના આધારિત વાક્યો રચ્યા જેથી વિદ્યાર્થીઓ સરળતાથી વાંચન કરી શકે.
- દરરોજ વિદ્યાર્થીઓને PHONICS આધારિત આવા શબ્દો તેમજ તે શબ્દો આધારિત વાક્યોનું વાંચન ૧૦ મિનિટ કરાવવામાં આવે છે.
- બાળકો સરળતાથી આવા શબ્દો અને વાક્યો વાંચી શકતા હોવાથી તેઓનો અંગ્રેજી ભાષા તરફ પ્રેમ વધ્યો.


### મૂલ્યાંકન :

- જ્યારે વિદ્યાર્થીઓએ ધો.૬ માં પ્રવેશ મેળવ્યો ત્યારે તેઓ અંગ્રેજી વાંચનમાં મુશ્કેલી અનુભવતા.
- ૩૭ માંથી ૪ જ વિદ્યાર્થીઓ અંગ્રેજી વાંચી શકતા... બાકીના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષા પ્રત્યે ભય હતો.
- પણ આ પ્રયોગની શરૂઆતથી અત્યારે ૮ બાળકો સારું અંગ્રેજી વાંચી શકે છે તેમજ ૧૪ જેટલા બાળકો મધ્યમ અને ૧૫ જેટલા બાળકો ઓછા પ્રમાણમાં અંગ્રેજી વાંચી શકે છે.

### પરિણામ :

- બાળકોની અંગ્રેજી વાંચન ક્ષમતા

| | શરૂઆતમાં | અત્યારે |
|---|---|---|
| VERY GOOD | 1 | 2 |
| GOOD | 3 | 6 |
| AVERAGE | 3 | 14 |
| LOW | 30 | 15 |






Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : **પ્રવૃત્તિ-પ્રોજેક્ટ દ્વારા સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ**

શિક્ષકનું નામ : **યાસ્મિનબેન હુસેનભાઇ વંથલા**

Mobile : 90333 91332

Email :

શાળાનું નામ : **શ્રી પ્રાથમિક શાળા નં.૧, ચુડા, તા.ચુડા, જિ.સુરેન્દ્રનગર.**



## હેતુઓ :

- વિદ્યાર્થીઓ સ્વતંત્ર રીતે વિચારે અને અભિવ્યક્ત કરી શકે.
- વિદ્યાર્થીઓમાં સમાજ વિશેની વિવેચનાત્મક સમજ વિકસિત થઇ શકે.
- વિદ્યાર્થીઓ આસપાસના પર્યાવરણના પારસ્પરિક સંબંધોનું અર્થઘટન કરી શકે.
- વિદ્યાર્થીઓ ઘટનાને કાળક્રમ પ્રમાણે ગોઠવી અને સમજી શકે.

## કાર્ય પદ્ધતિ :

- આ નવતર પ્રયોગ મેં એક વર્ષ પહેલા શરૂ કર્યો હતો. જ્યારે મેં સામાજિક વિષય ભણાવાનું શરૂ કર્યું ત્યારે શરૂઆતમાં બાળકોને સામાજિક વિજ્ઞાનની વિવિધ સંકલ્પનાઓ અને નિભાવનાઓ સ્પષ્ટ થતી નહોતી. નકશાની સંજ્ઞાઓ, પારિભાષિક શબ્દો, વ્યાખ્યા, ઘટનાક્રમ વગેરે બાબતો વારંવાર સમજાવવાં છતાં પરિણામ નહિતવ્ મળતું. શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે જે અભિવ્યક્તિ-પ્રત્યાયનની પ્રક્રિયા થવી જોઇએ તે થઇ શકતી નહોતી. જે બહુ જ મોટી સમસ્યા હતી.
- આ સમસ્યાને નિવારવા માટે મેં બાળકોને સાથે રાખીને વિવિધ પ્રોજેક્ટ, મોડેલ્સ, રૂબરૂ મૂલાકાતો, પ્રવાસ પર્યટન દ્વારા સામાજિક વિજ્ઞાનનું શિક્ષણકાર્ય કરવાની શરૂઆત કરી. નકશાવાચક માટે વિવિધ નકશા આલેખન કરવાની અને સંજ્ઞાઓની સમજ કેળવી અને બાળકો નકશા વાંચન કરતા શીખ્યા. પ્રાચીન ઇમારતો, બાંધકામ, હડપ્પીય સંસ્કૃતિના અવશેષોના વિવિધ મોડેલ્સ-નમૂના બનાવીને તેમને ત્રિપરિમાણીય અવલોકન કરવાની તક મળી, જેથી તે આંખ અને સ્પર્શ દ્વારા પ્રતિકૃતિનું નિદર્શન કરીને તથા અવલોકન કરીને વિવિધ માહિતી મેળવીને પૃથ્થકરણ કરતા થયા.
- ઐતિહાસિક બાબતો સાથે વિદ્યાર્થીઓ તાદાત્મ્ય સાધી શકતા નહોતા. ત્યારે મને પુસ્તકની માહિતી પૂરતી ન લાગતા તેનાં સંદર્ભગ્રંથો, વર્તમાનપત્રો, સામયિકો તથા ઇન્ટરનેટ દ્વારા પ્રમાણભૂત માહીતીનો ઉપયોગ કરીને મેં બાળકોની ઇતિહાસથી અવગત કર્યા. પોતાના ઇતિહાસની ભવ્યતા અને દિવ્યતા વિશે જાણવાની જિજ્ઞાશા ઊભી કરવામાં મને સફળતા મળી છે.
- ભારતીય સંસ્કૃતિના જૂનામાં જૂનાં અવશેષો હડપ્પીય સભ્યતાના છે. આપણી એકમાત્ર સંસ્કૃતિ છે. જેના પ્રમાણભૂત પ્રમાણો મળે છે. જેની સંસ્કૃતિને જાણવી તે આપણે જાણવી જરૂરી છે. તેની નગરરચના, ગટરયોજના, પહેરવેશ, વ્યવસાયની વિવિધ માહીતી મોડેલ્સ દ્વારા, ચિત્રો દ્વારા, વિડીયો દ્વારા બતાવીને ભારતીય સંસ્કૃતિના ગૌરવ બાળકો લે છે. સરકાર, સરકારનાં અંગો, મૂળભૂત હક્ક અને ફરજો, ચૂંટણી, પંચાયતી રાજ વગેરેની માહિતી તથા પ્રાદેશિક માહીતી આપીને ભારતના ભાવિ નાગરીક તરીકે વિદ્યાર્થીનું ઘડતર સરળતાથી કરી શકાયું છે. ભૌગોલિક પરિસ્થિતિની માહીતી આપવા માટે વિશાળ ફલકને નાના ફલક પર સમજાવવા માટે નકશાની વિવિધ સંજ્ઞાઓ, તેની ભૌગલિક પરિસ્થિતિ, પૃથ્વીનો ગોળો વગરેની માહિતી નકશાપૂર્તિ કરવાની બાળકોને સરળતાથી સમજાવી શકાય છે. ભૌગોલિક વિશિષ્ટતાની માહિતી અને વિવિધતામાં એકતાની માહિતી સરળતાથી અને રસપ્રદ રીતે આપી છે.

## મૂલ્યાંકન :

- વર્ષ-૨૦૧૮ માં ધોરણ ૬ થી ૮ માં કુલ ૨૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. જેમાંથી ૩૦ ટકા વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનની વિવિધ સંકલ્પનાઓ, વિભાવનાઓ, સંજ્ઞાઓ, પારિભાષિક શબ્દો, નકશાપૂર્તિ વગેરે સરળતાથી સમજી શકતા હતા. પરંતુ ૭૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનની વિવિધ બાબતો સમજી શકતા નહોતા. આ નવતર પ્રયોગને કારણે આજે ધોરણ ૬ થી ૮ ના ૭૫ ટકા વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનની અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરી શકે છે.

## પરિણામ :

- વિદ્યાર્થીઓમાં જૂથભાવનાનો વિકાસ થયો.
- સામાજિક વિજ્ઞાન પ્રત્યે હકારાત્મક વલણ જોવા મળે છે.
- વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક વારસાનું ગૌરવ અનુભવશે.
- વિદ્યાર્થીઓમાં વસુધૈવકુટુંબકમ જેવા ભાવનાનો વિકાસ થશે.
- નકશાની મદદથી પ્રમાણમાપ, અંતર, સ્થળ, સંજ્ઞા વિશે જાણી શકે છે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ થકિ અનિયમિતતામાંથી નિયમિતતામાં પરિવર્તન અને શાળાનાડીઝિટલ માધ્યમથી નવીન પ્રવૃત્તિઓનો પ્રચાર-પ્રસાર

શિક્ષકનું નામ : જયેશકુમાર નાથાલાલ પઢારીયા
Mobile : 99784 34360
Email : jnpadhariya@gmail.com

શાળાનું નામ : શ્રી સરકારી માધ્યમિક શાળા, રાવળિયાવદર, તા.ધ્રાંગધ્રા.



## હેતુઓ :

- શાળાના વિદ્યાર્થીઓમાં ૧૦૦% નિયમિતતા આવે.
- વિવિધ પ્રકારની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ થકી શાળાના વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓ ખીલે.
- વિદ્યાર્થીઓના વાલીઓ અને શાળા વચ્ચે સાયુજ્ય સ્થપાય.
- બાળકોમાં મૂલ્ય શિક્ષણ અને સંસ્કારોનું સિંચન થાય.
- એસ.એસ.સી. બૉર્ડના પરિણામમાં સુધારો આવે.

## કાર્ય પદ્ધતિ :

- શાળાના વિદ્યાર્થીઓની અનિયમિતતાને ધ્યાનમાં રાખીને મેં આ ઇનોવેશન હાથ ધરેલું છે.
- કોઇપણ સરકારી શાળાનો પ્રશ્ન પ્રથમ તો બાળકને શાળા સુધી લાવવાનો હોય છે.
- તો સૌપ્રથમ દરેક વિદ્યાર્થીઓના વાલીઓના સંપર્ક નંબર મેળવીને ક્યુ.આર. કોડવાળા આઇ-કાર્ડસ દરેક વિદ્યાર્થીઓને આપીને દરરોજ શાળામાં તેના વડે હાજરી પૂરી તેનો તારીખ, સમય અને સ્થળ સાથેનો મેસેજ તેના વાલીને મળે છે. જેથી વાલીને બાળક શાળાએ પહોંચ્યો છે તેની માહિતી મળે છે.
- વિદ્યાર્થી શાળાએ આવ્યા પછી તેને શાળા પ્રત્યે હકારાત્મકતા વિકસાવવા માટે શાળા દ્વારા ૩૫ જેટલી સહ-અભ્યાસિક પ્રવૃત્તિ કરવામાં આવે છે અને વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- આ બધી પ્રવૃત્તિઓની શાળા ડીઝિટલ માધ્યમ થકી સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓ, શિક્ષકો સુધી પહોંચાડવામાં આવે છે.

## મૂલ્યાંકન અને પરિણામ :

- શાળાના વિદ્યાર્થીઓની નિયમિતતામાં પહેલા કરતા પરિવર્તન જોવા મળ્યું.
- વાલીઓ પણ વિદ્યાર્થીઓની હાજરી પ્રત્યે જાગૃત થયા છે.
- શાળાના બધા જ વિદ્યાર્થીઓ પોતપોતાની રસ-રૂચિ પ્રમાણે જુદી જુદી સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લઇ પોતાનું કૌશલ્ય દાખવે છે.
- શાળાના ડીઝિટલ માધ્યમ થકી હજારો વિદ્યાર્થીઓ શાળાના ફેસબુક પેજ, બ્લોક અને યુ-ટ્યુબ ચેનલને નિહાળે છે.
- જેથી શાળાની આ પ્રવૃત્તિઓ અને પરિણામને ધ્યાનમાં લઇને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરેન્દ્રનગર દ્વારા શાળાને જિલ્લાની પ્રથમ ક્રમાંકની શ્રેષ્ઠ શાળા તરીકેનો એવૉર્ડ પણ એનાયત કરવામાં આવેલ છે.



Scanned with OKEN Scanner




**ઇનોવેશનનું નામ : મારી સાથે મારો ગણિત ભોમિયો**

**શિક્ષકનું નામ : મીરાં પ્રવિણચંદ્ર ચૌહાણ**

Mobile : 99042 53600
Email : meera72857@gmail.com

**શાળાનું નામ : શ્રી રાજપર કન્યા પે. સેન્ટર પ્રાયમરી સ્કૂલ, રાજપર, તા.વઢવાણ**


## હેતુઓ :

- ધોરણ ૬ થી ૮ના ગણિત વિષયનું સાહિત્યનું નિર્માણ કરવું.
- ગુણવત્તા સાથે ગણિત શિક્ષણની કામગીરી સમયસર પૂર્ણ કરવી.
- ગણિતનાપુનરાવર્તન, દ્રઢીકરણ અને સંદર્ભ આપવામાં સમયનો યોગ્ય ઉપયોગ કરવો.

## કાર્ય પદ્ધતિ :

- ૨૦૧૮ના વર્ષમાં ધોરણ ૬ થી ૮ માં એન.સી.ઇ.આર.ટી. નો અભ્યાસક્રમ લાગુ પાડ્યા બાદમાં ધોરણ ૬ થી ૮ કુલ ૬૩ વિદ્યાર્થીને અભ્યાસક્રમ પૂરો કરવામાં શિક્ષકે ઘણી મુશ્કેલી અનુભવી.
- જેમાં ગણિતના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીને પૂરતા દાખલાનો મહાવરો ન થયો. ગણિતના કેટલાક એકમોનું પુરતું પુનરાવર્તન ન થયું, વિદ્યાર્થીઓ ગણિતના કેટલાક એકમોની પુરતી સમજ કેળવી ન શક્યા. વગેરે જેવી મુશ્કેલીઓ અનુભવાઇ.
- આ સમસ્યાના ઉકેલ માટે શિક્ષકે નવા વર્ષમાં શિક્ષકે ધોરણ-૬ થી ૮ નાં કુલ ૬૧ વિદ્યાર્થીઓ માટે એક નવતર પ્રયોગનો વિચાર કર્યો. જેમાં વિદ્યાર્થીઓને પ્રથમ સત્ર ગણિતના દરેક એકમોના સ્વાધ્યાય કાર્યોના ઉત્તર સાથે સ્વ હસ્તે લખેલ સાહિત્યની નકલ દરેક વિદ્યાર્થીને આપી. જે સાહિત્યમાં દરેક દાખલાની ગણતરી હતી, કેટલીક સરળ રીત હતી તેમજ વિદ્યાર્થીને યાદ રહે તે માટે કેટલીક જગ્યા પર હિન્ટ પણ આપવામાં આવી હતી.
- શિક્ષક સૌ પ્રથમ ગણિતના એકમની શરૂઆત કરતા પહેલા જે તે એકમની સંપૂર્ણ જાણકારી આપવામાં આવી અને ત્યારબાદ સ્વાધ્યાયના પ્રત્યેક દાખલાની ગણતરી કરવાને બદલે એક અથવા બે દાખલાની ગણતરી કરી અને ત્યારબાદ વિદ્યાર્થીને શિક્ષકે જે સાહિત્ય આપેલ છે તે સાહિત્યમાંજ શિક્ષકે વિદ્યાર્થીને દાખલાની ગણતરી સમજાવી.
- જરૂર પડ્યે બોર્ડમાં ગણતરી કરી સમજુતી આપી અને કેટલુંક સ્વાધ્યાય વિદ્યાર્થીને જાતે કરવા ગૃહકાર્યમાં આપવામાં આવ્યો.
- આ પ્રયોગથી વર્ષના અંતે શિક્ષક અને વિદ્યાર્થીઓએ અગાઉના વર્ષે અનુભવેલી સમસ્યાનું નિરાકરણ આવ્યું.
- તમામ વિદ્યાર્થીનો પ્રથમ સત્રનો ગણિતનો અભ્યાસક્રમ સમયસર પૂરો થયો. વિદ્યાર્થીને પ્રત્યેક એકમનું પુનરાવર્તન થયું.
- વિદ્યાર્થી સ્વ ગતિએ શીખી શક્યા.

## મૂલ્યાંકન :

- મંદ અધ્યેતા ગણિતમાં રસ લતા થયા.
- અધ્યેતામાં આત્મવિશ્વાસ વધેલ જણાયો.
- ગણિત વિષયનો કોર્ષ ભાર વિના સમયસર પૂર્ણ થયો.
- બચેલ / વધેલ સમયનો ગણિતમાં મહાવરો, ગણતરી અને અન્ય સંદર્ભમાં ઉપયોગ થયો.

## પરિણામ :

- પ્રસ્તુત પ્રયોગના પરિણામો ખુબ સારા જોવા મળ્યા. જેમાં ગણિતના એકમો જે પુરા કરવામાં ઘણો સમય જતો તો તે યોગ્ય રીતે તૈયાર થયેલ સાહિત્યની મદદ વડે જરૂરી સમયમાં પૂરું કરી શક્ય.
- એકમોનું જરૂરી પુનરાવર્તન થયું, કાપા કાર્યમાં ક્યારેક વધુ સમયનો વ્યય થતો હતો જે નિયંત્રિત કરી શક્યા.
- વિદ્યાર્થી પોતે ઘરે જઇ પોતાની ગતિથી આગળ વધી શક્યા. દરેક એકમને યોગ્ય ન્યાય આપી શકાયો. વિદ્યાર્થી માટે ગણિત રસપ્રદ વિષય બન્યો.



Scanned with OKEN Scanner



ઇનોવેશનનું નામ : **સઘન વાલી સંપર્ક અભિયાન**

શિક્ષકનું નામ : **દેવશીભાઇ કાનજીભાઇ રાતડીયા**

Mobile : 99793 80529

Email : devshiratadiya@gmail.com

શાળાનું નામ : **શ્રી જેસડા પે. સેન્ટર શાળા, તા.ધ્રાંગધ્રા, જિ.સુરેન્દ્રનગર**

## હેતુઓ :

- જેસડા પે.સે. શાળામાં ધોરણ-૧ થી ૮ માં કુલ ૪૧૦ બાળકો અભ્યાસ કરે છે તે પૈકી ધોરણ ૧ થી ૮ માં ૩૨ બાળકો અનિયમિત અને સતત ગેરહાજર રહેતા જેની સીધી અસર શાળાના શૈક્ષણિક સ્તર પર વર્તાઇ આવતી. મારી જરૂરિયાતવાળા બાળકોની યાદીમાં પણ મોટાભાગે આવા અનિયમિત અને સતત ગેરહાજર બાળકોનો જ સમાવેશ થતો હતો. જે બાળકો શાળાએ નિયમિત આવે છે તેમના સર્વાંગીણ વિકાસમાં ક્રમશઃ નોંધપાત્ર સુધારો જોવા મળતો હતો. પરંતુ શાળાના શૈક્ષણિક સ્તરમાં સુધારો લાવવા માટે આવા બાળકો શાળાએ નિયમિત આવતા થઇ જાય તો શાળા ખરા અર્થમાં જીવંત બની રહે માટે આવા બાળકોને શાળાએ નિયમિત આવતા કરવાનો વિચાર આવ્યો.

## કાર્ય પદ્ધતિ :


- જેસડા પે. સે. શાળામાં ધોરણ ૧ થી ૮ માં કુલ ૪૧૦ બાળકો અભ્યાસ કરે છે તે પૈકી ધોરણ ૧ થી ૮ માં ૩૨ બાળકો અનિયમિત અને સતત ગેરહાજર રહેતા. જેની સીધી અસર શાળાના શૈક્ષણિક સ્તર પર વર્તાઇ આવતી. એકમ કસોટી, સત્રાંત પરિક્ષા, વાર્ષિક પરિક્ષા, મારી જરૂરિયાતવાળા બાળકો (પ્રિય બાળકો)ની યાદીમાં પણ મોટાભાગે આવા અનિયમિત અને સતત ગેરહાજર બાળકોનો જ સમાવેશ થતો હતો. આવા બાળકોનો વર્ગ શિક્ષકો દ્વારા વારંવાર વાલી સંપર્ક કરવામાં આવતો અને વાલી પણ કાલે મોકલીશું એવો જવાબ આપતા અને બાળકને એકાદ-બે દિવસ મોકલે અને બાળક પરાણે આવે અને વળી પાછું હતું એમ ને એમ આ માટે શાળાના તમામ શિક્ષકોની સાથે શાળાના આચાર્યશ્રી અલ્પેશભાઇ વી. પટેલ દ્વારા સતત પ્રયત્નો થતા શાળાના આચાર્યશ્રી દ્વારા શાળાના જાહેર કાર્યક્રમો, વાલી મીટીંગ, એસ.એમ.સી. સભ્યોની મીટીંગમાં અવારનવાર ટકોર કરવામાં આવતી. પરંતુ આવા બાળકોના વાલીઓની શિક્ષણ પ્રત્યેની અજ્ઞાનતા અને કૌટુંબિક જવાબદારીના કારણે પરિણામલક્ષી કાર્ય થઇ શકતું ન હતું.

## મૂલ્યાંકન :

- પહેલા ધોરણ ૧ થી ૮ માં ૩૨ બાળકો અનિયમિત અને સતત ગેરહાજર રહેતા. જ બાળકો શાળાએ નિયમિત આવે છે તેમના સર્વાંગીણ વિકાસમાં ક્રમશઃ નોંધપાત્ર સુધારો જોવા મળતો હતો. પરંતુ શાળાના શૈક્ષણિક સ્તરમાં સુધારો લાવવા માટે આવા બાળકો શાળાએ નિયમિત આવતા થઇ જાય તો શાળા ખરા અર્થમાં જીવંત બની રહે માટે આવા બાળકોને શાળાએ કોઇ પણ ભોગે નિયમિત આવતા કરવાનો વિચાર આવ્યો અને આ બાબતને મેં શાળા આચાર્ય સમક્ષ નવાચાર સ્વરૂપે મૂકી.
- સઘન વાલી સંપર્કના શીર્ષક હેઠળ ઝુંબેશ સ્વરૂપે આ કામગીરી કરવાનો પ્રસ્તાવ મુક્યો અને આ નવાચાર શાળાના આચાર્ય, તમામ શિક્ષકો, માલવણ સી.આર.સી. કો.ઓ. નેટર અને એસ.એમ.સી. સભ્યોએ સહર્ષ સ્વીકાર્યો.
- અને પછી કોઇ એક નિશ્ચિત સમયે વાલીઓ ઘરે મળી રહે તેવા સમયે શાળા આચાર્ય, ૫૦% શિક્ષકો, સી.આર.સી.કો.ઓ. અને એસ.એમ.સી. સભ્યો સાથે મળીને સઘન વાલી સંપર્કમાં નીકળતા. આની અસર વાલી અને બાળક પર વિશેષ જોવા મળતી. એકસાથે ૧૫ માણસોનો કાફલો જોઇ વાલીને પણ એમ થાય કે આટલા બધા લોકો મારા બાળકની ચિંતા કરે છે તો મારે બાળકને શાળાએ મોકલવું જોઇએ. અને આમ કરતા કરતા ૩૨ બાળકો અનિયમિત અને સતત ગેરહાજર બાળકો પૈકી ૧૮ બાળકો શાળાએ નિયમિત આવતા થયા અને હજુ પણ અવિરત પ્રયત્નો ચાલુ છે.

## પરિણામ :

- કોઇપણ શુભ કાર્યની શરૂઆત જ હંમેશા અઘરી હોય છે. પરંતુ તેમાં યોગ્ય આયોજનથી નિરાશ થયા વગર સતત પ્રયત્નો કરવામાં આવે તો સારા પરિણામો મળે છે. આવા બાળકોને સૌ પ્રથમ તો શાળામાં આવવું ગમે, રોકાવું ગમે અને ભણવું ગમે તે માટે શિક્ષકો દ્વારા ખાસ ધ્યાન રાખવામાં આવતું. પરિણામ સ્વરૂપે બાળકો ભાર વિનાના ભણતરની અનુભૂતિ કરતા અન આવા બાળકોને શાળાની નાની મોટી જવાબદારીઓમાં સામેલગીરી કરવામાં આવી. જેથી તેઓ નિયમિત આવતા થયા અન બાળકોના વર્તન પરિવર્તનથી વાલીઓમાં બાળકોને શાળાએ મોકવાનો ઉત્સાહ વધ્યો અને ૩૨ બાળકોમાંથી ૧૮ બાળકો શાળાએ નિયમિત આવતા થયા જે આપેલ વર્તુળ આલેખ દ્વારા જોઇ શકાય છે.






Scanned with OKEN Scanner



“ શીખવવાની સાચી પ્રક્રિયાનો પ્રથમ સિદ્ધાંત એ છે કે
કશું જ શીખવી શકાય નહીં.
જ્ઞાન બાળકોમાં પહેલેથી જ સુષુપ્તાવસ્થામાં રહેલું જ છે.
જેથી શિક્ષક એ એક સહાયક અને માર્ગદર્શક છે.
શિક્ષકની ભૂમિકા સૂચવવા અને લાદવાની નથી. ”

– શ્રી અરવિન્દ

9 781234 567897

Scanned with OKEN Scanner